श्री श्री कैलाससागर सूरि ज्ञानमंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा,
जि. गांधीनगर, पिन-382009

# ગુણસ્થાન દર્પણ

:: લેખક ::

અધ્યાત્મયોગી ન્યાયતીર્થ શ્રી મનોહરલાલ વર્ણી
(શ્રીમત્ સહજાનંદ મહારાજ)

:: અનુવાદક ::

વકીલ હિંમતલાલ વરજીવનદાસ શાહ
બી. એ. એલ એલ. બી; બોરસદ (ખેડા)

:: સંપાદક ::

કપિલભાઇ તલકચંદ કોટડિયા
એમ. એ. એલ એલ બી.
ઉપાધ્યક્ષ, શ્રુ. દિ. જૈન સિ. સંરક્ષિણી સભા,
હિંમતનગર.

મહાવીર જયંતિ
તા. ૨૪-૪-૭૫
[૨૫૦૧]

પ્રત : ૧૦૦૦

મુલ્ય : બે રૂપિયા

**સંપાદકના બે બોલ:-**

પુજ્ય છોટે વર્ણીજીનું જ્યારે અમદાવાદમાં ચાર્તુમાસ થયું ત્યારે ગુજરાતની જનતા ને તેમના અગાધ જ્ઞાનનો પરિચય થયો અધ્યાત્મ ઝરતી તેમની વાણી ગુજરાતના ઘેર ઘેર પહોંચે તો સારૂ તેવો ભાવ જાગ્યો અને પરિણામે ગુજરાત પ્રાંતીય સહજાનંદ સાહિત્ય મંદિરનો જન્મ થયો.

આ સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં ત્રણેક પુસ્તકોનો ગુજરાતી અનુવાદ પ્રગટ થઈ ગયેલ છે. આ ચોથું પુસ્તક છે તેને ગુજરાતીમાં ઉતારવાની શ્રી હરજીવનભાઈએ પોતાની જૈફ ઉંમરે પણ જે તસ્દી લીધી છે છે બદલ તેમનો સંસ્થા આભાર માને છે.

અનેક પ્રતિકુળતાઓ, પ્રેસ કામદારોની હડતાલો કાગળો અને છાપવાના આસ્માને ચઢેલા ભાવો છતાં લાંબા ગાળે પણ આપની સમક્ષ આ પુસ્તક રજુ કરી શકવાનો આનંદ છે પ્રુફ સુધારવાની ઘણી કાળજી રાખી છે છતાં નવા નવા કામદારોની બીન આવડતને કારણે ભુલો રહી ગઈ છે તો ભુલો સુધારીને સૌ વાંચે તેવી વિનંતી છે.

"આત્મસંબોધન" નું ગુજરાતી તૈયાર છે તે પણ પ્રગટ કરી સ્વાધ્યાયપ્રેમી જનતા સમક્ષ મુકવાનો ઈરાદો છે. સખી દાતારોને તે માટે અપીલ છે કે તેઓ યથાશકિત દાન આપી આ કાર્યમાં સાથ અને સહકાર આપે.


૩, બાર બંગલા, લિ,

હિંમતનગર. કપિલ કોટડિયા

(ગુજરાત) સંપાદક

'જૈન શાસન' માસિકના તથા આ "ગુણસ્થાન દર્પણ" ના

# પ્રસ્તાવના

અધ્યાત્મયોગી ન્યાયતીર્થ પૂજ્યશ્રી મનોહરજી વર્ણી શ્રીમત્ શ્રી સહજાનંદ મહારાજ' લિખિત ગુણસ્થાન દર્પણ નામના હિંદી પુસ્તકનો ગુજરાતી ભાષામાં આ અનુવાદ કરેલો છે આની પાછળનો આશય એ છે કે ગુજરાતીભાષી જૈન અને જૈન તરભાઈ બહેનો આ વાંચી આ મહાન અગત્યના વિષયનું જ્ઞાન પ્રાપ્ત કરે અને આત્મલાભ સારી રીતે પ્રાપ્ત કરી શકે

મોહ અને યોગના નિમિત્તથી સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ આત્માના ગુણોની તારતમ્યરૂપ અવસ્થા વિશેષને ગુણસ્થાન કહે છે મારા અનુવાદમાં જ્યાં ત્યાં મને કઠીન તથા પારિભાષિક શબ્દો સહેલાઈથી સમજી ન શકાયા તેના અર્થ અને સમજુતિ બીજા ધાર્મિક પુસ્તકોમાંથી આપવા પ્રયત્ન કર્યો છે જેથી વાચકને આ ગહનવિષયને સમજવા મદદ રૂપ થાય જૈન દર્શનમાં ગુણસ્થાન વિષય એ ઘણોજ મહત્વનો વિષય છે અને આત્મ ભાવની શુદ્ધિ વિશેષને વિશેષ પ્રાપ્ત કરવા આત્માની મલિનતા કર્મરૂપી અશુદ્ધત્તા દુર કરવા આ અનુપમ ધ્યાન અને ચિંતનનો વિષય છે જેને સમજી અમલમાં મુકવાથી જીવ ઉત્તરોત્તર આત્મ શુદ્ધિ પ્રાપ્ત કરવા શકિતમાન બને છે અને જેમ

જેમ તેની શુદ્ધતા વધતી જાય છે તે તે દરજ્જો બતાવતાં ૧૯ ગુણસ્થાનો યાને શુદ્ધતાની શ્રેણી-નિસરણી-નાં પગથિયાં છે જે પગથીઆં દઢ શ્રદ્ધાથી રત્નત્રયમાં મકકમપણે નિશ્ચલરહી આગળને આગળ શ્રેણી પર ચઢતાં ધીર વીર આત્મશુદ્ધિ ક્રમેક્રમે પ્રાપ્ત કરી કર્મમલ સર્વથા દૂર થએથી વિજયીબની કેવલ જ્ઞાન પ્રાપ્ત કરી ગણાતીત થઈઅંતે સર્વથા કર્મ મુકત થઇ સિદ્ધત્વને પ્રાપ્ત કરવા શકિતમાન બને છે આ વિષયની લેખકે આ પુસ્તકમા વિસ્તાર પૂર્વક સારી સમજણ આપી છે આશા છે કે સમાજ આનો ઉત્સાહ પુર્વક સારો લાભ ઉઠાવશે આ અનુવાદમાં મારી જે કંઇ ક્ષતિઓ વાચકને જણાય તે ક્ષમ્ય ગણી તેની મને જાણ કરવા વિનંતી છે.

આ પહેલાં હિંદીમાંથી ગુજરાતીમાં અનુંવાદ કરેલાં મારા સાત પુસ્તકો ભગવાન મહાવીર (સંક્ષિપ્ત) શ્રીપાલ ચરિત્ર ભુદર દાસ રચિત પાર્શ્વનાથ પુરાણનો અનુવાદ જૈન સિદ્ધાંત શિક્ષિકા ભાગ ૧-૨ ભગવાન રુષભ દેવ અને સુલોચના ચરિત્ર દિગંબર જૈન પત્રના ગ્રાહકોને ભેટ મળી ગયાં છે આ અનુવાદનો મારો પ્રયાસ પણ પહેલાના અનુવાદો માફક સારા અવકારને પાત્ર થશે અને સમાજ તેનો સારો લાભ લેશે એવી આશા છે

અધ્યાત્મયોગી વર્ણીજી શ્રી સહજાનંદ મહારાજના શૂભાશિર્વાદનું હંમેશાં કૃપાપાત્ર બનું એજ અભિલાષા.

બોરસદ (જી. ખેડા) | વકીલ હિંમતલાલ હરજીવનદાસ
તા. ૧-૯-૭૫ | બી. એ. (ઓનર્સ) એલ.એલ.બી.

ॐ નમઃ સિદ્ધેભ્યઃ

# ગુણસ્થાન દર્પણ

## પૂર્વ ભૂમિકા

गुणस्थानेषु सर्वेषु गतानामाश्रयं शिवम् ।
अभिन्नं सहजं सिद्धं चित्स्वभावं नमाम्यहम् ॥

**અર્થઃ**—સર્વ ગુણસ્થાન પ્રાપ્ત જીવોના મૂળ આધાર, કલ્યાણ સ્વરૂપ, અભિન્ન, સહજ સ્વતઃસિદ્ધ ચિત્સ્વભાવને હું નમસ્કાર કરૂં છું.

આ જગત્—અનંતાઅનંત જીવો—અનંતા અનંત પુદ્ગલો, એક ધર્મ દ્રવ્ય, એક અધર્મ દ્રવ્ય, એક આકાશ દ્રવ્ય અને અસંખ્યાત કાલ દ્રવ્ય—એ બધા અનંતા અનંત પદાર્થોનો સમૂહ છે.

જે અનાદિ, અનંત સ્વતઃ સિદ્ધ છે તથા જે પરથી અત્યંત ભિન્ન અને પોતાનામાં અભિન્ન છે તે પદાર્થ છે. પદાર્થ પોતાના જ દ્રવ્ય, પ્રદેશ, પરિણતિ અને શક્તિથી

છે, કોઇ બીજાના દ્રવ્ય, પ્રદેશ, પરિણતિ અને શકિતથી નથી. પદાર્થ હરેક સમયે પરિણમન કર્યા કરે છે. જે પરિણમન છે તેને પર્યાય કહે છે, જે શકિતનું પરિણમન છે તેને ગુણ કહે છે. અને એકજ સ્થળે રહેનારા સર્વ ગુણોનો જે અભિન્ન આધાર છે તેને પદાર્થ અથવા દ્રવ્ય કહે છે. ઉપર કહેલા સર્વ પદાર્થોમાં નિર્વિવાદપણે આ લક્ષણ હોય છે.

આ સર્વ પદાર્થોમાં જીવ પણ દ્રવ્ય છે અને તે અનંતા અનંત છે. દરેક જીવમાં અનંત શકિત રહેલી છે. શકિતને ગુણ કહે છે. અહિંયાં એ નિશ્ચય કરવો જોઇએ કે પ્રત્યેક જીવમાં અનંત ગુણ છે. એ બધા ગુણોમાં ત્રણ પ્રધાન ગુણોનું અહિં વર્ણન કર્યું છે – દર્શન (શ્રદ્ધા), જ્ઞાન અને ચારિત્ર, તે ગુણો પૈકી જ્ઞાન ગુણનો વિકાર નથી થતો. પરંતુ જ્ઞાનનું ઓછું થવું–વધારે થવું–પૂર્ણપણે થવું એ દશાઓ થાય છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધીના સહચારીપણા યાને સહયોગને લીધે જ્ઞાનના કુમતિ, કુશ્રુત અને કુઅવધિ એ ત્રણ અપ્રશસ્ત (બુરા) પ્રકાર ઉપચારથી કહેવામાં આવ્યા છે. વિકારતો દર્શન અને ચારિત્ર ગુણમાં થાય છે અને પાછળથી તે રહિતપણેપણ શુદ્ધ પરિણમે છે.

શ્રદ્ધા–પ્રતીતિ (દૃઢ વિશ્વાસ)ને દર્શન કહે છે અને ચારિત્ર પરિણમનમાં રત રહેવાને યાને રમણ કરવાને ચારિત્ર કહે છે. જીવના દર્શન, ચારિત્રનો તીવ્ર વિકાર પણ થાય

છે—મંદ વિકાર પણ થાય છે કદી (કોઈ વખત) દર્શનનું શુદ્ધ પરિણમન થાય છે અને ચારિત્રનો વિશેષ વિકાર થાય છે, અથવા મંદ વિકાર થાય છે. કોઈ વખત દર્શન ચારિત્ર બંન્નેના શુદ્ધ પરિણામ થઇ જાય છે. આ વિગેરે વિશેષતાઓને લીધે ગુણોના વિધવિધ પ્રકારના પરિણામો થઇ જાય છે. આ ગુણોના આ સર્વ પરિણામોને વિધવિધ પ્રકારનાં સ્થાનીય પરિણામો કહે છે, જેમને 'ગુણસ્થાન' શબ્દની સંજ્ઞા આપવામાં આવી છે.

આ ગુણસ્થાનો અગણિત છે, તો પણ તેમને સમજાવવા માટે આ પરિણામોનો કોઇ અપેક્ષાથી સમસ્ત ભાવોનો સંગ્રહ કરીને સર્વજ્ઞ પરંપરાથી વીતરાગી મહર્ષિઓએ તેમને ૧૪ પ્રકારના બતાવ્યા છે. આ ગુણસ્થાનોના વિષયના સિદ્ધાંતોથી અપરિચિત બંધુઓને પણ આ ગુણસ્થાન વિષયનું જ્ઞાન થાય એ ભાવના ધ્યાનમાં રાખી બંધુઓ પોતાના ઉપયોગને દુરૂપયોગથી બચાવે તે માટે આ યત્ન છે. આમાં તેઓ કઠીનતા અનુભવી આ વિષયથી વિમુખ ન થઈ જાય તે કારણથી આ વિષયનું સંક્ષેપમાં જ વર્ણન કરવામાં આવશે.

## ગુણસ્થાન

મોહ અને યોગના નિમિત્તથી આત્માના દર્શન અને ચારિત્ર ગુણમાં થવાવાળી અવસ્થાઓને ગુણસ્થાન કહે છે.

આ ગુણ સ્થાનોમાં કોઇ તો મોહના ઉદયથી થાય છે, કોઇ મોહના ઉપશમથી થાય છે, કોઈ મોહના ક્ષયોપશમથી તથા કોઇ મોહના ક્ષયથી થાય છે તથા કોઇ મોહની અપેક્ષા વગર તથા કોઇ યોગના હોવાપણાને લીધે તથા કોઈ યોગના અભાવથી થાય છે. આ બધા પ્રકારોને નિમિત્ત કહે છે. હવે કોઇ વખત નિમિત્ત હોવાને કારણે (સદ્‌ભાવ-રૂપ) હોય છે, અને કોઈ વખત નિમિત્ત વિના (અભાવરૂપ) હોય છે. અર્થાત્ કોઇ વખત નિમિત્ત કારણ અસ્તિત્વમાં હોય છે અને કોઇ વખત નિમિત્ત કારણ અસ્તિત્વમાં હોતું નથી. ગુણસ્થાન ૧૪ આ પ્રમાણે છે:— (૧) મિથ્યાત્વ (૨) સાસાદન સમ્યક્ત્વ (૩) સમ્યગ્મિથ્યાત્વ (૪) અવિરત સમ્યક્ત્વ (૫) દેશવિરત (૬) પ્રમત્તવિરત (૭) અપ્રમત્ત-વિરત (૮) અપૂર્વકરણ (૯) અનિવૃત્તિકરણ (૧૦) સૂક્ષ્મ-સામ્પરાય (૧૧) ઉપશાન્તકષાય (૧૨) ક્ષીણકષાય (૧૩) સયોગકેવલી (૧૪) અયોગકેવલી. આમાં ઉપશમ શ્રેણી ઉપર ચઢાવાવાળા સાધુઓના પરિણામોનાં નામ પણ અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સૂક્ષ્મ સામ્પરાય છે. અને ક્ષપક શ્રેણી ઉપર ચઢવાવાળા સાધુઓના પરિણામોનાં નામ પણ અપૂર્વ કરણ, અનિવૃત્તિ કરણ અને સુક્ષ્મ સામ્પરાય છે. ગુણસ્થાનનું બીજું નામ જીવસમાસ પણ છે. જેમાં જીવ સારી રીતે રહે છે તેને જીવસમાસ કહે છે. જીવ ગુણોમાં, ભાવોમાં રહે છે, તે ગુણ પાંચ છે — ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને પરિણામિક કર્મોના ક્ષયથી થવાવાળા ભાવને ક્ષાયિક ભાવ કહે છે. કર્મોના ઉદયથી

થવાવાળા ભાવને ઔદયિકભાવ કહે છે. કર્મોના ઉપશમથી થવાવાળા ભાવને ઔપશમિક ભાવ કહે છે. કર્મોના ક્ષયોપશમથી થવાવાળા ભાવને ક્ષયોપશમિક ભાવ કહે છે, અને કર્મોના ઉદય, ઉપશમ, ક્ષય, ક્ષયોપશમની અપેક્ષા વિના જે ભાવ ઉત્પન્ન થાય છે તે ભાવને પારિણામિકભાવ કહે છે. આ ભાવોના સહચારીપણાને લીધે આત્માની પણ ગુણ સંજ્ઞા હોય છે. ઉપર જણાવેલા ગુણસ્થાનોમાં આ ભાવ છે.

આ ગુણસ્થાનોના યોગથી આત્માનાં પૂરાં નામ આ પ્રમાણે થાય છે:—(૧) મિથ્યાદષ્ટિ, (૨) સાસાદન સમ્યગ્-દૃષ્ટિ, (૩) સમ્યગ્મિથ્યાદષ્ટિ, (૪) અસંયત સમ્યગ્દષ્ટિ, (૫) સંયતાસંયત, (૬) પ્રમત્તસંયત, (૭) અપ્રમતસંયત, (૮) અપૂર્વકરણ પ્રવિષ્ટ શુદ્ધિ સંયત ઉપશમક તથા અપૂર્વકરણ પ્રવિષ્ટ શુદ્ધિ સંયત ક્ષપક, (૯) અનિવૃત્તિ કરણબાદર સામ્પરાયિક પ્રવિષ્ટ શુદ્ધિ સંયત ઉપશમક તથા અનિવૃત્તિબાદર સામ્પરાયિક પ્રવિષ્ટ શુદ્ધિ સંયત ક્ષપક, (૧૦) સૂક્ષ્મ સામ્પ-રાયિક પ્રવિષ્ટ શુદ્ધિ સંયત ઉપશમક તથા સૂક્ષ્મ સામ્પ-રાયિક પ્રવિષ્ટ શુદ્ધિ સંયત ક્ષપક, (૧૧) ઉપશાન્ત કષાય વીતરાગ છદ્મસ્થ, (૧૨) ક્ષીણ કષાય વીતરાગ છદ્મસ્થ, (૧૩) સયોગ કેવલી, (૧૪) અયોગ કેવલી.

હવે આ ગુણસ્થાનોનું તથા તે તે ગુણસ્થાનવર્તી યાને ગુણસ્થાનમાં પ્રવર્તતા આત્માઓનું ક્રમ પ્રમાણે વિવરણ કરીશું. તેમાં પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનને કહેવામાં આવે છે.

# ૧. મિથ્યાત્વ ગુણસ્થાન

મિથ્યાત્વ પ્રકૃતિ નામના દર્શન મોહનીય કર્મના ઉદયથી વસ્તુ સ્વરૂપનું યથાર્થ શ્રદ્ધાન ન હોવું તેને મિથ્યાત્વ કહે છે. મિથ્યાત્વના અસંખ્યાત લોક પ્રમાણ ભેદ છે તો પણ કોઇ સમાન જાતિની અપેક્ષાથી વીતરાગી મહર્ષિઓએ સંગ્રહ કરીને તેના પાંચ ભેદ કહ્યા છેઃ—

(૧) એકાન્ત મિથ્યાત્વ, (૨) સાંશયિક મિથ્યાત્વ, (૩) વિપરિત મિથ્યાત્વ, (૪) વૈનયિક મિથ્યાત્વ, (૫) અજ્ઞાન મિથ્યાત્વ. (૧) અનંતધર્મોવાળી વસ્તુના બીજા ભાવો છોડી દઇને કોઈ એક ધર્મની (ભાવની) શ્રદ્ધા કરવી તેને એકાન્ત મિથ્યાત્વ કહે છે. (૨) વસ્તુસ્વરૂપમાં સંશય કરવો તેને સાંશયિક મિથ્યાત્વ કહે છે. (૩) વસ્તુનું જે સ્વરૂપ હોય તેથી વિપરીત (ઉલ્ટો) વિશ્વાસ (શ્રદ્ધા) કરવો તેને વિપરીત મિથ્યાત્વ કહે છે. (૪) દેવ અને કુદેવ, શાસ્ત્ર (સાચાં) અને કુશાસ્ત્ર ગુરૂ (સાચા) અને કુગુરૂ વિગેરે બધાંને એક સરખા સમજીને વિનય તથા શ્રદ્ધા ન કરવું તે વૈનયિક મિથ્યાત્વ છે. (૫) હિત અહિતના વિવેકના અભાવને અજ્ઞાન મિથ્યાત્વ કહે છે.

સંસારને લીધે સર્વ મિથ્યાદષ્ટિઓને પાંચ મિથ્યાત્વ હોય છે, પરંતુ વ્યવહારમાં જોવામાં આવે છે તે અપેક્ષાએ જોઇએ તો અનુક્રમે સાંશયિક મિથ્યાત્વ, એકાન્તિક મિથ્યાત્વ

વૈનયિમિથ્યાત્વ, વિપરીત મિથ્યાત્વ અને અજ્ઞાન મિથ્યાત્વ-વાળા જીવ એક બીજાથી અધિક–અધિક છે. એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય. અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં અજ્ઞાન મિથ્યાત્વની વિશેષતા છે. સૈની (સંજ્ઞી) પંચેન્દ્રિય જીવોમાં પાંચેનીચ વિશેષતા હોઈ શકે છે. ઉપયોગમાં એક સમયમાં એક મિથ્યાત્વ રહે છે. મિથ્યાત્વમાં કેટલાંક ઉદા-હરણ આ પ્રકારે છે:—

આપણાથી સર્વથા ભિન્ન ધન, મકાન, પુત્ર, મિત્ર, સ્ત્રી વિગેરેને પોતાનાં સમજવાં એ મિથ્યાત્વ છે, કારણ કે પદાર્થનું જેવું સ્વરૂપ છે તેવો વિશ્વાસ ન થયો.

શરીરનું સ્વરૂપ જીવોથી બિલકુલ જુદુ છે તો પણ શરીરને જીવ સમજવું મિથ્યાત્વ છે, કારણ કે પદાર્થનું જેવું સ્વરૂપ છે તેવો વિશ્વાસ ન થયો.

ક્રોધ વિગેરે કષાયો જીવસ્વરૂપ નથી પરંતુ ક્ષણિક-વિકાર છે, તેમને પોતાનું સ્વરૂપ સમજવું મિથ્યાત્વ છે, કારણ કે પદાર્થનું જેવું સ્વરૂપ છે તેવો વિશ્વાસ ન થયો.

વિકાર તથા અવિકાર બધી અવસ્થાઓ છે, તેમને જીવ વસ્તુ માનવી (સમજવી) મિથ્યાત્વ છે, કારણ કે પદાર્થનું જેવું સ્વરૂપ છે તેવા સ્વરૂપનો વિશ્વાસ ન થયો.

ખોટા દેવ, ખોટાં શાસ્ત્ર, ખોટા ગુરૂની સેવા કરવી,

દેવી, હોળી વિગેરેની પૂજા કરવી મિથ્યાત્વ છે કારણ કે પદાર્થનું જેવું સ્વરૂપ છે તેવા સ્વરૂપનો વિશ્વાસ ન થયો. આ પ્રમાણે અન્ય પ્રકારના બધા જે ભાવો આત્માથી ભિંન્ન [જુદા] છે. તેમાં રૂચિ, પ્રતીતિ [વિશ્વાસ], તેમાં પોતાનું હિત છે તેવી બુદ્ધિ કરવી તે સર્વ મિથ્યાત્વ છે.

જેમનામાં મિથ્યાત્વ જોવામાં આવે છે તેઓને મિથ્યા દૃષ્ટિ કહે છે. મિથ્યા દૃષ્ટિ જીવોનું વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે વિસ્તાર પૂર્વક મિથ્યા દૃષ્ટિઓના કેટલાક પ્રકાર કહીએ છીએ.

અનંત મિથ્યાદૃષ્ટિઃ—

જેને હજુ સુધી કદી સમ્યગ્દર્શન થયું નથી અને ન તો કદી ભવિષ્યમાં સમ્યગ્દર્શન થશે તે અનાદિ અનંત મિથ્યાદૃષ્ટિ છે. તેમનામાં અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, મિથ્યાત્વ આ સમ્યકત્વ વિરોધક (સમ્યકત્વને રોકવાવાળી) ૫ પ્રકૃતિઓની સત્તા છે બાકી ચારિત્ર મોહિનીયની ૨૧ પ્રકૃતિઓ સત્તામાં છે. આ પ્રમાણે મોહની ૨૬ પ્રકૃતિઓની સત્તા રહે છે. આ જીવોમાં તીર્થંકર તથા આહારક શરીર તથા આહારક અંગોપાંગની પણ સત્તા રહેતી નથી. આ જીવો અભવ્ય યાને દૂરાતિદૂર ભવ્ય હોય છે, અભવ્ય તથા દૂરાતિદૂર (દૂર—ત્રણે દૂર) ભવ્ય અનાદિ અનંત મિથ્યાદૃષ્ટિ જ હોય છે.

સાદિ અનંત મિથ્યાદૃષ્ટિ કોઈ હોતો જ નથી, આ કારણથી અનાદિ અનંત મિથ્યા દૃષ્ટિનું સંક્ષિપ્ત નામ અનંત મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે.

અનાદિ સાંત મિથ્યાદૃષ્ટિ જેને તે હજુ સુધી કદી સમ્યકત્વ ઉત્પન્ન નથી થયું પરંતુ ભવિષ્યમાં સમ્યકત્વ ઉત્પન્ન થશે તે અનાદિ સાંત મિથ્યાદષ્ટિ છે. આ જીવોમાં પણ પહેલાં કહ્યું તેમ ૫ + ૨૧ = ૨૬ મોહનીય પ્રકૃતિઓની સત્તા રહે છે. તથા તીર્થંકર પ્રકૃતિ તથા બે પ્રકારના આહારકની સત્તા હોતી નથી. આ નિકટ ભવ્ય મિથ્યાદષ્ટિ અગર દૂર ભવ્ય મિથ્યાદષ્ટિ હોય છે.

**૨૮ મોહ પ્રકૃતિઓની પ્રથમ સત્તાવાળા મિથ્યાદષ્ટિ.**

અનાદિ મિથ્યાદષ્ટિ જીવ અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ પરિણામ દ્વારા ઉપર જણાવેલી પાંચ પ્રકૃતિઓના ઉપશમ કરી (દબાવી શાંત કરી) જ્યારે પ્રથમ ઉપશમ ઉત્પન્ન કરતાં જ સમ્યગ્દષ્ટિ બની જાય છે ત્યારે પ્રથમોપશમ સમ્યકત્વના પહેલા સમયમાંજ મિથ્યાત્વના ત્રણ ભાગ થઇ જાય છે. કેટલીક વર્ગણાઓ મિથ્યાત્વ રૂપ જ રહે છે. કેટલીક સમ્યગમિથ્યાત્વ રૂપ અને કેટલીક સમ્યક્‌પ્રકૃતિ રૂપ થઇ જાય છે. અને આ બધી પ્રથમોપશમ સમ્યકત્વના કાળ સુધી દબાયેલી (ઉપશમ) રહે છે પ્રથમોપશમનો કાલ (વખત) અંતર્મુહૂર્ત છે તે અન્તર્મુહૂર્ત પછી જ્યારે તે પ્રથમોશમ સમ્યકત્વની વિરાધના (નાશ) કરીને મિથ્યાત્વ ગુણસ્થાનમાં પહોંચે છે ત્યારે ઉપર જણાવેલી પાંચ પ્રકૃતિઓના તથા સમ્યક

મિથ્યાત્વ, સમ્યક પ્રકૃતિ તથા ચારિત્ર મોહનીયની બાકી ૨૧ પ્રમાણે ૨૮ મોહ પ્રકૃતિઓની પ્રથમ સત્તાવાળો મિથ્યાદષ્ટિ કહેવાય છે. હવે આ સાદિ મિથ્યાદષ્ટિ જીવ થઇ ગયો.

**૨૭ મોહ પ્રકૃતિની સત્તાવાળા મિથ્યાદષ્ટિ**

૨૮ મોહપ્રકૃતિઓની સત્તાવાળા મિથ્યાદષ્ટિ જીવને જ્યારે મિથ્યાત્વમાં કંઇક અધિક કાળ (વખત) વ્યતીત થઈ જાય છે. ત્યારે સમ્યક્ પ્રકૃતિ બદલાઈ જઈ તે પ્રકૃતિ સમ્યમિથ્યાત્વ પ્રકૃતિ રૂપ થઈ જાય છે, પછી થી સમ્યગ્મિથ્યાત્વ પ્રકૃતિ બદલાઈ જઈને તે મિથ્યાત્વરૂપ થઈ જાય છે. જ્યારે સમ્યક્ પ્રકૃતિ પૂરેપૂરી બદલાઇ જાય છે. અને સમ્યગ્ મિથ્યાત્વ પ્રકૃતિ ન બદલાય ત્યારે ત્યાં આ ૨૭ મોહનીય પ્રકૃતિનો સત્તાવાળો મિથ્યાદષ્ટિ કહેવાય છે. આ પણ સાદિ (આદિ સહિત) મિથ્યાદષ્ટિ છે.

**૨૬ મોહ પ્રકૃતિની સત્તાવાળા સાદી મિથ્યાદષ્ટિ**

જ્યારે સમ્યગ્મિથ્યાત્વ પ્રકૃતિને પણ બદલી કરી તે મિથ્યાત્વ પ્રકૃતિ રૂપ થઇ જાય છે ત્યારે અનંતાનુબંધી ક્રોધ માન, માયા, લોભ તથા મથ્યાત્વપ્રકૃતિ તથા ચારિત્ર મોહનીયની શેષ (બાકી) ૨૧ પ્રકૃતિઓ આ પ્રમાણે ૨૬ની સત્તાવાળા આ મિથ્યાદષ્ટિ છે. આને ઉદ્વેલિત (બદલાયલો) મિથ્યાદષ્ટિ પણ કહેવામાં આવે છે.

**૨૪ મોહ પ્રકૃતિઓની સત્તાવાળા મિથ્યાદષ્ટિ**

જે મિથ્યાદષ્ટિએ અનંતાનુબંધી કષાયને ત્યજી

દઈને (અપ્રત્યાખ્યાનાવરણ રૂપ થઇ જઈને) ઉપશમ સમ્યત્વ પ્રાપ્ત કર્યું હતું. તે ઉપશમ સમ્યકદષ્ટિ જીવ જ્યારે સમ્યક્ત્વથી ચ્યુતથાય છે. એટલે ભ્રષ્ટ થાય તથા તેને મિથ્યાત્વ પ્રકૃતિનો ઉદય થાય છે તે વખતે અનંતાનુબંધી કષાય યુકત ન થઈ જાય તો અનંતાનુબંધી કષાયને છોડી દઈને શેષ (બાકીની) મોહનીય કર્મની ૨૪ પ્રકૃતિની સત્તાવાળો તે મિથ્યાદષ્ટિ બને છે. આવી સ્થિતિનો ઘણો ઓછો સમય છે. આપણુ સાદિ મિથ્યાદષ્ટિ છે. આ સ્થિતિમાં જીવનું મરણ હોતું નથી.

### અનંતાનુબન્ધી ઉદય રહિત મિથ્યાદષ્ટિ

આ ૨૪ પ્રકૃતિની સત્તાવાળો મિથ્યાદષ્ટિ જીવ જ્યારે સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયો હતો આ પહેલાં અનંતાનુબંધીની સત્તાથી રહિત હતો તો અહીં અનંતાનુબંધીનો ઉદય હવે કેમ થાય? આને અનંતાનુબંધીનો ઉદય હોતો નથી. તેથી આ અનંતાનુબંધીના ઉદય વિના મિથ્યાદષ્ટિ છે. આ સાદિ મિથ્યાદષ્ટિ છે. આનો કાળ ઘણો ઓછો છે. આને અપર્યાપ્ત અવસ્થા હોતી નથી.

### મરણ રહિત મિથ્યા દષ્ટિ

અનંતાનુબંધીને ત્યજીને જે સમ્યકદષ્ટિ થયો હતો: તે જો મિથ્યાત્વ ગુણસ્થાનમાં આવે છે તો તે અનસંયોજીત મિથ્યા દષ્ટિ મરણ રહિત છે. તેનુ અન્તર્મુહૂર્ત સુધી મરણ થતું નથી.

**વેદક સમ્યક્ત્વ સહિત સંયમાસંયમાભિમુખ મિથ્યાદૃષ્ટિ**

જે વેદક (અનુભવયુક્ત) સમ્યકત્વ તથા સંયમાસંયય બન્નેને એક સાથે ઉત્પન્ન કરવા અભિમુખ યાને તે તરફ તૈયારી વાળો મિથ્યાદૃષ્ટિ છે તે વેદક (અનુભવયુક્ત) સમ્યકત્વ સહિત સંયમાસંયમાભિમુખ મિથ્યાદૃષ્ટિ છે તેને અધઃકરણ તથા અપુર્વકરણ આ બંનેય કરણ એક સાથે હોય છે.

**વેદક સમ્યકત સહિત સંયમાભિમુખ મિથ્યાદૃષ્ટિ**

જે વેદક સમ્યકત્વ તથા સકલ સંયમ એક સાથે ઉત્પન્ન કરશે તે વેદક સમ્યકત્વ સહિત સંયમાભિમુખ મિથ્યા દૃષ્ટિ છે. આને પણ ઉપર કહેલાં બન્ને કરણ એક સાથે થયા છે.

**પ્રથમોપશમ સમ્યકત્વ સહિત - સંયમાસંયમભિમુખ મિથ્યાદૃષ્ટિ**

જે પ્રથમોપશમ સમ્યકત્વ તથા સંયમાસંયમને એકી સાથે ઉત્પન્ન કરવા અભિમુખ છે. તે પ્રથમોપશમ સહિત સંયમાસંયમાભિમુખ મિથ્યાદૃષ્ટિ કહેવાય છે. આનાં બંને કાર્યોને લીધે એક સાથે ત્રણ કરણ હોય છે.

**પ્રથમોપશમ સમ્યકત્વ સહિત સંયમાભિમુખ મિથ્યાદૃષ્ટિ**

જે પ્રથમોપશમ સમ્યક્ત્વ તથા સંયમને એક સાથે ઉત્પન્ન કરવા અભિમુખ દૃષ્ટિવાળો છે તે પ્રથમોપશમ સમ્યકત્વ સંયમાભિમુખ મિથ્યાદૃષ્ટિ છે. તેને પણ બંને કાર્યોને લીધે એક સાથે ત્રણે કરણ થાય છે.

**વેદક યોગ્ય મિથ્યાદૃષ્ટિ :-**

જેણે અઠ્ઠાવીશ મોહ પ્રકૃતિઓની સત્તા પ્રાપ્ત કરી

છે તે મિથ્યાદષ્ટિ જ્યાં સુધી બદલીની ક્રિયા દ્વારા (મિથ્યાત્વ મોહિનીની ઉદીરણાથી સંક્રમણ કરતો જીવ) ૨૭મી સત્તા પ્રાપ્ત કરતો નથી. ત્યાં સુધીના આ વચ્ચેના વખતમાં આ મિથ્યાદષ્ટિ જીવને વેદક (અનુભુતિ) સમ્યકત્વ ઉત્પન્ન કરી લેવાની યોગ્યતા છે, આવા મિથ્યાદષ્ટિ જીવને વેદક યોગ્ય મિથ્યાદષ્ટિ કહે છે. આ સાદિ (આદી સહિત) મિથ્યાદષ્ટિ છે.

**તીર્થંકર પ્રકૃતિની સત્તાવાળા મિથ્યા દષ્ટિ :-**

મિથ્યાત્વ ગુણસ્થાનમાં તીર્થંકર પ્રકૃતિ તથા આહારક શરીર તથા આહાકર અંગોપાંગ – આ ત્રણ પ્રકૃતિઓનો બંધ થતો નથી, પરંતુ જ્યારે કોઈ વેદક સમ્મગ્દષ્ટિ અથવા ઉપશમ સમ્યગ્દષ્ટિ તીર્થંકર પ્રકૃતિનો બંધ કરી લે તેવો જીવ પછીથી પણ વેદક સમ્યગ્દષ્ટિ રહે છે. જો તેણે તીર્થંકર પ્રકૃતિ બંધના પહેલા કદી મિથ્યાત્વ અવસ્થામાં નરક આયુનો બંધ કરી લીધો હોય તો તે નરકમાં જરૂર ઉત્પન્ન થશે તો મરણ વખતે સમકત્વ છૂટી જશે અને અપર્યાપ્ત નારકી જીવ થશે આ વખતે આ જીવ તીર્થંકર પ્રકૃતિની સત્તાવાળો મિથ્યા દષ્ટિ છે. આ નારકી જીવ અંતર્મુહૂર્તમાં પર્યાપ્ત થઇ જશે જે અંત મુંહૂર્ત બાદ વેદક સમ્યગ્દષ્ટિ થઈ જશે. તે જ્યાં સુધી વેદક સમ્યકત્વ પ્રાપ્ત નથી કરી લેતો ત્યાં સુધી તે તીર્થંકરની સત્તાવાળો મિથ્યાદષ્ટિ છે. આ સાદિ મિથ્યાદષ્ટિ છે. આ જીવ ક્ષાયિક મિથ્યાદષ્ટિ નથી થતો પરંતુ આ મિથ્યાત્વના પહેલા વેદક સમ્યગ્દષ્ટિ હતો અને તે મિથ્યાત્વ પછી પણ વેદક સમ્યગ્દષ્ટિ રહે છે.

**દર્શન મોહોપશામના પ્રતિષ્ઠાપક મિથ્યાદષ્ટિ જીવ.**

અધઃકરણ પરિણામના પ્રથમ સમયથી મિથ્યાત્વ તથા દર્શન મોહની સર્વપ્રકૃતિઓને દૂર કરી નાખે ત્યાં સુધી દર્શન મોહોપશામના પ્રતિષ્ઠાપક મિથ્યાદષ્ટિ છે. તેનું અહિં મરણ થતું નથી અને જ્યાં સુધી પ્રથમોપશમ સમ્યકત્વ રહેશે ત્યાં સુધી મરણ થશે નહિ.

**આહારકદ્વિકની સત્તાવાળા મિથ્યાદષ્ટિ જીવ :-**

જે સમ્યદષ્ટિ જીવે આહારક શરીર તથા આહારક અંગોપાંગનો બંધ કરી લીધો પછી સમ્યકત્વથી ભ્રષ્ટ થઈને મિથ્યાદષ્ટિ થઈ ગયો તે જ્યાં સુધી બંને આહારકની બદલી થાય નહિ ત્યાં સુધી તે જીવ બંને આહારકની સત્તાવાળો મિથ્યાદષ્ટિ છે. આ સાદિ મિથ્યાદષ્ટિ છે. આને ક્ષાયિક સમ્યકત્વ ન હતું. એવો કોઇ મિથ્યાદષ્ટિ હોતો નથી કે જેને તીર્થંકર પ્રકૃતિ તથા બંને આહારક (આહારક શરીર અને આહારક અંગોપાંગ) આ ત્રણેની સત્તા હોય અર્થાત્ જેને આ ત્રણેની સત્તા છે તે મિથ્યાત્વ ગુણસ્થાનમાં આવી શકતો નથી

**અગ્રહીત મિથ્યાદષ્ટિ જીવ :—**

જેને દેહ વિગેરેને આત્મા માનવાની બુદ્ધિ છે. અથવા આત્મસ્વભાવનો અનુભવ નથી થયો તે અગ્રહીત મિથ્યાદષ્ટિ છે. કારણકે આ જીવને આ મિથ્યાત્વ કોઇએ ગ્રહણ કરાવ્યું નથી પરંતુ કોઇ ઉપદેશ થયા વિના તેને આ મિથ્યાત્વ છે. બધા મિથ્યાદષ્ટિ અગ્રહીત મિથ્યાદષ્ટિ હોય છે. એકેન્દ્રિયથી

લઈ અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો સુધી તો અગ્રહીતમિથ્યાદષ્ટિ હોય છે. આ સાદિ મિથ્યાદષ્ટિ તથા અનાદિ મિથ્યાદષ્ટિ બંને જાતના હોય છે.

**ગ્રહીત મિથ્યાદષ્ટિ :-**

જે કુગુરૂ, કુદેવ અને કુશાસ્ત્રને હિતકારી સમજે છે તથા તેમનો આદર પૂજા કરે છે તે ગ્રહીત મિથ્યાદષ્ટિ છે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવો જ ગ્રહીત મિથ્યાદષ્ટિ હોય છે. જે ગ્રહીત મિથ્યાદષ્ટિ છે તે નિયમથી અગ્રહીત મિથ્યાદષ્ટિ પણ છે. તથા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં એવા પણ મિથ્યાદષ્ટિ છે જે ગ્રહીતમિથ્યાદષ્ટિ નથી અગ્રહીત મિથ્યાદષ્ટિ જ છે. ગ્રહીતદષ્ટિ પણ કોઇ સાદિ મિથ્યાદષ્ટિ છે. તથા કોઇ અનાદિ મિથ્યાદષ્ટિ છે

**દ્રવ્યલિંગી મિથ્યાદષ્ટિ**

જેણે નિર્ગ્રન્થ ગુરૂનું લિંગ ધારણ કર્યું છે. પરંતુ ભાવ મિથ્યાત્વ ગુણસ્થાનના છે તે દ્રવ્યલિંગી મિથ્યાદષ્ટિ કહેવાય છે. આ સાદિ મિથ્યાદષ્ટિ પણ હોય છે અને અનાદિ મિથ્યાદષ્ટિ પણ હોય છે. આ અગ્રહીત મિથ્યાદષ્ટિ છે.

**સાતિશય મિથ્યાદષ્ટિ :-**

અધઃકરણ, અપૂર્વ કરણ તથા અનિવૃતિ કરણ કરવા વાળા મિથ્યાદષ્ટિ સાતિશય મિથ્યાદષ્ટિ કહેવાય છે, આ સમ્યકત્વની ઘણા નજીક અભિમુખ (દષ્ટિવાળા) હોય છે. તે ભવ્ય મિથ્યાદષ્ટિ જ છે, અભવ્ય મિથ્યાદષ્ટિ નથી.

**લબ્ધોનલબ્ધિક મિથ્યાદૃષ્ટિ :-**

મિથ્યાત્વ ગુણસ્થાનમાં ક્ષયોપશમ લબ્ધિ, વિશુદ્ધિ લબ્ધિ, દેશના લબ્ધિ, પ્રાયોગ્યલબ્ધિ તથા કરણલબ્ધિ આ પાંચ લબ્ધિઓ થઈ જાય છે. જેમાં કરણલબ્ધિવાળા સમ્યક્ત્વની અભિમુખ છે. તો તે સાતિશય મિથ્યા દૃષ્ટિ છે પરંતુ જેને ૧ અથવા ૨ અથવા ૩ અથવા ચાર લબ્ધિઓ પ્રાપ્ત થઇ ને આગળ વધી શકે છે, અથવા આગળ વધી શકતા નથી તથા આ ભવ્યને પ્રાપ્ત થાય છે. તેમજ અભવ્યને પણ પ્રાપ્ત થાય છે આને લબ્ધોનલબ્ધિક મિથ્યા દૃષ્ટિ કહે છે. (લબ્ધિ એટલે શકિત)

ક્ષયોપશમ લબ્ધિ,વિશુદ્ધિ લબ્ધિ દેશનાલબ્ધિ પ્રાયોગ્ય લબ્ધિ તથા કરણ લબ્ધિ આ પાંચ લબ્ધિઓ મિથ્યાત્વ ગુણસ્થાનમાં થાય છે. કરણતો સમ્યકત્વ થયા પછી પણ કેટલાયે કાર્યોને માટે થાય છે. પરંતુ અહિં કરણ લબ્ધિનું પ્રયોજન (હેતુ) મિથ્યાદૃષ્ટિના અત્યંત અપૂર્વ પરિણામોથી સમ્યકત્વને ઉત્પન્ન કરવાને માટે છે.

**ક્ષયોપશમ લબ્ધિ :-**

જે વખતે વિશુદ્ધિ દ્વારા એવી શક્તિ પ્રગટ થઇ જાય છે કે પૂર્વે બાંધેલાં કર્મોનાં ફળ યાને રસ આપનારાં કર્મો હરેક સમયે અનંતગુણહીન થઈ જતાં ઓછાં ઓછાં થતાં જાય છે તે વખતે તે ક્ષયોપશમની પ્રાપ્તિ થાય છે. તે ક્ષયોપશમની પ્રાપ્તિને ક્ષયોપશમ લબ્ધિ કહે છે. આ આગળની પ્રગતિનું પહેલું પગલું છે.

**ક્ષયોપશમ લબ્ધિઃ—**

જે વખતે વિશુદ્ધિ દ્વારા એવી શક્તિ પ્રગટ થઈ જાય છે કે પૂર્વે બાંધેલાં કર્મનાં ફળ યાને રસ આપનારાં કર્મો હરેક સમયે અનંતગુણહીન થઈ જતાં ઓછાં ઓછાં થતાં જાય છે તે વખતે તે ક્ષયોપશમની પ્રાપ્તિ થાય છે તે ક્ષયોપશમની પ્રાપ્તિને ક્ષયોપશમલબ્ધિ કહે છે. આ આગળની પ્રગતિનું પહેલું પગલું છે

**વિશુદ્ધિ લબ્ધિઃ—**

ક્ષયોપશમલબ્ધિને લીધે કર્મોનાં ફળ આપનાર કર્મો અનંતગુણહીન થઈ તે કર્મોના ખરી પડવાથી યાને ઉદીરણા થવાથી જીવના પરિણામે વિશુદ્ધિ થાય છે તેને વિશુદ્ધિલબ્ધિ કહે છે આ પરિણામથી શુભ કર્મોનો વિશેષ બંધ થાય છે અને અશુભ કર્મોનો નાશ થાય છે

**દેશના લબ્ધિ—**

આચાર્ય વિગેરે દ્વારા તત્ત્વોનો ઉપદેશ પ્રાપ્ત થયો હોય તેને તથા આપેલા ઉપદેશના અર્થની ધારણા તથા વિચાર શક્તિની પ્રાપ્તિને દેશના લબ્ધિ કહેછે

**પ્રાયોગ્ય લબ્ધિ—**

સર્વકર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિનો નાશ યાને ઘાત કરીને માત્ર અન્તઃ કોડાકોડી સાગરની સ્થિતિ કરી દેવાને અને ઉત્કૃષ્ટ અનુભાગ ફળ આપનારા કર્મોનો નાશ કરીને અનુભાગ કર્મોને ઉતરતા બીજા સ્થાને કરી એટલે મંદ કરી દેવાને પ્રાયોગ્ય લબ્ધિ કહે છે. આમાં ૩૪ બંધાપસરણ (બંધ કર્મોનું છૂટી જવું)

થાય છે. આનું વર્ણન ચોથા ગુણસ્થાનના પ્રકરણમાં કરીશું તથા કરણલબ્ધિનું વર્ણન પણ આગલા ગુણસ્થાનોના પ્રકરણોમાં કરીશું.

આ પ્રમાણે બીજી બીજી અનેક અપેક્ષાઓથી મિથ્યાદૃષ્ટિ અનેક પ્રકારના હોય છે. લંબાણ થવાના ભયથી આ વિષયક અહીં સમાપ્ત કરીએ છીએ અને બીજા પ્રકારની કેટલીક વિશેષતાઓનું વર્ણન કરીએ છીએ.

મિથ્યાદૃષ્ટિ જીવ ત્રીજા, ચોથા તથા સાતમા ગુણસ્થાનોએ જઇ શકે છે પાંચમા ગુણસ્થાને જો જાય તો સમ્યક્ત અને દેશવ્રત એક સાથે પ્રાપ્ત થાય છે. સાતમા ગુણસ્થાને જાય તો ઉપશમ સમ્યક્ત્વ અગર વેદક સમ્યક્ત્વ તથા મહાવ્રત એક સાથે પ્રાપ્ત થઇ જશે.

છઠ્ઠા, પાંચમા, ચોથા. ત્રીજા તથા બીજા ગુણસ્થાનથી જીવ મિથ્યાત્વ ગુણસ્થાનમાં આવી શકે છે. છઠ્ઠા ગુણસ્થાનથી મિથ્યાત્વ ગુણસ્થાને આવતાં મહાવ્રત અને સમ્યક્ત્વનો વિનાશ એક સાથે થઇ જશે.

પાંચમા ગુણસ્થાનેથી મિથ્યાત્વ ગુણસ્થાન પર આવતાં દેશવ્રત અને સમ્યક્ત્વનો વિનાશ એક સાથે થઇ જશે.

મિથ્યાત્વ ગુણસ્થાનમાં મરણ કરીને જીવ ચારેય ગતિમાં ઉત્પન્ન થાય છે પરંતુ દેવોમાં ગ્રૈવેકની ઉપર ઉત્પન્ન નહિ થાય અર્થાત ૯ અનુદિશ તથા પાંચ અનુત્તરોમાં સમ્યગ્દૃષ્ટિ જીવ જ ઉત્પન્ન થાય છે ગ્રૈવેયકમાં નિર્ગ્રંથલિંગમાં સાધના કરવાવાળા જ ઉત્પ ન થાય છે

પ્રથમોપશમ સમ્યકત્વ, દ્વિતીયોપશમ સમ્યકત્વ તથા વેદક સમ્યકત્વથી ચ્યવીને જીવ મિથ્યાત્વ ગુણસ્થાનમાં આવી શકે છે, પરંતુ ક્ષાયિકસમ્યકત્વથી ભ્રષ્ટ થઈને મિથ્યાત્વમાં નથી આવી શકતા, કારણકે ક્ષાયિકસમ્યકત્વ કદી પણ નષ્ટ થતું નથી

મિથ્યાત્વ ગુણસ્થાન મોહના નિમિત્તથી થાય છે અર્થાતમિથ્યાત્વ પ્રકૃતિ નામના મોહનીય કર્મના ઉદયથી થાય છે. તેથી આ ગુણસ્થાનમાં જીવના ભાવ પણ ઔદયિકભાવ છે.

સાદીમિથ્યાદ્રષ્ટિ જીવની મિથ્યાત્વ ગુણ સ્થાનમાં એવી પણ સ્થિતિ રહે છે કે સમ્યગ્મિથ્યાત્વ તથા સમ્યકપ્રકૃતિ ઉદયના અભાવવાળા ક્ષય તથા તેમની સત્તાવાળી અવસ્થારૂપ ઉપશમ તથા મિથ્યાત્વનો ઉદય હોય છે પરંતુ આથી તે ક્ષાયોપશમિકરૂપ કહી શકાતા નથી કારણ કે પહેલાં તો આ વાતો અનાદીમિથ્યાદ્રષ્ટિ તથા બદલાયેલ (ઉદ્વેલિત) મિથ્યાદૃષ્ટિની ન હોવાથી બધામાં તે વ્યાપ્ત નથી (બધાને લાગુ પાડી શકે તેવી નથી) અને બીજી વાત એ છે કે મિથ્યાત્વ કાર્યમાં મિથ્યાત્વનો ઉદય નિમિત્ત છે.

અનાહારક, લબ્ધ્યપર્યાપ્તિ, નિવૃત્ય પર્યાપ્ત આ ચારે પ્રકારના જીવોમાં મિથ્યાત્વ ગુણસ્થાન હોવાનો સંભવ છે અયોગ કેવલી ગુણસ્થાની જીવ પર્યાપ્ત અનાહારક છે તેના સિવાયની બાકીના બધા અનાહારક જીવ અપર્યાપ્ત કહેવાય છે. પરંતુ જે જીવોને પર્યાપ્ત થવાનું છે તેમને અનાહારક તથા નિવૃત્યપર્યાપ્ત અવસ્થાઓમાં પણ પર્યાપ્તનામ કર્મનો ઉદય હોય છે. મિથ્યાત્વ ગુણસ્થાનમાં ૧૪ જીવ સમાસ હોય છે. કારણ કે

બાદર એકેન્દ્રિય, સૂક્ષ્મ એકેન્દ્રિય બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિયા ચાર ઇન્દ્રિય, અસંજ્ઞ પંચેન્દ્રિય, સંજ્ઞી પંચેન્દ્રિય તેમના પર્યાપ્ત અને અપર્યાપ્ત બંને જાતના જીવોમાં મિથ્યાત્વ ગુણસ્થાનનો સંભવ છે પરંતુ એક જીવના એક જન્મમાં એકજ જાતના અપર્યાપ્ત તથા પર્યાપ્ત બે જીવ સમાસ હોય છે. એક જીવની અપેક્ષાએ એકેન્દ્રિય જીવમાં અપર્યાપ્ત અને પર્યાપ્ત અવસ્થામાં ૪ અપર્યાપ્તિ તથા ૪ પર્યાપ્તિ, બે, ત્રણ અને ચાર ઇન્દ્રિય તથા અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં પાંચ અપર્યાપ્તિ તથા પાંચ પર્યાપ્તિ હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં છ અપર્યાપ્તિ અને છ પર્યાપ્તિ હોય છે

મિથ્યાત્વ ગુણસ્થાનમાં દશ પ્રાણ હોય છે એક જીવની અપેક્ષાએ એકેન્દ્રિય જીવની અપર્યાપ્તિ અને પર્યાપ્ત અવસ્થાઓમાં ત્રણ તથા ચાર પ્રાણ હોય છે, બે ઇન્દ્રિય જીવને ચાર તથા છ પ્રાણ હોય છે, ત્રણ ઇન્દ્રિય જીવને પાંચ તથા સાત પ્રાણ હોય છે, ચાર ઇન્દ્રિય જીવને છ તથા આઠ પ્રાણ હોય છે, અસંજ્ઞી પંચેન્દ્રિય જીવને સાત તથા નવ પ્રાણ હોય છે. તથા સંજ્ઞી પંચેન્દ્રિય જીવને સાત તથા દશ પ્રાણ હોય છે.

મિથ્યાત્વ ગુણસ્થાનમાં સંજ્ઞા ચાર હોય છે. એકેન્દ્રિય વિગેરે તો છે તો પણ સંજ્ઞાઓનો પાર નથી, તેમને પણ ચારે સંજ્ઞાઓના સંસ્કાર પડેલા હોય છે.

મિથ્યાત્વ ગુણસ્થાનમાં ચાર ગતિ હોય છે. ચારે ગતિઓમાં મિથ્યાદષ્ટિ જીવ હોય છે. તેઓ મિથ્યાત્વ ગુણસ્થાનમાં

મરીને પણ ચારે ગતિમાં જઈ શકે છે. એક જન્મમાં એક જ ગતિ હોય છે.

મિથ્થાત્વ ગુણસ્થાનમાં પાંચ પ્રકારની જાતિ છે. એકેન્દ્રિય બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય તથા પચેન્દ્રિય મરણ પછી વિગ્રહ ગતિ સુધીમાં પણ આ જાતિ રહે છે એક જીવને એક જન્મમાં એક જાતિ રહે છે.

મિથ્યાત્વ ગુણસ્થાનમાં છ કાય જીવ છે.

૧. પૃથ્વી કાયિક ૨. જલ કાયિક ૩. અગ્નિકાયિક ૪. વાયુ કાયિક ૫. વનસ્પતિકાયિક તથા ૬. ત્રસકાયિક મિથ્યાત્વમાં મરણ કરીને પણ છ કાય જીવ પૈકી કોઈપણ કાયમાં પણ જીવ ઉત્પન્ન થઈ શકે છે. એક જન્મમાં એક જીવને એક કાય હોય છે.

મિથ્યાત્વ ગુણસ્થાનમાં ૧૩ યોગ હોય છે. આમાં આહારક યોગ તથા આહારકમિશ્રકાયયોગ હોતા નથી, આ છઠ્ઠા ગુણસ્થાનમાં જ હોઇ શકે છે. એક જીવને તેની યોગ્યતા પ્રમાણે અગીયાર યોગ હોય છે. કારણ કે વૈક્રિયિક કાયયોગ તથા વૈક્રિયક મિશ્રકાયયોગ હોય તો ઔદારિકવાળા બે યોગ હોતા નથી તથા ઔદારિક બે યોગ હોય તો વૈક્રિયકવાળા બે યોગ હોતા નથી. અપર્યાપ્ત અવસ્થામાં ત્રણ યોગ હોય છે. પરંતુ એક જીવને બે અથવા એક યોગ હોય છે. પર્યાપ્ત અવસ્થામાં જીવને દશ યોગ હોય છે. પરંતુ એક જીવને નવ યોગની યોગ્યતા છે કારણ કે દેવ તથા

નારકી જીવોને વૈક્રિયક કાયયોગ હોય છે. અને મનુષ્ય તથા તિર્યંચ જીવોને ઔદારિકકાય યોગ હોય છે. યોગવાળા સર્વ જીવોને એક સમયમાં એક જ યોગ હોય છે. મિથ્યાત્વ ગુણસ્થાનમાં ત્રણ વેદ હોય છે. આ કથન ભાવ વેદની અપેક્ષાએ કર્યું છે. એક જીવને એક જન્મમાં એકજ વેદ હોય છે.

મિથ્યાત્વ ગુણસ્થાનમાં કષાય ૨૫ હોય છે.

એક જીવને અનંતાનુબંધી અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ તથા સંજવલન સંબંધી સરખી જાતના એક એક કષાય એટલે ૪ કષાય બે હાસ્ય (હાસ્યતથારતિ)ના ૨, ભય ૧ જુગુપ્સા ૧ તથા વેદ ૧ આ પ્રમાણે ૯ કષાય થયા કોઇકને ૪+૨+૧+૦+૧=૮ કોઇકને ૪+૨+૦+૧+૧=૮, કોઇકને ૪+૨+૦+૦+૧=૭ ૩+૨+૦+૦+૧=૬ પણ કષાય હોઈ શકે છે.

મિથ્યાત્વ ગુણસ્થાનમાં ત્રણ જ્ઞાન હોય છે, કુમતિ કુશ્રુત તથા કુઅવધિ કોઇને બે પણ હોય છે કુમતિ તથા કુશ્રુત પરંતુ એક જીવને એકી સાથે એક જ જ્ઞાનપયોગ હોય છે. અપર્યાપ્ત અવસ્થામાં કુઅવધિ હોતું નથી.

મિથ્યાત્વ ગુણસ્થાનમાં અસંયમજ હોય છે.

મિથ્યાત્વ ગુણસ્થાનમાં ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન આ બે પ્રકારનાં દર્શન હોયછે વિભગાંવધિ (કુ અવધિ) કુમતિજ્ઞાન પુર્વક હોય છે તથા તેમાં અવધિ દર્શનુ હોતું નથી તથા એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય જીવને ચક્ષુદર્શન પણ

હોતુ નથી એક જીવને એકી સાથે એકજ દર્શનોપયોગ હોય છે

મિથ્યાત્વ ગુણસ્થાનમાં છ લેશ્યાઓ થઇ જાય છે શુક્લ લેશ્યા સુધીના જીવોના પરિણામ મિથ્યાત્વ બાબતથી અનંતાનુબંધી કષાયવાળાપણ થઈજાય છે એક જીવને એક સમયમાં એક જ લેશ્યા હોય છે એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રીય સુધીના જીવોને ત્રણ અશુભ લેશ્યાઓજ હોઇ શકે છે મિથ્યાત્વ ગુણ સ્થાનમાં ભવ્ય જીવો પણ હોય છે અને અભવ્ય જીવો પણ હોય છે. જે જીવ ભવ્ય છે તે જ્યાં સુધી સિદ્ધ ન થઈ જાય ત્યાં સુધી ભવ્ય જ કહેવાય છે. સિદ્ધ થઈ ગયા પછી તે જીવ ન તો ભવ્ય છે કે ન તો અભવ્ય છે જે જીવ અભવ્ય હોય છે તે સદા અભવ્યજ રહેશે

મિથ્યાત્વ ગુણસ્થાનમાં—

સમ્યકત માર્ગણામાં મિથ્યાદષ્ટિજ હોય છે મિથ્યાત્વ ગુણ સ્થાનમા સંજ્ઞી પણ હોય છે તથા અસંજ્ઞી પણ હોય છે જે જીવ સંજ્ઞી છે તે જન્મમાં સંજ્ઞીજ રહેવાનો તથા જે જીવ અસંજ્ઞી રહેવાનો મિથ્યાત્વ ગુણસ્થાનમાં આહારક પણ હોય છે તથા અના-હારક જીવ પણ હોય છે આ જીવો વિગ્રહગતિમાં અનાહારક રહે છે બાકીના વખતમાં આહારક રહે છે મિથ્યાત્વ ગુણસ્થાનમાં બંને ઉપયોગ હોયછે પણ તેઓ એકસાથ હોતા નથી.

મિથ્યાત્વ ગુણસ્થાનમાં ૮ ધ્યાન હોય છે તે આ પ્રમાણે છે આર્ત ધ્યાન ૪ તથા રૌદ્રધ્યાન ૪ એક સમયમાં એક જ ધ્યાન

હોય છે સર્વ મિથ્યાદષ્ટિ ઓની આ આઠેય ધ્યાનની યોગ્યતા છે મિથ્યાત્વ-૫, અવિરતિ-૧૨ કષાય-૨૫ અને યોગ-૧૩-મળી ૫૫ મિથ્યાદષ્ટિ જીવોમાં હોય છે.

મિથ્યાત્વ ગુણસ્થાનમાં આશ્રવ :—

એક જીવમાં ઓછામાં ઓછા દશ અને વધારેમાં અઢાર આશ્રવ હોય છે. તેની વચ્ચેનાં ૧૧-૧૨-૧૩-૧૪-૧૫-૧-૧૬-૧૭ પ્રકારના પણ આશ્રવ એક જીવને હોય છે.

મિથ્યાત્વ ગુણસ્થાનમાં ઔદયિક, ક્ષાયોપશમિક તથા પરિણામિક ભાવોના સવિસ્તર ભેદોની અપેક્ષાએ ૩૨ ભાવ થાય છે પરંતુ એક જીવની અપેક્ષાએ પર્યાપ્તમાં ૨૧ થી ૨૭ સુધી તથા અપર્યાપ્તને ૨૦ થી ૨૭ સુધી ભાવો પેદા થાય છે. મિથ્યાદષ્ટિ જીવોનું શરીર ઘનાં ગુલના અસંખ્યાતમા ભાગથી માંડી એક હજાર યોજના સુધીની અવગાહનાવાળું હોય છે મિથ્યાદષ્ટિ જીવ અનંતાનંત છે. અક્ષય અનંત છે. મનુષ્ય ગતિના મિથ્યાદષ્ટિ જીવો સંખ્યાત છે. તેનાથી અસંખ્યાત ગણા નારકી મિથ્યાદષ્ટિ છે, તેનાથી અસંખ્યાત ગણા મિથ્યાદષ્ટિ દેવ છે. અને તેનાથી અનંત ગણા તિર્યંચ મિથ્યાદષ્ટિ જીવો છે.

મિથ્યાદષ્ટિ જીવો સમસ્ત લોકમાં રહે છે. કારણ કે લોક મિથ્યાદષ્ટિ જીવોથી ભરલો છે. લોકોનો એવો કોઇ પ્રદેશ નથી કે જ્યાં અનંત મિથ્યાદષ્ટિ રહેતા ન હોય, પરંતુ વિહાર કરવાવાળા મિથ્યાદષ્ટિ જીવ સર્વ લોકમાં નથી કારણ કે કેવળ ત્રણ જીવો જ વિહાર કરે છે. જો કે કંઈક થોડા ત્રસ નાડી-૧૪ રાજુમાં રહે છે ત્રસ જીવોમાં પણ અમુક ત્રસ

જીવો વિહાર કરે છે તે બધા પણ વિહાર કરતા નથી વળી તે જીવો પણ થોડા વખત માટે વિહાર કરે છે વધારે વખત નિવાસ સ્થાનોમાં રહે છે મિથ્યાદષ્ટિ દેવ પણ વિક્રિયાથી ગમનાગમન કરે તો ત્રસ નાડીમાં ૮/૧૪ રાજુ ક્ષેત્રમાં વિહાર કરે છે.

મિથ્યાદષ્ટિ જીવ સદા કાલ રહે છે પરંતુ નાના પ્રકારના જીવની અપેક્ષાએ તેમનું મિથ્યાત્વ ઓછામાં ઓછુ અંતર્મુહુર્તકાલ રહે છે વધારેમાં વધારે અર્ધ્ધ પુદ્દગલ પરિવર્તન કાલમાં ૧૪ અંતર્મુહુર્ત ઓછા કાલ સુધી હોય છે. આ ૧૪ અંતર્મુહુર્ત પણ એક અંતર્મુહુર્તમાં ગર્ભિત છે. કોઇજીવ ત્રીજા અથવા ચોથા અથવા પાંચમા અથવા છઠ્ઠા ગુણસ્થાનથી મિથ્યાત્વમાંથી આવે તો ત્યાં જઘન્ય (ઓછામાં ઓછા વખત) અંતર્મુહુર્ત રહી તે ફરીથી ત્રીજા અગર ચોથા અગર પાંચમાં અથવા સાતમા ગુણ સ્થાનમાં ચાલ્યો જાય તો વચલા વખતમાં મિથ્યાત્વ આવ્યું હતું તે બધુ જઘન્ય અંતર્મુહુર્ત સુધી રહ્યું બીજા ગુણ સ્થાનથી પાછો પડીને મિથ્યાત્વમાં આવે અને ફરી ત્રીજા અથવા ચોથા વિગેરે ગુણસ્થાનમાં જાય તો તેમાં જીવને સર્વજઘન્ય અંતર્મુહુર્તમાં વધારે વખત લાગે છે કારણ કે અધિક સંકેલશવાળા પરિણામથી મિથ્યાત્વમાં આવ્યો હતો અનાદિ મિથ્યાદષ્ટિ કોઇ જીવ અર્ધ્ધપુદ્દગલ પરિવર્તન કાલ બાકી રહેતાં પ્રથમોપશમ સમ્યકત્વને પ્રાપ્ત કર્યુ હોય અને અંતર્મુહુર્ત રહીને સમ્યકત્વથી ભ્રષ્ટ થઇને મિથ્યાત્વમાં આવી ગયો તે જીવને મિથ્યાત્વનો ઉત્કુષ્ટ કાલ લાગે છે. તે મિથ્યાત્વમાં જ ભમ્યા જ કરે છે.

અંતમાં જયારે ૧૩ અંતમુહુર્ત બાકી રહયા તેમાં સમ્યકત્વ ચારિત્રની સાધના કરીને સિદ્ધથઇ ગયો તો એક અંત-

મુંહુર્ત તો સૌથી પહેલાં સમ્યકત્વમાં લાગ્યું હતું તેની પછી મિથ્યાત્વ પ્રાપ્ત થયું અને આ ૧૩ અંતર્મુંહુર્ત અદ્ધપુંદ્ગલ પરિવંતન કાલમાં ૧૪ અંતર્મુહુર્ત ઓછા એ મિથ્યાત્વનો ઉત્કુષ્ટ કાલ છે. (અર્દ્ધ પુધગલ પરીવંતન યા પરિવંતન કાલ સંસારમાં પાંચ રીતે જીવનું ભ્રમણ થાય છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ તથા ભાવ જેટલો વખત એક દ્રવ્ય અર્થાત પુદ્ગલદ્વારા ભ્રમણમાં લાગે છે તેનો અર્ધો વખત)

અપૂર્વ પુરૂષાર્થના તે ૧૨ અંતર્મુંહૂર્ત આ પ્રમાણે છેઃ–તેટલો એટલે ૧૨ અંતર્મુંહૂર્ત જેટલો વખત નીચે જણાવેલા દરેકમાં પુરૂષાર્થ કરતાં લાગે છે

૧. પ્રથમોપશમ સમ્યકત્વમાં ૨. વેદક સમ્યકત્વ ૩. અનંતાનુનુબંધીના વિસંયોજન યાને છોડવામાં ૪. દર્શન મોહના ક્ષયમાં ૫. અપ્રમત સંયતમાં ૬. પ્રમત અપ્રમતમાં હજારો વાર આવજા આગમત પ્રત્યાગમનમાં ૭. સાતિશય અપ્રમતમાં ૮. અપૂર્વ કરણ ક્ષપકમાં ૯. અનિવૃતિ કરણ ક્ષપકમાં ૧૦. સુક્ષ્મ સામ્પરાય ક્ષપકમાં ૧૧. ક્ષીણ કષાયમાં ૧૨. સયોગ કેવલીમાં ૧૩. અયોગ કેવલીમાં તેના પછી જીવ સિદ્ધ થઇ જશે ( એકમુહૂર્ત ૪૮ મિનિટ અથવા બેઘડીનું હોય છે. અંત મુહૂર્ત એટલે આ વખતની અંદરનો સમય )

મિથ્યા દષ્ટિ જીવ જો મિથ્યાત્મ ગુણસ્થાન છોડી ને ફરી જલ્દી મિથ્યાત્યમાં આવે તો એ વચગાળા જ વખતનું અંતર અલ્પ અંત મુહુર્ત છે એક એવો મિથ્યા દ્રષ્ટિ જીવ છે કે જો પહેલા, ત્રીજા, ચોથા, પાંચમા, સાતમા, તથા છઠ્ઠામાં ઘણીવાર આવજા કરતાં કરતાં તે મિથ્યાદષ્ટિ થયો તે સમ્યકત્વને પ્રાપ્ત કરીને અલ્પ અંત મુંહૂર્ત સમ્યકત્વમાં રહીને

મિથ્યાત્વમાં આવી જાયછે તો આ જઘન્ય (ઓછામાં ઓછું) અંતર છે જે જીવ સંયમમાં તથા સમ્યકત્વમાં ઘણો ઘણો વખત રહીને મિથ્યાદ્રષ્ટિ ન થયો અને બહુ પહલેથી જ મિથ્યાત્વમાં છે તે જો સમ્યકત્વ પ્રાપ્ત કરશે તો તે ઉપર જણાવેલ મિથ્યા દ્દષ્ટિ કરતાં અધિક જઘન્ય કાળમાં રહેશે.

મિથ્યાદ્રષ્ટિ જીવ જો મિથ્યાત્વ ગુણસ્થાનને છોડી દે અને અધિક સમય બીજા ગુણસ્થાનોમાં રહીને મિથ્યાત્વમાં આવે તો આ ઉત્કૃષ્ટ ( વધુમાં વધુ ) અંતર ૩૨ સાગરમાં એક અંતર્મુહુર્ત ઓછુ અંતર હોય છે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ વેદક સમ્યકત્વને પ્રાપ્ત કરે ત્યાં ૬૬ સાગરમાં એક અંતર્મુહુર્ત કાલ ઓછા સુધી રહે પછી ફરી અંતર્મૂહુર્ત ત્રીજા ગુણસ્થાન માં રહે ફરી વેદક સમ્યકત્વ પ્રાપ્ત કરે અહિ ૬૬ સાગરમાં એક અંતર્મુંહુર્ત ઓછો વખત સુધી રહે પછી મિથ્યાત્વ ગુણસ્થાનમાં આવી જાય તો આ અંતર ૧૩૨ સાગરમાં એક અંતર્મુહુર્ત ઓછું હોય છે અહિયાં વિશેષ ધ્યાન આપવાની વાત તો એ છે કે કોઇ જીવ પૂરા ૬૬ સાગર વેદક સમ્યકત્વમાં રહી જાય તો પછી ક્ષાયિક સમ્યકત્વ જ પ્રાપ્ત થશે આ કારણથી વેદક સમ્યકત્વમાં એક અંતર્મૂહુર્ત ઓછું બતાવ્યું છે.

એક જીવની અપેક્ષાએ ગતિ ઇન્દ્રિય વિગેરેની અપેક્ષાથી થી મિથ્યાદ્દષ્ટિ જીવોમાં કેટલાય પ્રકારની બંધ પ્રકૃતિઓ હોય છે આ પ્રમાણે ઉદય અને સત્વ ( બાંધેલા પુદ્ગલકર્મોનું કર્મ રૂપેબની રહેવું) પ્રકૃતિઓ હોય છે તો પણ સામાન્ય રીતે મિથ્યાદ્દષ્ટિ ૧૧૭ પ્રકૃતિઓનો બંધ થાય છે આમાં તીર્થંકર પ્રકૃતિ, નામ કર્મ, આહારક નામકર્મ, આહારક અંગોપાંગ નામ

કર્મનો બંધી થતો નથી બધી મળીને બંધ યોગ્ય પ્રકૃતિ એ ૧૧૭ માનવામાં આવી છે. કારણકે સમ્યમિથ્યાત્વ તથા સમ્યક્ પ્રકૃતિ માં તો બંધ થતો નથી તથા શરીર બંધન સંઘાતની ૧૫ પ્રકૃતિઓનો ૫માં સમાવેશ કરી લીધો છે અને સ્પર્શ ૮ રસ૫, ગંધર વર્ણ૫ આ ૨૦ પ્રકૃતિઓમાં ૪ મૂલ સમૂહમાં લઇ લીધી આ પ્રમાણે બધી મળી ૧૪૨ પ્રકૃતિઓમાંથી ૨+૧૦+૧૬=૨૮ પ્રકૃતિ બાદ કરતાં ૧૨૦ થાય છે.

સામાન્ય રીતે જોઈએ તો મિથ્યાદષ્ટિ જીવમાં ૧૧૭ પ્રકૃતિ ઓનો ઉદય છે તીર્થંકર નામ કર્મ આહારક શરીર નામ કર્મ આહારક અંગોપાંગ નામ કર્મ સમ્યકમિથ્યાત્વ પ્રકૃતિ તથા સમ્યક પ્રકૃતિ આ પાંચ પ્રકૃતિઓ માં ઉદય નથી ઉદય યોગ્ય બધી પ્રકૃતિ એ ૧૨૨ છે બંધ યોગ્ય પ્રકૃતિઓમાં સમ્ય મિથ્યાત્વ સમ્યક પ્રકૃતિને ઉમેરવાથી ઉદય યોગ્ય ૧૨૨ પ્રકૃતિ એ થાય છે મિથ્યાદષ્ટિ જીવમાં ૧૪૮ પ્રકૃતિઓનું સત્વ હોઇ શકે છે મિથ્યાદષ્ટિ અસદ્દષ્ટિ વ્યહાર દષ્ટિ અભૂતાર્થદષ્ટિ અયથાર્થ દ્રષ્ટિ અસત્માર્થ દ્રષ્ટિ પર્યાય દ્રષ્ટિ, પરસમય, પર્યાયમૂઢ. પર્યાયબુદ્ધિ, વિતથ દ્રષ્ટિ, વ્યસ્તક દષ્ટિ. મિથ્યા દૃષ્ટિ, મોહિ, મુગ્ધ મૂઢ વિગેરે બધાનો એકજ અર્થ છે.

જીવોને સંસાર કલેશનુ મૂળ કારણ મિથ્યાત્વ છે અનંતા નુબંધી કષાય તથા દર્શન મોહનો ઉપશમ તેમજ ક્ષયોપશમનું નિમિત્ત પામવાથી તેનો નાશ થાય છે જેમને મિથ્યાત્વનો અભાવ છે અર્થાત વેદક સમ્યકત્વ (સમ્યદર્શનની અનુભૂતિ) છે તેના સંસાર કલેશનો ક્ષય થાય છે દર્શન મોહના ઉપશમ તથા. ક્ષયોપશમનું નિમિત્ત આત્મ ભાવના છે આત્મ ભાવ-નાનુ કારણ ભેદ વિજ્ઞાન છે, ભેદ વિજ્ઞાનનું કારણ તત્વ

અભ્યાસ છે અને તત્વ અભ્યાસનું નિમિત્ત જ્ઞાનાચરણમાં વિશેષ ક્ષયોપશમ છે તો વિશિષ્ટ ક્ષયોપશમ તો પ્રાપ્ત થઇ ગયો હવે તત્વ અભ્યાસ કરીને તેને અભેદ સ્વભાવમાં લઈ જઇને પોતે પોતને નિર્વિકલ્પ બનાવીને મિથ્યાત્વ રહિત થઇ જુઓ આ પ્રમાણે મિથ્યાત્વ ગુણસ્થાનનું વર્ણન કરીને હવે સાસાદન સમ્યકત્વ ગુણસ્થાનના વિષયને કહીએ છીએ.

## ૨, સાસાદન સમ્યકત્વ ગુણસ્થાન

જે ઉપશમ સમ્યદૃષ્ટિ જીવના સમ્યકત્વનો વિનાશ થઈ ગયો અને મિથ્યાત્વકર્મના ઉદયથી તેને મિથ્યાત્વ પ્રાપ્ત ન થયું આ વચનગાળાના પરિણામોને સાસાદન સમ્યકત્વ કહેવામં આવે છે.

સાસાદન નામ સમ્યકત્વના વિનાશ (વિરોધના) નું છે. જે સાસાદન સહિત અર્થાત સમ્યકત્વની વિરાધના (વિનાશ) સહિત છે તેને સાસાદન સમ્યકદૃષ્ટિ કહે છે. આ જીવના આ પરીણામને સાસાદના સમ્યકત્વ કહે છે પ્રથમોપશમ સમ્યકત્વના વખતમાં વધારેમાં વધારે ૭ આવલી અને ઓછામાં ઓછો જઘન્ય એક સમય બાકી રહે ત્યારે) કોઇ એક અનંતાનુંબંધી કષાયના ઉદયથી જે ભાવોનું સ્થાન પ્રાપ્ત થાય તે અહી સમ્યકત્વ છૂટી જાય છે પરંતુ મિથ્યાત્વ નથી. તરતજ આવવાનું છે આસ્થિતિને સાસાદન સમ્યકત્વ ગુણસ્થાન કહેવામાં આવે છે (જૈન સિદ્ધાંત પ્રવેશીકા નં. ૫૯૯)

આયં અસાદયતિ ઈતિ આસાદનમ્! જે ઔપશમિક સમ્યકત્વના લાભ (આય) નો નાશ કરી દે તે સાસાદનનો અર્થ છે આ સાસાદન સહીત જે રહે તેને સાસાદન કહે છે.

આનું બીજુ નામ સાસન પણ છે. સાસન એટલે સમ્યકત્વનો (વીરાધના) નાશ તેની સાથે જે રહે તેને સાસન કહે છે આનું બીજુ નામ સાસ્વાદન પણ હોઈ શકે છે. સમ્યકત્વરૂપી રસના આસ્વાદન (અનુભુતી) સહીત જે રહે તે સાસ્વાદન સ+ આસ્વાદન = સાસ્વાદન થાય છે. પરંતુ સમ્યકત્વરૂપી રસને ભોગવવાળા પુરૂષની ઉલ્ટીનાસ્ વાદજેવો આખરે બગડેલો સ્વાદ છે આની પછી નિયમથી મિથ્યાત્વ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે.

આ ગુણસ્થાન વાળો જીવ અસદદષ્ટી (ખરાબ દષ્ટી વાળો) છે કારણ કે તેને અનંતાનુંબંધી કષાયથી ઉત્દ્રયવેલા વિપરીત અભિપ્રાય છે.

જેમકે કોઇ પર્વતના શીખર ઉપરથી પડી જાય અને જયાંસુધી જમીન ઉપર નીચે ન પડે તેના વચગાળાની સ્થિતિ જેવી આ સ્થિતિ છે તે પ્રમાણે સમ્યકત્વથી પડી જાય અને મિથ્યાત્વમાં ન આવી જાય તેના વચગાળાના પરીણામ આ ગુણસ્થાનમાં છે.

આ ગુણસ્થાનમાં ચારેય ગતિના જીવ હોય છે સાસાદનમાં મરીને નરકગતિમાં ઉત્પન્ન નથી થતા જીવ નરકગતિમાં સાસાદન ગુણસ્થાનને ઉત્પન્ન કરી લે છે અર્થાત સમ્યકત્વ ભ્રષ્ટ થઇને નારકી જીવ પણ સાસદનને પ્રાપ્ત કરે છે.

સાસદન ગુણસ્થાન વર્તી જીવને તીર્થંકર પ્રકૃતી તથા આહારક શરીર તથા આહારક અંગોપાંગ આમાંથી કોઇની સત્તા હોતી નથી અર્થાત આ પૈકી કોઇની પણ સત્તા હોય

તો તે જીવ સાસ્રાદન ગુણસ્થાનમાં નથી જતો. સાસાદન સમ્ય ગ્દષ્ટી જીવો વિષે વિશેષ જાણવા માટે વિસ્તાર સહીત સાસાદન સમ્યગ્દષ્ટિઓના પ્રકાર કહીએ છીએ.

**પ્રથમોપશમ ચ્યુત સાસાદન :-** જે જીવ પ્રથમોશમથી ચ્યુત (ભ્રષ્ટ) થઇને આ ગુણ સ્થાન માં આવ્યો છે. તે જીવ પ્રથમોશમ ચ્યુત સાસાદન સમ્યગ્દષ્ટિ છે

**દ્વિતીયોપશમ ચ્યુત સાસાદન મૃત્ત સાસાદનઃ-** જે જીવ દ્વિતીયોપશમથી ચ્યવીને સાસાદન ગુણ સ્થાનમાં આવી ગયો તે મરણ કરે તો દ્વિતીયોપશમ ચ્યુત સાસાદન મૃત સાસાદન છે આ જીવ દેવગતિમાં ઉત્પન્ન થાય છે આ સાસન જીવ અપર્યાપ્ત હોય છે અને અપર્યાપ્ત દશામાંજ મિથ્યા દૃષ્ટિ થઈ જાય છે.

**પ્રથમોપશમ ચ્યુત સાસાદન મૃત સાસાદન :-** જે જીવ પ્રથમોપશમથી ચ્યવીને સાસાદન ગુણ સ્થાનમાં આવી ગયો ત્યાં મરણ કરે તો તે પ્રથમોપશમ ચ્યુત સાસાદન મૃત સાસાદન છે આ જીવ પણ મરીને તિર્યંચ, મનુષ્ય અથવા દેવ આ ગતિઓમાંથી કોઇપણ એક ગતિમાં જાય છે.

**વિગ્રહ ગતિ સમાપ્ત સાસાદન :-** સાસન ગુણ સ્થાનના ૨-૧ સમય બાકી રહેતાં જીવમર્યો તો તેનું તે ગુણસ્થાન જન્મ સ્થાન ઉપર પહોંચતા સુધીમાં પુર્ણ થઈ શકે છે. આવો જીવ વિગ્રહ ગતિ સમાપ્ત સાસાદન છે.

**નિર્વૃત્ય પર્યાપ્તિ સમાપ્ત સાસાદનઃ-** જે જીવ જન્મસ્થાન ઉપર પહોંચી ને પણ સાસાદન રહે છે તે જીવ તેની શરીર પર્યાપ્તિ પુરી થતા પહેલાં જ તેનું પોતાનું સાસાદન ગુણસ્થાન પૂરૂ કરી દે છે અર્થાત્ મિથ્યાત્વ ગુણસ્થાન વર્તી થઈ જાય છે.

**ક્રોધ પ્રેરિત સાસાદનઃ**- ઉપશમ સમ્યકત્વ નો કાલ (સમય) ઓછામાં ઓછો એક સમય તથા વધુમાં વધુ છ આવલી બાકી રહે ત્યારે સાસાદન ગુણસ્થાન થયા કરે છે તે-અનંતાનુબંધી, ક્રોધ, માન માયા તથા લોભ આમાંથી કોઇનો ઉદય થતાં જ સાસાદન થાય છે તે જીવ ને તો અનંતાનું બંધી ક્રોધના ઉદયના નિમિત્તથી સાસાદન સમ્યકત્વ થયું છે તો તે ક્રોધ પ્રેરીત સાસાદન સમ્યગ્દ્રષ્ટિ છે.

**માન પ્રેરીત સાસાદન :**- જે જીવ અનંતાનુબંધી માન કષાયના ઉદયથી સાસાદન ગુણસ્થાનમાં આવ્યો છે તે માન પ્રેરીત સાસાદન છે.

**માયા પ્રેરીત સાસાદન :**- જે જીવ અનંતાનુબંધી માયા કષાયના ઉદયથી સાસાદન ગુણસ્થાનમાં આવ્યા છે તે માયા પ્રેરિત સાસાદન સમ્ય ગ્દ્રષ્ટિ જીવ છે.

**લોભ પ્રેરિત સાસાદન :**- જે જીવ અનંતાનુબંધી લોભ કષાયના ઉદયથી સાસાદન ગુણસ્થાનમાં આવ્યો છે તે લોભ પ્રેરિત સાસાદન સમ્યગ્દ્ષ્ટિ છે

આ રીતે બીજી અપેક્ષાઓથી પણ આના પ્રકાર જાણવા જોઇએ.

સાસાદન ગુણસ્થાનમાં મરણ કરીને જીવ બાદર એકે ન્દ્રિય, દ્વિન્દ્રિય (બે ઇન્દ્રિય) ત્રણ ઈન્દ્રિય, ચાર ઇન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય તથા સંતીં પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થઇ શકે છે.

સાસાદન ગુણ સ્થાનમાં બાદર એકેન્દ્રિય અપર્યાપ્ત બે-ઈન્દ્રિય અપર્યાપ્ત, ત્રણ ઈન્દ્રિય અપર્યાપ્ત ચાર ઇન્દ્રિય અપર્યાપ્ત

અસંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્ત સંજ્ઞી પચેન્દ્રિય અપર્યાપ્ત તથા સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત આ સાત પ્રકારના જીવ સમાસ થાય છે જે મત પ્રમાણે સાસાદન મરીને સંજ્ઞી પંચેન્દ્રિયમાં જ જીવ ઉત્પન્ન થાયછે તે અપેક્ષાએ બે જીવ સમાસ થાયછે ૧, સંજ્ઞ પંચેન્દ્રિય અપર્યાપ્ત અને ૨, સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત. સાસાદનમાં ૪ અપર્યાપ્તિઓ, ૫ અપર્યાપ્તિઓ, ૬, અપર્યાપ્તિઓ તથા ૬ પર્યાપ્તિઓ થાય છે અથવા ૬, અપર્યાપ્તિઓ તથા ૬ પર્યાપ્તિઓ થાય છે.

સાસાદનમાં પ્રાણ ૩, ૪, ૫. ૬, ૭, તથા ૧૦ પ્રાણ હોય છે અથવા ૭ અથવા ૧૦ પ્રાણ હોય છે.

સાસાદનમાં સંજ્ઞા (વાંછા) (ઇચ્છા) ૪ પ્રકારની આહાર ભય, મૈથુન, અને પરિગ્રહ,) ચાર, ગતિ ચાર, ઇન્દ્રિય જાત પાંચ અથવા એક સાજ્ઞી પંચેન્દ્રિય, કાય છ અથવા એક ત્રસ કાય હોય છે સાસાદનમાં યોગ ૧૩ હોય છે આમાં આહારક શરીર અને આહારક અંગોપાંગ આ બે નથી હોતાં. પરંતુ એક જીવની પર્યાપ્ત દશામાં ૯ અને યોગ્યતા અપર્યાપ્તિ અવસ્થામાં બે અથવા એક હોય છે એકી સાથે એકજ યોગ હોય છે.

સાસાનમાં ત્રણે વેદ હોયછે પરંતુ એક જન્મમાં એકજ વેદ હોય છે.

સાસનમાં કષાય ૨૫ હોયછે. એક જીવની અપેક્ષા ૭ અથવા ૮ અથવા ૯ કષાય હોય છે. સાસનમાં ત્રણ કુજ્ઞાન, એક અસંયમ, ૨ દર્શન, ૬ લેશ્યા, ભવ્યત્વ, સાસન સમ્યકત્વ, સંજ્ઞી અસંજ્ઞી બંને અથવા એકલા સંજ્ઞીજ, આહારક તથા અના હારક હોય છે.

ક્રમવાર બંને ઉપયોગ હોય છે.

સાસનમાં ધ્યાન આર્તધ્યાન ૪, રૌદ્રધ્યાન ૪, આમ આઠ હોય છે. એક જીવને એક સમયમાં એકજ ધ્યાન હોયછે.

સાસાદનમાં આશ્રવ ૫૦ હોયછે તેમાં પાંચ મિથ્યાત્વ તથા આહારક કાયયોગ તથા આહારક મિશ્રકાયયોગ નથી હોતા પર્યાત્પમાં ૪૭ આશ્રવ છે અને અપર્યાત્પમાં ૪૦ આશ્રવ છે. પરંતુ એક જીવની અપેક્ષાએ પર્યાપ્તમાં ૧૦ થી ૧૭ સુધી અને અપર્યાપ્તમાં પણ ૧૦ થી ૧૭ સુધી હોય છે.

સાસાદન ગુણસ્થાનમાં ભાવ ૩૨ હોય છે અને પર્યાપ્ત સાસાદનમાં પણ ૩૨ છે અને અપર્યાપ્તમાં પણ ૩૨ છે પરંતુ એક જીવની અપેક્ષાથી સાસાદન પર્યાપ્તમાં ૨૧ થી ૨૭ સુધી હોઇ શકે છે અને અપર્યાપ્તમાં ૨૦ થી ૨૭ સુધી હોઇ શકે છે

સાસાદન સમ્યગ્દષ્ટિ જીવોનું શરીર પ્રમાણ ઘનાંગુલ (સોયનું અણીયું લગભગ) ના અસંખ્યાતમા ભાગથી માંડી એક હજાર યોજન સુધીનું હોઇ શકે છે.

સાસન સમ્યગ્દષ્ટિઓની સંખ્યા વધુમાંવધુ પલ્યના અસંખ્યાત ભાગ પ્રમાણમાં છે, અને ઓછામાંઓછાં એક પણ રહે છે અને કદી એવું પણ બને છે કે એક પણ જીવ સાસાદન ગુણસ્થાનમાં હોતો નથી.

સાસાદન જીવ લોકના અસંખ્યાતમા ભાગમાં રહે છે સાસાદન સમ્યકત્વનો કાલ એક જીવની અપેક્ષાએ ઓછામાંઓછો એક સમય અને વધુમાં વધુ છ આવલી છે.

નાના જીવની અપેક્ષાએ એક સમયથી માંડી પલ્યના અસંખ્યાતમા ભાગ સુધી સાસન રહે છે. તે પછી નિયમથી તેમાં છુટકારો થઇ જાય છે વચમાં પણ કદી એક સમયનો અગર અધિક સમયનો વિરહ (છૂટકારો) થઈ શકે છે.

સાસાદનમાંથી નિકળીને જીવને મિથ્યાત્વ ગુણસ્થાનમાં જ પહોચવાનું થાય છે પરંતુ ચોથા પાંચમા તથા છઠા ગુણ-સ્થાનેથી જીવ નીકળીને સાસાદનમાં જઇ શકે છે ઉપશમ સમ્યકત્વનો નાશ થવાથી ચોથાથી જઇ શકે છે ઉપશમ સમ્યકત્વ તથા સંયમાસંયમની એક સાથે વિરાધના (નાશ) થવાથી પાંચમા ગુણસ્થાનેથી જીવ બીજા ગુણસ્થાને જાય છે અને ઉપશમસમકત્વ તથા મહાવ્રતની એક સાથે વિરાધના થવાથી છઠા ગુણસ્થાનેથી જીવ બીજા ગુણસ્થાને જાય છે.

સાસન ગુણસ્થાનમાં એક જીવની અપેક્ષાથી બંધ પ્રકૃતિઓની સંખ્યા જુદા જુદા પ્રકારની છે કારણકે ગતિ વિગેરેના ભેદોના લીધે આ વિધ વિધ પ્રકારની થઇ જાય છે નાના જીવનાં અપેક્ષા તેમાં બંધ પ્રકૃતિ ૧૦૧ છે કારણકે આ ગૂણસ્થાનમાં મિથ્યાત્વ હુંડક (જે બંધ પ્રકૃતિના ઉદયથી શરીર બેઢંગુ બની જાય નપુસંક અસંપ્રાપ્તપસ્રાટિકા )જે બંધ પ્રકૃતિના ઉદયના લીધે શરીરના જુદા જુદા હાંડકા નસાથી બંધાયેલા હોય પણ એક બીજાને ખીલાથી જડેલાં ન હોય એકેન્દ્રિય, સ્થાવર, આતાપ (સુર્યની ગરમી,) સુક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ બે ઈન્દ્રીય, ત્રણ ઇન્દ્રી, ચાર ઈન્દ્રીય, નરકગતિ, નરકગત્યાનુ પુર્વી (નામ કર્મ કે તેના ઉદયથી નરકમાં જીવતા જતાં પહેલાં શરીરના પ્રમાણ બરાબર આત્માનો આકાર વિગ્રહગતિમાં રહે છે) આ ૧૬ તો મિથ્યાત્વમાં બંધનો આગમ અભાવ નાશ કરવાવાળી (બંધ વ્યુચ્છિત્તિ વાલી) છે તથા તીર્થંકરતથા

આહારક શરીર અને આહારક અંગોપાંગ આ બે આહારક એ રીતે આ ૧૯ પ્રકૃતિઓનો બંધ થતો નથી સાસન ગુણસ્થાનમાં એક જીવની અપેક્ષાથી ગતિ વિગેરેના ભેદથી કર્મ પ્રકૃતિઓનો ઉદય ભિન્ન ભિન્ન પ્રકારમાં છે.

નાના પ્રકારના જીવની અપેક્ષાથી ૧૧૧ પ્રકૃતિઓનો ઉદય છે આમાં મિથ્યાત્વ, આતાપ, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ આ પાંચ મિથ્યાત્વના ઉદયનો નાશ કરવાવાળી તથા તીર્થંકર પ્રકૃતિ બે પ્રકારના આહારક, સમ્યગ્મિથ્યાત્વ, સમ્યકત્વ પ્રકૃતિ નરક ગત્યાનુપૂર્વી આ ૬ આ પ્રમાણે ૧૧ પ્રકૃતિઓનો ઉદય થતો નથી

સાસાદનમાં બાંધેલાં પુદ્ગલ કર્મોની સત્તા (સત્વ) નાના પ્રકારના જીવની અપેક્ષાએ ૧૪૫ પ્રકૃતિઓની છે કારણ કે જે તે તીર્થંકર પ્રકૃતિ તથા બે આહારકની સતા છે તે બીજા ગૂણ- સ્થાનમાં જતા નથી આ ગૂણસ્થાનમાં તીર્થંકર પ્રકૃતિ તથા બે આહારક એમ ત્રણની સત્તા હોતી નથી

આ ગૂણસ્થાનમાં મોહની પ્રેરણાથી પરિણામિકતા (આત્માના પરિણામોનું થવું) થવાથી પરિણામિક ભાવ છે. અર્થાત સાસાદન ગુણસ્થાન દર્શન મોહના ઉદયથી થતુ, નતો તેના ક્ષયથી થતુ કે ન તો ઉપશમથી થતુ કે નતો તેના ક્ષયોપશમથી થતુ આથી પરિણામિક ભાવ છે આ પરિણામિક પણ કેવળ દર્શન માટેની અપેક્ષાથી છે આને જીવત્વ ભવ્યત્વ તથા અભવ્યત્વની પરિણામિકતા જેવી પારિણામિતા ન સમજવી કારણકે જીવત્વ વિગેરે તો આઠ કર્મોને લીધે પરિણામિક છે પરંતુ સાસાદન ગુણસ્થાન કેવળ દર્શન મોહને લીધે પરિણામિક છે.

આ ગુણુસ્થાન અનંતાનુબંધી કષાયના ઉદયથી થાય છે આથી તેને ઔદયિક પણ કહી શકીએ છીએ પરંતુ આ કથનની પ્રધાનતા નથી કારણ કે શરૂનાં ચાર ગુણુસ્થાનો દર્શન મોહની અપેક્ષાએ કહેવામાં આવ્યાં છે. આ ગુણુસ્થાનમાં મોહ નિમિત્ત છે કારણ કે મોહની અપેક્ષાથી પારિણામિકતા થવાથી આ ગુણુસ્થાન બન્યું છે. આ ગુણુસ્થાન તથા આ ગુણસ્થાનમાં રહેનારા જીવનું સાંકેતિક સંક્ષિપ્ત નામ સાન પણુ છે ‘સ’ એટલે સહિત ‘અન’ યાને અનંતાનુબંધી અર્થાત્ જે અનંતાનુબંધી કષાયના ઉદય સહિત છે એટલે કે જેનામાં અનંતાનુબંધી કષાયનો ઉદય થએલો છે તેને ’સાન’ કહે છે જો કે અનંતાનુબંધી કષાયનો ઉદય પહેલા ગુણુસ્થાનમાં પણુ છે તો પણુ તે મિથ્યાત્વભાવની પણુ સહિત છે આથી આ શબ્દથી મિથ્યાત્વમાં ઉદય રહિત અનંતાનુબંધીના ઉદયની વિશેષતા પ્રગટ કરવામાં આવી છે સાસાદન ગુણુસ્થાનમાં મિથ્યાત્વનો ઉદયનથી અને અનંતાનુબંધી કષાયનો ઉદય છે આથી ‘સાન’ શબ્દથી બીજા ગુણુસ્થાન તથા બીજા ગુણુસ્થાનવર્તી જીવોનું ગ્રહણુ થયું.

સાસાદન સમ્યગ્દ્રષ્ટિ, સાસાદન સમ્યકત્વ, સાસાદન, સાસન, સાસ્વાદન, સાન આ બધા એક અર્થવાચક છે. આ પ્રમાણે સાસાદન સમ્યકત્વનું વર્ણન કરી ને હવે સમ્યગ્મિથ્યાત્વ ગુણુસ્થાનનું વર્ણન કરીએ છીએ

## ૩. સમ્યગ્મિથ્યાત્વ ગુણુસ્થાન

સમ્યક્ એટલે સમીચીન (સાચી) મિથ્યા (જુઠી) દષ્ટિ કહેતાં શ્રદ્ધા યાને રૂચિ જેને હોય છે તે સમ્યગ્મિથ્યા દષ્ટિ

છે તેના પરિણામને સમ્યગ્મિથ્યાત્વ કહે છે ગુણીમાં ગુણને ભેદ પાડયા વિના બધાં ગુણસ્થાન અને ગુણસ્થાનમાં વર્તનારાઓનાં નામ છે અને ગુણસ્થાનવર્તી જીવજ ગુણસ્થાન છે

એક સાથે સમીચીન (સાચી) અને અસમીચીન (જુઠી) શ્રધ્ધાવાળો જીવ સમ્યગ્મિથ્યાદ્રષ્ટિ છે જેમકે પહેલાં માનેલા અન્ય દેવતાઓનો પરિત્યાગ કર્યા વિના અરહંત પણ દેવ છે તેવી તેમાં શ્રધ્ધા હોવી આ પ્રમાણે તત્વ વિગેરેના સબંધોમાં લાગુ પાડી દેવું

જેમકે કોઈ પુરૂષની કોઈ સાથે મિત્રતા છે અને કોઇ સાથે શત્રુતા છે તો મિત્રતા અને શત્રુતાનો બંને પ્રકારનો ભાવ એક પુરૂષમાં હોવાનો સંભવ છે આ પ્રમાણે તત્વ શ્રધ્ધાન અને અતત્વશ્રધ્ધાન એકી સાથે જીવમં કદી હોવાનો સંભવ છે.

આ ગુણસ્થાન નતો સમ્યકત્વરૂપજ છે અને નતો મિથ્યાસ્વરૂપ જ છે પરંતુ બંનેમાં વિલક્ષણ મિશ્રરૂપ છે. જેમકે દહિં અને ગોળનાં મિશ્રણમાં નતો એકલા દહિંનો સ્વાદ આવે છે ન તો ગોળનો સ્વાદ હોય છે, પરંતુ બંનેના મિશ્રણથી જુદાજ પ્રકારનો (વિલક્ષણ) મિશ્ર સ્વાદ આવે છે.

સમ્યગ્મિથ્યાત્વ ગુણસ્થાન સમ્યગ્મિથ્યાત્વ પ્રકૃતિના ઉદયથી થાય છે પરંતુ આ ઉદય શિક્ષિલરૂપ છે; ક્ષાયોપશમ વત્ છે અથવા મિશ્રરૂપ છે આથી ક્ષાયોપશમિક ભાવ છે. સમ્યગ્મિથ્યાત્વ પ્રકૃતિનું બીજુ નામ મિશ્રસમ્યકત્વ છે. આ પ્રકૃતિ મિથ્યાત્વના સ્પર્દ્ધકની શિથિલતાથી તુટી ફુટી બને છે આથી તેનો ઉદય ક્ષાયોપશમિક જેવો છે.

આ ગુણસ્થાનમાં જોકે એવી પણ સ્થિતિ રહે છે કે મિથ્યાત્વ પ્રકૃતિના સર્વઘાતી સ્પર્દ્ધકોનો ફળ આપ્યા શિવાય આત્માથી કર્મનો સબંધ છૂટી જવાપણું હોય છે (ઉદયાભાવી ક્ષય). તથા આગામી ઉદય યોગ્ય આ સ્પર્દ્ધકોમાં બંધ સ્થિતિ પૂરી કરીને પોતે સમયસર પાકી કર્મનુ ફળ આપ્યા સિવાય (ઉદયભાવરૂપ) ઉપશમ તથા સમ્યકમિથ્યાત્વનો ઉદય હોય છે પરંતુ આ કારણથી ક્ષાયોપશમિક ભાવ કહેવાતો નથી.

સ્પર્દ્ધક :– અનુભાગ શકિતના અવિભાગી અંશને અવિભાગી પ્રતિચ્છેદ કહે છે. સમાન અવિભાગ પ્રતિચ્છેદોના સમૂહને વર્ગ્યા પરમાણુ કહે છે. આ વર્ગોના સમૂહને વર્ગણા તથા વર્ગણાઓના સમૂહને સ્પર્દ્ધક કહે છે (જૈન સિદ્ધાંત પ્રવેશિકા). કારણ કે ઉપશમ સમ્યકત્વથી ત્રીજા ગુણસ્થાને આવેલા સમ્યકમિથ્યાદષ્ટિમાં મિથ્યાકત્વનો ઉદયાભાવી ક્ષય જોવામાં આવતો નથી પરંતુ ઉદયાભાવ મળી આવે છે. તથા આ પ્રમાણે ક્ષાયોપશમિક માનતાં સાદિ મિથ્યાદષ્ટિ જીવનો પણ મિશ્રસમ્યકત્વ તથા સમ્યક પ્રકૃતિનો ઉદયાભાવી ક્ષય તથા ઉદયાભાવરૂપ ઉપશમ તથા મિથ્યાત્વનો ઉદય હોવાથી મિથ્યાત્વ ગુણસ્થાનને પણ ક્ષાયોપશમિક માનવું પડશે

આ ગુણસ્થાનમાં જો કે અનંતાનુબંધીના ક્ષાયોપશમની પણસ્થિતિ રહે છે પરંતુ આ કારણથી પણ ક્ષાયોપશમિકતા નથી, કારણ કે પહેલાં ચાર ગુણસ્થાન દર્શન મોહના નિમિત્તથી થાય છે એમ માનવામાં આવ્યું છે તેથી તો બીજા ગુણસ્થાનને પણ ઔદયિક કહ્યું નથી બીજી વાત એ છે કે ઉપશમ સમ્યકત્વથી મિશ્રગુણસ્થાનમાં આવેલા જીવનો અનંતાનુબંધીનો

ઉદયાભાવીક્ષય મળી આવતો નથી, ફકત ઉદયાભાવ જોવામાં આવે છે. આ ગુણસ્થાનમાં સમ્યક પ્રકૃતિનો ઉદય, ક્ષય તથા તેનો ઉદયાભાવ ઉપશમ તથા સમ્યગ્મિથ્યાત્વના ઉદયથી ક્ષાયોપશમિકતા માનવી નહિ કારણ કે ઉપશમ સમ્યકત્વથી મિશ્રમાં આવેલા જીવનો સમ્યકત્વ પ્રકૃતિનો ઉદયાભાવી ક્ષય મળી આવતો નથી, માત્ર ઉદયાભાવરૂપ ઉપશમ રહે છે

ઉપર કહેલી ત્રણે પ્રકારની ક્ષાયોપશમિકતાઓનું જ્ઞાન તો અવશ્ય કરી લેવું જોઇએ. પરંતુ આ ગુણસ્થાનમાં આ હેતુથી ક્ષાયોપશમિકતા માનવી જોઇએ નહિ કારણ કે તે લક્ષણોમાં અવ્યાપ્તિ દોષ છે.

હવે સમ્યગ્મિદ્દષ્ટિઓની કેટલીક વિશેષતાઓ માટે તેના પ્રકારોનું થોડું વર્ણન કરીએ છીએ.

## વેદક યોગ્ય મિથ્યાત્વાગત સમ્યગ્મિથ્યાદ્રષ્ટિઃ-

જે જીવ પ્રથમોપશમ સમ્યકત્વને ઉત્પન્નકરીને તેની પછી અથવા યથાસમય સુધી યથાયોગ્ય અવસ્થા પછી મિથ્યા દ્રષ્ટિ થયો છે તેનામાં સમ્યકત્વ નિરોધિની (સમ્યકત્વને બાધકરનારી) સાતે પ્રકૃતિઓનું સત્વ (બાંધેલાં કર્મપુદ્‌ગલોની કર્મરૂપી બની રહેવાની સત્તા) છે તેના વેદક યોગ્ય કાલની અંદર જો સમ્યગ્મિથ્યાત્વનો ઉદય આવી જાયતો તે વેદક યોગ્યસમ્યગ્મિમ્યત્વાગત સમ્યગ્મિથ્યાદ્રષ્ટિ જીવછે તેના મિથ્યાત્વ, સમ્યક પ્રકૃતિ તથા અનંતાનુબંધીનો ઉદય અભાવી ક્ષય તથા ઉદય અભાવ ઉપશમ તથા સમ્યગ્મિથ્યાત્વ તથા અન્ય કષાયોનો ઉદય છે.

## દ્વિતીયોપશમાગત સમ્યગ્મિથ્યાદૃષ્ટિ :-

દ્વિતીય ઉપશમના સમ્યક્ત્વનો વખત સમાપ્ત થતાં જો સમ્યગ્મિથ્યાત્વનો ઉદય આવી જાય તો તે દ્વિતીયોપશમાગત સમ્યગ્મિથ્યા દ્રષ્ટિ છે તેને મિથ્યાત્વ તથા સમ્યક્ત્વ પ્રકૃતિનો ઉદય અભાવરૂપ ઉપશમ રહે છે દ્વિતીયોશમ સમ્યગ્દૃષ્ટિ શ્રેણીમાં તો ક્રમવાર ઉતરીને છઠા સુધી આવે છે તેની પછી ક્રમશઃ અથવા એકદમ સમ્યગ્મિથ્યાદ્રષ્ટિ થઇ શકે છે.

## પ્રથમોપશમાગત સમ્યગ્મિથ્યાદૃષ્ટિ

જે પ્રથમોપશમ સમ્યક્ત્વથી ચ્યવીને ત્રીજા ગુણસ્થાનમાં આવ્યો છે તે પ્રથમોપશમાગત સમ્યગ્મિથ્યાદૃષ્ટિ છે આ સમ્યગ્દ્રષ્ટિ જીવે જો અનંતાનુંબંધીનો પ્રશમોપશમ કર્યો હતો તો ત્યાં મિથ્યાત્વ તથા સમ્યક્પ્રકૃતિનો ઉદયઅભાવ તથા અનંતાનુંબંધી સિવાય અન્ય કષાય તથા સમ્યગ્મિથ્યાત્વનો ઉદય રહે છે.

## વેદક સમ્યક્ત્વાગત સમ્યગ્મિથ્યાદૃષ્ટિ

જો વેદક સમ્યક્ત્વથી ચ્યવીને સમ્યગ્મિથ્યાત્વમાં આવ્યો તે જીવ વેદક સમ્યક્ત્વાગત સમ્યગ્મિથ્યાદૃષ્ટિ છે આ જીવના મિથ્યાત્વ, સમ્યક્પ્રકૃતિ તથા અનંતાનુબંધીનો ઉદયાભાવી ક્ષય તથા ઉદયા ભાવરૂપ ઉંપશમ તથા સમ્યગ્મિથ્યાત્વ તથા અન્ય કષાયનો ઉદય રહે છે.

## ૨૮ની સત્તાવાળા સમ્યગ્મિથ્યાદ્રષ્ટિ :-

૨૮મોહનીય કર્મપ્રકૃતિ–દર્શન મોહનીયની૩, (૧) મિથ્યાત્વ, (૨) સમ્યગ્મિથ્યાત્વ (૩) સમ્યક્ત્વ, ચારિત્ર મોહનીયની ૨૫-

૧૬ કષાય ૪ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, ૪-અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ વિગેરે, ૪ પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ વિગેરે ૪ સંજ્વલન ક્રોધ વિગેરે, નોકષાય ૯ઃ હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુંવેદ, નપુંસક વેદ, ૨૮ પ્રકૃતિની સત્તાવાળો જીવ મિથ્યાત્વમાંથી ત્રીજા ગુણસ્થાનમાં આવેલો અથવા વેદક સમ્યકત્વથી ચ્યવીને મિશ્ર ગુણસ્થાનમાં આવેલો જીવ ૨૮ની સત્તવાળો સમ્યગ્મિથ્યાદ્રષ્ટિ છે.

## ૨૪ની સત્તાવાળો સમ્યગ્મિથ્યાદષ્ટિ :-

અનંતાનુબંધી કષાયથી મુકત દ્વિતીયોપશમ સમ્યકત્વ સ્થાનથી ભ્રષ્ટ થઇને જે સમ્યગ્મિથ્યાદષ્ટિ થયો છે તે ૨૪ની સત્તાવાળો સમ્યગ્મિથ્યાદષ્ટિ છે

## ઉપર્યાગતિગતિક સમ્યગ્મિથ્યાદષ્ટિઃ-

જે ઉપરનાં ગુણસ્થાનોમાંથી ચ્યવીને (ભ્રષ્ટ થઇને) સમ્યગ્મિથ્યાદષ્ટિ થયો અને પછી અવિરત સમ્યકત્વમાં પહોંચ્યો તો તે સમ્યક્દષ્ટિ જીવ ઉપર્યાગતિ ગતિક સમ્યગ્મિથ્યાદષ્ટિ છે તે જીવનો આ ગુણસ્થાનમાં સર્વજઘન્ય (ઓછામાં ઓછો) કાલ હોતો જ નથી કારણકે સમ્યકદષ્ટિ જીવ સંકલેશ પરિણામોને લીધે સમ્યગ્મિથ્યાત્વમાં આવ્યો તેને ફરી ઉપરજ જવા માટે તેનો વિશુદ્ધ પરિણામ હોવા જોઈએ તેથી આમાં વિલંબ થઇ જાય છે.

## ઉપર્યાગિત્યધોગતિક સમ્યગ્મિથ્યાદષ્ટિઃ-

જે જીવ ચોથા વિગેરે ઉપરનાં ગુણસ્થાનેથી ચ્યવીને સમ્યગ્મિથ્યાત્વમાં આવ્યો તથા પછી મિથ્યાત્વ ગુણસ્થાનમાં આવે

તો તે ઉપર્યાગત્મઘોગતિક સમ્યગ્મિથ્યાદૃષ્ટિ જીવ છે તેનો ઓછામાં ઓછો વખત અંતર્મુહુર્ત હોઈ શકે છે કારણ કે સંક્લેશ પરિણામોથી નીચે પડી જઇને ત્રીજા ગુણસ્થાને આવેલા તથા સંક્લેશ પરિણામથી જ મિથ્યાત્વમાં પહોંચેલા જીવને આ ગુણસ્થાનમાંથી નિકળતાં ઢીલ થતી નથી.

**અધઃ સમાયાતોપરિગતિક સમ્યગ્મિથ્યાદૃષ્ટિઃ-**

વિશુધ્ધ પરિણામોદ્વારા ત્રીજા ગુણસ્થાને પહોંચેલા અને પછી તરતજ વિશુધ્ધ પરિણામોને લેવી અવિરત સમ્યકત્વમાં પહોંચવાવાલા જીવને ત્રીજા ગુણસ્થાનમાં અધઃસમાયાતોપરિગતિક સમ્યગ્મિથ્યા દૃષ્ટિ કહે છે આનો કાલ પણ પહેલાં ઉપર જણાવ્યા પ્રમાણે જઘન્ય છે.

**અધઃ સમાયાધોગતિક સમ્યગ્મિથ્યાદૃષ્ટિ**

મિથ્યાત્વ ગુણસ્થાનથી ત્રીજા ગુણસ્થાને પહોંચવાવાળો તથા પછી મિથ્યાત્વમાં જ જવાવાળા જીવનો ત્રીજા ગુણસ્થાનમાં અધઃસમાયાધોગતિક સમ્યગમિથ્યાદૃષ્ટિ જીવ કહે છે આનો પણ જઘન્ય કાળ પહેલાં જણાવ્યા પ્રમાણે અલ્પ હોતો નથી કારણકે આ જીવને વિશુધ્ધ પરિણામાંથી સંક્લિષ્ટ પરિણામ કરવા પડે છે.

સમ્યગ્મિથ્યાત્વ ગુણસ્થાનમાં જીવનું મરણ થતું નથી તથા આ ગુણસ્થાનમાં આયુષ્યનો બંધ થતો નથી સમ્યગ્મિથ્યા દ્રષ્ટિ જીવનો મરણકાલ જો શીઘ્ર આવી જાય તો જો મિથ્યાત્વ અવસ્થામાં આયુષ્યનો બંધ થઇ ચુકયોહતો તો મિથ્યાત્વમાં

તે જીવ જશે તથા જો સમ્યકત્વમાં આયુષ્યનો બંધ થઈ ગયો હતો તો અવિરત સમ્યકત્વમાં જશે અને ત્યાં મરણ કરશે અર્થાત્‌તેનવીન આયુષ્યનો ઉદય પામશે.

આ ગુણસ્થાનમાં તીર્થંકર પ્રકૃતિની સત્તાવાળો જીવ હોતો નથી અર્થાત તીર્થંકર પ્રકૃતિની સત્તાવાળો જીવ ત્રીજા ગુણસ્થાનમાં આવતો નથી તીર્થંકર પ્રકૃતિની સત્તાવાળો જીવ કદી સમ્યકત્વ રહિત હોતો નથી કેવળ એ વિવશતા હોય છે કે સમ્યકત્વ પહેલાં નરકાયુષ્યનો જો બંધ કરી લીધો હોય, ફરી પાછો સમ્યકત્વ પ્રાપ્ત કરી લે અને તીર્થંકર પ્રકૃતિનો પણ બંધ કરી લે તો તે જીવ મરણ સમયે સમ્યકત્વથી ચ્યવી જાય છે તે કાલમાં ફકત ત્રણ અંતમુહર્તનું છેટુ પડે છે આવો જીવ સમ્યગ્મિથ્યાત્વ ગુણસ્થાનમાં તથા સાસાદન ગુણસ્થાનમાં કોઇ પણ રીતે જતો નથી આ જીવને ક્ષાયિક સમ્યકત્વ હોતું નથી અન્ય સમ્યકત્વ હોય છે.

આ ગુણસ્થાનમાં સંજ્ઞી પંચેન્દ્રિય પ્રર્થાપ્ત જીવને ૬ પર્યાપ્તિ ઓ, ૧૦ પ્રાણ, ૪, સંજ્ઞા, ૪, ગતિ, ૫ પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૧૦ યોગ, ૩, વેદ અને ૨૧ કષાય હોય છે સમ્યગ્મિથ્યા ગુણસ્થાનમાં ત્રણ મિશ્રજ્ઞાન હોય છે. સમ્યગ્મિથ્યા દષ્ટિના પરિણામ સમ્યક તથા મિથ્યા મિશ્રરૂપ હોય છે આથી તેના જ્ઞાનને પણ મિશ્રજ્ઞાન સમજવું જોઇએ.

આ ગુણસ્થાનમાં અસંયમ, દર્શન ૨, લેશ્યા ૬, ભવ્યત્વ સમ્યગ્મિથ્યાત્વ, સંજ્ઞી તથા આહારક હોય છે ક્રમવાર બંને પ્રકારના ઉપયોગ થાય છે મિશ્રાગુણસ્થાનમાં ધ્યાન હોય છે ૪ આર્તધ્યાન રૌદ્રધ્યાન, ૪, તથા આજ્ઞા વિચય ધર્મધ્યાન કેટલાક આચાર્યોના મત પ્રમાણે આઠ પ્રકારના ધ્યાન

માનવામાં આવ્યા છે –આર્તધ્યાન ૪, ૨, ૩, ધ્યાન ૪.

## મિશ્ર ગુણસ્થાનમાં આશ્રવઃ—

અવિરતિ ૧૨, કષાય ૨૧, યોગ ૧૦, આ પ્રમાણે બધા મળીને ૪૩ થાય છે મિશ્ર ગુણસ્થાનમાં ઓછામાં ઓછા ૨૧ તથા-વધારેમાં વધારે ૨૮ થાય છે. જુદા જુદા પ્રકારના જીવોની અપેક્ષાથી ૩૨ ભાવ થાય છે. સમ્યગ્મિથ્યાદસ્ટિ જીવોનું દેહપ્રમાણ ઘનાંગુલથી અસંખ્યાતમાં ભાગથી માંડી ૧૦૦૦ યોજન સુધીનું હોય છે. સમ્યગ્મિથ્યાદસ્ટ જીવોનો નિવાસ લોકોના અસંખ્યાતમા ભાગમાં છે.

આ ગુણસ્થાનનો કાલ અંતમુહૂર્ત જ છે પરંતુ જાત જાતના જીવોની અપેક્ષાથી વધારેમાં વધારે પલ્યની અસં-ખ્યાતમા કાલ સુધી હંમેશા બની રહી શકે છે આ લોકમાં કોઇપણ સમ્યગ્મિથ્યાદષ્ટિ જીવ ન હોય એવો વખત આવી જાય તો ઓછામાં ઓછો એક સમય અને વધુંમાં વધુ પલ્યના અસંખ્યાતમા ભાગ કાલ સુધીનું આ અંતર પડી જાય છે

મિશ્રગુણસ્થાનમાં સમસ્ત બંધ યોગ ૧૨૦ પ્રકૃતિઓમાંથી ૭૪ પ્રકૃતિઓમાં જ થાય છે મિથ્યાત્વમાં વ્યુચ્છિન્ન ૧૬ પ્રકૃતિ તથા સાસાદનમાં વ્યુચ્છિન્ન (નાશ પામેલી) અનંતાનુબંધીની પ્રકૃતિઓ ૪ નિદ્રાનિદ્રા, પ્રચલા પ્રચલા સત્યાનગૃધ્ધિ દુર્ભગ દુઃસ્વર, અનાદેય વચલાંચાર સંસ્થાન, તથા ચાર સંહનન અપ્રશસ્ત વિહાયોગતિ સ્રીવેદ, નીચ ગોત્ર, તિર્યંચ ગતિ તિર્યંચ ગત્યાનુપુર્વી ઉદ્યોન, તીર્યગાયુ તથા ૨૫ પ્રકૃતિઓ તથા તીર્થંકર પ્રકૃતિ બે પ્રકારમાં આહારક તથા મનુષ્ય આયુષ્ય તથા દેવ આયુષ્ય આ ૪૬ પ્રકારની પ્રકૃતિઓનો બંધ થતા નથી આ

નાના પ્રકારના જીવની અપેક્ષાથી છે આ ગુણસ્થાનમાં જીવ સમુહની અપેક્ષાથી ૧૦૦ પ્રકૃતિઓનો ઉદય છે. મિથ્યાત્વમાં ઉદયવ્યુચ્છિન્ન પાંચ પ્રકૃતિઓ સાસાદન ગુણસ્થાનમાં વ્યુચ્છિન્ન અનંતાનુબંધી ૪, એકેન્દ્રિય, સ્થાવર, બે ઇન્દ્રિય, ચારઈન્દ્રિય આ ૯, સમ્યક પ્રકૃતિ, તીર્થંકર પ્રકૃતિ બે પ્રકારના આહારક ચાર આનુપુર્વી આ પ્રમાણે ૨૨ પ્રકૃતિઓનો ઉદય આ ગુણસ્થાનમાં હોતો નથી.

મિશ્રગુણસ્થાનમાં જુદા જુદા પ્રકારના જીવોના સમુહની અપેક્ષાથી ૧૪૭ પ્રકૃતિઓનું સત્વ છે આમાંતીર્થંકર પ્રકૃતિનું સત્વનથી એક જીવની અપેક્ષાએ નાની પ્રકારના જીવો હોવાથી સત્વના બંધના તથા ઉદયના પણ કેટલાક જુદા જુદા પ્રકાર છે સમ્યગ્મિથ્યાત્વ, મિશ્રસમ્યકત્વ સમ્યગ્મિથ્યાદષ્ટિ ઉભયદષ્ટિ તથા મિશ્રદષ્ટિ આ બધા શબ્દોનો એક અર્થ છે આ પ્રકારે સમ્યગ્મિથ્યાત્વ ગુણસ્થાનનું વર્ણન કરીને હવે અવિરત સમ્યકત્વ ગુણ સ્થાનનું વર્ણન કરીએ છીએ

## ૪. અવિરત સમ્યકત્વ

જ્યાં સમ્યગ્દર્શન તો પ્રગટ થઇ ગયું છે પરંતુ એક દેશ (અણુવ્રત) અથવા સર્વદેશ (મહાવ્રત) કોઈપણ પ્રકારનું વ્રત યાનેસંયમ ન થયો હોય તેને અવિરત સમ્યકત્વ ગુણસ્થાન કહે છેઅને અવિરત સમ્યકત્વ ગુણસ્થાન વર્તી જીવને અવિરત સમ્યગ્દ્રષ્ટિ કહે છે આ ગુણસ્થાનની વિશેષ જાણકારી માટે પહેલાં કંઇક અવિરત સમ્યગ્દષ્ટિઓના પ્રકાર કહીએ છીએ

## ૧, આદ્ય પ્રથમોપશમ સમ્યગ્દષ્ટિ

અનાદિનો મિથ્યાદષ્ટિ જીવ મિથ્યાત્વ તથા અનંતાનુબંધીની ૪ (ક્રોધ, માન, માયા, લોભ) આ પ્રમાણેની પાંચ

પ્રકારની પ્રકૃતિઓના ઉપશમથી ઉપશમ સમ્યકત્વ ઉત્પન્ન કરે છે ત્યારે તે જીવ આદ્ય પ્રથમોપશમ સમ્યગ્દષ્ટિ કહેવાય છે (આ વખતે આત્મતત્ત્વ પ્રાતતીરૂપ શ્રધા પ્રગટ થઇ જાય અને સમ્યકત્વગુણ ઝબકી ઉઠે તેનો વખત અંતમુહૂર્તથી વધું નથી જૈન શબ્દાર્ણ પાન–૫૫૪) આને પ્રથમોપશમ સમ્યકત્વ કહે છે.

## ૨, પ્રથમોપશમ સમ્યકત્વાગત વેદક સમ્યગ્દષ્ટિ

પ્રથમોપશમ સમ્યકત્વના પરિણામે પ્રથમોપશમ સમ્યકત્વના પ્રથમ સમયમાં જ મિથ્યાત્વના ત્રણ ભાગ થાય છે ૧ મિથ્યાત્વ, ૨ સમ્યગ્મિથ્યાત્વ; ૩ સમ્યકપ્રકૃતિ (દર્શન મોહનીય કાર્યની આત્રણ પ્રકૃતિઓ છે સમ્યક પ્રકૃતિ જે કર્મના ઉદયથી સમ્યકત્વ પર્યાયનાં મુળનો ઘાત તો ન થાય પરંતુ આ પ્રકૃતિથી ચલ, મલાદિક દોષ ઉપજે નિર્મલ સમ્યકત્વ ન રહે તેને સમ્યક પ્રકૃતિ કહે છે)

તો પ્રથમોપશમ સમ્યકત્વના પછી જો સમ્યક પ્રકૃતિનો ઉદય આવી જાય અને બાકીની છ પ્રકૃતિઓ (મિથ્યાત્વસમ્યગ્મિથ્યાત્વ અને અનંતાનુંબંધી કષાયની ૪ મળી છ પ્રકૃતિઓ) નો ઉદયાભાવીક્ષય ફળ આપ્યા વિના આત્માથી કર્મનો સબંધ છુટી જાય તથા સદયાસ્થારૂપ યાને વર્તમાનકાળને છોડીને ભવિષ્યમાં ઉદયમાં આવવા યોગ્ય કર્મોને સનામાંગાને કાબુમાં રાખવારૂપ ઉપશમ રહે આવા પ્રકારની સ્થિતિના નિમિત્તથી સમ્યકત્વ ઉત્પન્ન થાય તે જીવને પ્રથમોપશમ સમ્યકત્વાગત વેદક સમ્યગ્દષ્ટિ કહેછે. અહિં સમ્યકત્વ પ્રકૃતિનુ ફળ વેદનામાં ભોગવવામાં આવેછે તેથી તેને વેદક કહે છે.

છુટી જાય તથા સદ્દયસ્થારૂપ યાને વર્તમાન કાળને છોડીને ભવિષ્યમાં ઉદયમાં આવવા યોગ્ય કર્મોને સત્તામાં યાને કાબુમાં રાખવારૂપ ઉપશમ રહે આવા પ્રકારની સ્થિતિના નિમિતથી સમ્યકત્વ ઉત્પન્ન થાય તે જીવને પ્રથમોપશમ સમ્યકત્વાગત વેદક સમ્યગ્દષ્ટિ કહે છે અહિ સમ્યકત્વ પ્રકૃતિનુ ફળ વેદવામાં ભોગવવામાં આવે છે તેથી તેને વેદક કહે છે.

## ૩ મિથ્યાત્વગત વેદક સમ્યગ્દષ્ટિ

મોહનીયકર્મની ૨૮ પ્રકૃતિની દર્શન મોહનીયની ત્રણપ્રકૃતિ તથા ચારિત્ર મોહનીયની ૧૬ કષાય અને ૯ નોકષાયની મળી ૨૫ પ્રકૃતિ બંને મળી ૨૮ પ્રકૃતિ સતાવાળા મિથ્યાદષ્ટિની સમ્યક્ પ્રકૃતિનો ઉદય અને બાકીની પ્રકૃતિઓનો ઉદયાભાવીક્ષય તથા ઉપશમ રહે તેવી સ્થિતિના નિમિતથી ઉત્પન્ન થએલા સમ્યકત્વવાળા જીવને મિથ્યાત્વગત વેદક સમ્યગ્દષ્ટિ કહે છે.

## ૪ સમ્યમિથ્યાત્વગત વેદક સમ્યગ્દષ્ટિ

સમ્યગ્મિથ્યાતાવ ગુણસ્થાનની પછી ઉપર કહેલી સ્થિતિના નિમિતથી ઉત્પન્ન થએલા સમ્યકત્વવાળા જીવને સમ્યગ્મિથ્યાત્વાગત વેદક સમ્યગ્દષ્ટિ કહે છે.

## ૫, દ્વિતીયોપશમ આગત વેદક સમ્યગ્દષ્ટિ :-

ઉપશમશ્રેણી થી ઉતરેલા દ્વિતીયોપશમ સમ્યગ્દષ્ટિને ચોથા ગુણસ્થાનથી સાતમા ગુણસ્થાન સુધીમાં જો તેને સમ્યક પ્રકૃતિનો ઉદય આવી જાયતો તેને દ્વિતીયો પશમાગત વેદક સમ્યગ્દષ્ટિ કહે છે (વધુ માટે જુઓ પ્રશ્ન ૪૯૦ નો ઉતર શ્રી જૈન સિધ્ધાંત પ્રવેશિકાઃ પંગોપાલ દાસજી બરૈયા )

૬, કૃત કૃત્યવેદક સમ્યગ્દષ્ટિ–

વેદક સમ્યગ્દષ્ટિ જીવ સાત પ્રકૃતિઓના ક્ષય નો પ્રારંભ કરે છે ત્યારે અનંતાનુબંધી કષાયને ત્યજી દઈ તેનો ક્ષય કરી ને તથા મિથ્યાત્વ તથા સમ્યગ્મિથ્યાત્વ નો ક્ષય કરી ને સમ્યક પ્રકૃતિના દંડના અંતિમ છેડાનો નાશ કરી નાખે છે ત્યારથી ક્ષાયિક સમ્યકત્વ ઉત્પન્ન થતા સુધીની શરૂના પહેલા વખત સુધી તે જીવ કૃતકૃત્ય વેદક સમ્યગ્દષ્ટિ કહેવાય છે.

૭. ૨૮ સત્પ્રકૃતિક મિથ્યાત્વગત પ્રથમોપશમ સમ્યગ્દષ્ટિ

મોહ પ્રકૃતિઓ ૨૮ ની સતાવાળા સાદિ મિથ્યાદષ્ટિને પ્રથમોપશમ સમ્યકત્વ ઉત્પન્ન થાય તો તે ૨૮ સત્પ્રકૃતિક મિથ્યાત્વાગત પ્રથમો પશમ સમ્યગ્દષ્ટિ છે. (અહિંયા દર્શન મોહિનીયની સાત પ્રકૃિઓ–મિથ્યાત્વ સમ્યક્મિથ્યાત્વ અને સમ્યક પ્રકૃતિ તથા અનંતાનુંબંધી ૪ કષાયો મળી સાત પ્રકૃતિ ઓનો ઉપશમ થાય છે)

૮. ઉદ્વેલિતસમ્યકત્વમિથ્યાત્વાગત પ્રથમોપશમસમ્યદૃષ્ટિ

૨૮ પ્રકૃતિની સતાવાળો મિથ્યાદષ્ટિ જીવ જ્યારે સમ્યક્પ્રકૃતિને બદલી નાખી હોય છે ત્યજી દીધી હોય છે ત્યારે તેનામાં ૨૭ પ્રકૃતિઓની સતા રહે છે તે વખતે જેને પ્રથમોપશમ સમ્યકત્વ ઉત્પન્ન થાય તેને ઉદ્વેલિત સમ્યકત્વ મિથ્યાત્વાગત પ્રથમોપશમ સમ્યદૃષ્ટિ કહે છે.

૯ ઉદ્વેલિત દ્વય મિથ્યાત્વાગત પ્રથમોપશમ સમ્યગ્દષ્ટિ

જે જીવે સમ્યકપ્રકૃતિ તથા સમ્યક્મિથ્યાત્વની ઉદ્વેલનાકરી

છે યાને બદલી નાંખ્યા છે તે પ્રકૃતિઓથી મુકત થયા છે તેની મોહનીય કર્મની ૨૬ પ્રકૃતિઓની સત્તા થઇ ગઇ તેને પાંચ પ્રકૃતિઓના (મિથ્યાત્વ તથા અનંતાનુબંધી કષાયની જમળી પાંચ) ઉપશમથી ઉપશમ સમ્યકત ઉત્પન્ન થાય તો તેને ઉન્દ્વેલિત સમ્યમિથ્યાત્વાગત પ્રથમોપશમ સમ્યગ્દષ્ટિ કહેછે કોઇપણ કર્મના સજાતીય એક ભેદનો બીજા ભેદરૂપ થઇ જવાને સંક્રમણ કહે છે જે પ્રકૃતિઓનો બંધ કર્યો હતો તેને અન્ય પ્રકૃતિઓમાં પ્રાપ્તકરી ફેરવી નાખી તેનો નાશ કરવો તેને ઉન્દ્વેલન કહે છે જુઓ સિ. પ્ર તથા જૈન. શબ્દાર્ણવ પાન-૩૯૮

## ૧૦ સમ્યગ્મિથ્યાત્વાગત વેદક સમ્યગ્દષ્ટિ

મિથ્યાત્વાગત ગુણસ્થાનથી આવેલા વેદક સમ્યગ્દષ્ટિને સમ્યગ્મિથ્યાત્વાગત વેદક સમ્યગ્દષ્ટિ કહે છે (વેદક સમ્યગ્દષ્ટિયાને ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ એટલે ક્ષાયોપશમિક સમ્યકત્વ ધારણ કરનાર જીવ(જૈન શબ્દાર્ણવ પાન ૪૩૩)

## ૧૧. ૨૩નાં સત્તાવાળા વેદક સમ્યગ્દષ્ટિ

અનંતાનુબંધી કષાયનો ક્ષય કર્યા પછી જયારે મિથ્યાત્વ પ્રકૃતિને ક્ષય કરી નાખે છે ત્યારે તે જીવ ૨૩ની સત્તાવાળો વેદક સમ્યગ્દષ્ટિ છે.

## ૨૨મી સત્તાવાળાવેદક સમ્યગ્દષ્ટિ

ઉપરજણાવેલો જીવ જયારે સમ્યગ્મિથ્યાત્વનો પણ ક્ષય કરી નાખે છે ત્યારે તે જીવ ૨૨ની સત્તાવાળો વેદક સમ્યગ્મિથ્યા દષ્ટિ છે.

## ૧૨ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ

ઉપર કહેલા જીવ જ્યારે સમ્યકપ્રકૃતિનો પણ પુરે પુરો ક્ષય કરી નાખે છે ત્યારે તે જીવ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ છે તેને આ ગુણ સ્થાનમાં મોહ પ્રકૃતિઓ પૈકી ૨૧ પ્રકૃતિઓની સત્તા હોય છે.

## દ્વિતિયોપશમ સમ્યગ્દષ્ટિ

વેદક સમ્યગ્દષ્ટિ જીવ જયારે મોહનીય કર્મની સાતેય પ્રકૃતિઓના ઉપશમ કરી નાખે છે. ત્યારે તેને દ્વિતીયોપશમ સમ્યગ્દષ્ટિ કહે છે તેને અનંતાનુબંધી કષાયો છુટી જ ગએલા હોય છે તથી તે ૨૪ પ્રકૃતિઓની સતાવાળો જીવ છે.

## ૧૪ અપર્યાપ્ત દ્વિતીયોપશમ સમ્યગ્દષ્ટિ

દ્વિતીયોપશમ સમ્યકત્વના સમયમાં (વખતમાં) જ જો જીવનું મરણ થઇ જાય તો તે ફકત દેવગતિમાં જ ઉત્પન્ન થાય છે અને તે દ્વિતીયોપશમ શરીર પર્યાપ્તપ્રાપ્ત થાયતે પહેલાં નાશ પામે છે એવા જીવને અપર્યાપ્ત દ્વિતીયોપશમ સમ્યગ્દષ્ટિ જીવ કહે છે.

## ૧૫, અપર્યાપ્તવેદક સમ્યગ્દષ્ટિ

જીવનું વેદક સમ્યકત્વ કાલમાં મરણ થઈ જાય તો વેદક સમ્યકત્વ અપર્યાપ્ત અવસ્થામાં પણ રહે છે આ જાતના જીવો કર્મભુમિઓ તથા ભોગ ભૂમિઓમાં મનુષ્ય રૂપે ભોગ ભૂમિઓ માં તિર્યંચરૂપે તથા વૈમાતિક દેવોમાં જોવા મળશે તે જીવો વેદક સમ્યકત્વ અપર્યાપ્ત અવસ્થા બાદ પણ તે અવસ્થામાં બની રહી શક છે.

## ૧૬. અપર્યાપ્ત કૃતકૃત્ય વેદક સમ્યગ્દષ્ટિ

અનંતાનુબંધી કષાયની ૪ તથા મિથ્યાત્વ તથ સમ્યગ્મિથ્યાત્વ આ બે મળી આ છ પ્રકૃતિઓનો ક્ષય થઇ ગયા પછી સમ્યક પ્રકૃતિનો ક્ષય થવાના વખતમાં જો જીવનું મરણ થાય તો તે જીવ પ્રથમ નરક, ભોગભૂમિમાં જન્મેલા તિર્યંચ. ભોગભૂમિમાં જન્મેલા મનુંષ્ય તથા વૈમાનિક દેવોમાં જન્મ લઇ શકે છે અને ત્યાં અપર્યાપ્તકાલમાં (પર્યાપ્તઓને પુરી કર્યા સિવાય) જ સમ્યક પ્રકૃતિનો ક્ષય પુરો કરી નાખે છે. આ અપર્યાપ્તકાલમાં તે જીવ અપર્યાપ્ત કૃત્ય વેદક સમ્યગ્દષ્ટિ છે.

## ૧૭, અપર્યાપ્ત ક્ષાયિક સમ્યગ્દષ્ટિ

ક્ષાયિક સમ્યગ્દષ્ટિનુ જો મરણ થાય તો તે વૈમાનિક દેવોમાં જન્મ લે છે પરંતુ જો સમ્યકત્વ પ્રાપ્ત થાય પહેલાં નરક યુ, તિર્યંચ આયુ, કે મનુષ્યઆયુ બાંધી લીધું હોય તો ક્રમવાર પહેલા નરકમાં, ભોગભુમિમાંતિર્યંચ તથા ભોગભુમિમાં મનુષ્યમાં ઉત્પન્ન થશે જો ક્ષાયિક સમ્યગ્દષ્ટિ નારકી તથા દેવ હોય તો તે મનુષ્યગતિમાં ઉત્પન્ન જ થશે આ જીવ અપર્યાપ્ત અવસ્થ પછી પણ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જ રહે છે આ સમ્યકત્વ કદી પણ છુટતું નથી.

## ૧૮ દર્શન મોહક્ષપણા પ્રસ્થાપક વેદક સમ્યગ્દષ્ટિ

અધઃ કરણના [જે કરણમાં અર્થાત પરિણામ સમૂહમાં] ઉપરીતનસમયવર્તી તથા અધસ્તનસમયવર્તી જીવોના પરિણામ સદશ [એક સરખા] તથા વિસદશ [એક સરખા ન હોય તેને અધઃ કરણ કહે છે] પ્રથમ સમયથી લઇ જયાં સુધીમાં વેદક સમ્યગ્દષ્ટિ મિથ્યાત્વ તથા સમ્યગ્મિથ્યાત્વનું સમ્યક પ્રકૃતિમાં સંક્રમણ કરે છે ત્યાં સુધી તે દર્શનમોહક્ષપણા પ્રસ્થાપક વેદક સમ્યગ્દષ્ટિ છે.

## ૧૯ દર્શન મોહોપશમના પ્રસ્થાપક વેદક સમ્યગ્દષ્ટિ

અધઃ કરણની પહેલા સમયથી લઈ સમસ્ત દર્શન મોહનું અંતર કરણ ઉપશમ [આગામી કાળમાં ઉદય આવવા યોગ્ય કર્મના પરમાણુઓને આગળ પાછળ ઉદય આવવા યોગ્ય કરવો જૈન સિદ્ધાંત પ્રવેશિકા પ્રશ્ન ૨૬૩ નો ઉત્તર] કરી નાખે ત્યાં સુધી આ જીવ દર્શન મોહોપશામના પ્રતિષ્ઠાપક વેદક સમ્યગ્દષ્ટિ જીવ છે આ જીવનું દ્વિતીયોપશમ ઉત્પન્ન થયા પહેલાં મરણ થતું નથી દ્વિતીયોપશમના વખતમાં મરણ પણ થઇ શકે છે

## ૨૦ અનંતાનુબંધી વિસંયોજક વેદકસમ્યગ્દષ્ટિ

દર્શન મોહની ક્ષપણા કરતો જીવ પહેલાં કરણત્રય (અધઃ કરણ અપૂર્વ કરણ અને અનિવૃતિકરણ આ ત્રણ કરણ ના પરિણામો ચારિત્ર મોહની ૧૧ પ્રકૃતિઓને ઉપશમાવવા તથા ક્ષય કરવા આત્માને નિમિત રૂપ છે) દ્વારા અનંતાનુબંધી કષાયોને દૂર કરે છે તેને અનંતાનુબંધી વિસંયોજક સમ્યગ્દષ્ટિ જીવ કહે છે દર્શનમોહની ઉપશામના કરવાવાળો વેદક સમ્યગ્દષ્ટિ પણ અનંતાનુબંધી વિસંયોજક વેદક સમ્યગ્દષ્ટિ છે

આ પ્રમાણે બીજા અવિરત સમ્યગ્દષ્ટિઓ સબંધી વિચારવું જોઇએ

હવે પ્રથમોપશમ દ્વિતિયોપશમ વેદક તથા ક્ષાયિક સમ્યકત્વ પ્રાપ્તથતા પહેલાંના અંતર્મુહૂર્તની અવસ્થાનું ક્રમવાર વર્ણન કરીએ છીએ

## પ્રથમોપશમ સમ્યક્ત્વ

જ્યારે જીવનો સંસારમાં વધુમાં વધુ અર્ધપુદ્ગલ પરિવર્તન કાળ બાકી રહે છે ત્યારે આ જીવ સમ્યકત્વ પ્રાપ્ત કરવાને યોગ્ય બને છે તો આ કાલની અંદર કદી પણ જ્યારે પ્રાયોગ્યલબ્ધિ (દેશના લબ્ધિથી જીવાદિ તત્વોનું મનન કરતાં કરતાં જ્યારે આયુષ્ય સિવાય પહેલાં બાંધેલા કર્મોનીસ્થિતિ એક કોડા કોડી સાગરની અંદર રહી જાય તથા નવીન કમ પણ આથી વધુ વખત માટે ન બાંધે અને પુણ્ય કર્મનું પ્રમાણ વધતું જાય તથા પાપ કર્મનો રસ ઘટતો જાય ત્યારે આ લબ્ધિ પ્રાપ્ત થાય છે બૃહત જૈન શબ્દાર્ણવ પાન ૫૫૯) દ્વારા જ્યારે બધાં કર્મોની વધુમાં વધુ સ્થિતિ અંતઃ કોડા કોડી (એક કરોડ અને કોડા કોડીની વચ્ચેનો વખત) સાગરકાલની રહી જાય છે ત્યારે જે જીવ ભવ્ય હશે તે અધઃકરણ પરિણામ કરે છે. અધઃ કરણ પરિણામનું વિવરણ સાતમા ગુણસ્થાનના પ્રકરણમાં કરીશું અહિં આ પ્રકરણના અંગે પ્રાયોગ્યલબ્ધિમાં બંધમાંથી છુટવાવાળી ૩૪ પ્રકૃતિઓને કહીએ છીએ

પ્રાયોગ્યલબ્ધિમાં વિશુધ્ધિ વધતાં જીવ અન્તઃ કોડાકોડી સાગરની સ્થિતિને બાંધે છે તે પછી દરેક અલ્પ અંતમુહૂર્તમાં પલ્યનો સંખ્યાતમો ભાગ ઓછો ઓછો કરીને બાંધે છે તો જ્યારે પૃથકત્વશત (૩૦૦થી૯૦૦ની વચમાં) સાગર કમી કરી નાખે છે ત્યારે નરકાયુનો બંધ છૂટી જાય છે આ પ્રમાણે પ્રત્યેક પૃથકત્વ ત સાગર કમી થતાં નીચે જણાવ્યા પ્રમાણે બંધ છુટી જાય છે.

૧ તિર્યંચઆયુ ૨ મનુષ્યઆયુ, ૩ દેવઆ', ૪ નરક તિ

નરકગત્યાનુપૂર્વિ (નામ કર્મ કે જેના ઉદયથી નરકમાં જતા પહેલાં વિગ્રહ ગતિમાં આત્મા શરીર પ્રમાણે રહે છે.) ૫ સુક્ષ્મ અપર્યાપ્ત સાધારણ (સંયુક્ત) ૬ સુક્ષ્મ અપર્યાપ્ત પ્રત્યેક (સંયુકત) ૭ બાદરઅપર્યાપ્ત સાધારણ (સં) ૮ બાદર અપર્યાપ્ત પ્રત્યેક (સં) ૯ દ્વિઇન્દ્રિય જાતિ, અપર્યાપ્ત પ્રત્યેક(સં) ૧૦ મી ઇન્દ્રિય જાતિ અપર્યાપ્ત (સં) ૧૧ ચતુરીન્દ્રિય જાતિ અપર્યાપ્ત (સં) ૧૨ અસંજ્ઞી-પંચેન્દ્રિય જાતિ અપર્યાપ્ત (સં) ૧૩ સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્ત [સં] ૧૪ સુક્ષ્મ પર્યાપ્ત સાધારણ [સં] ૧૫ સુક્ષ્મ પર્યાપ્ત પ્રત્યેક [સં] ૧૬ બાદર પર્યાપ્ત સાધારણ [સં] ૧૭ બાદર પર્યાપ્ત પ્રત્યેક એકેન્દ્રિય આતાપ [સં] ૧૮ દ્વીન્દ્રિય જાતિ પર્યાપ્ત [સં] ૧૯ ત્રિ ઇન્દ્રીય જાતિ પર્યાપ્ત [સં] ૨૦ ચતુરીન્દ્રિય જાતિ પર્યાપ્ત[સં] ૨૧ અસંજ્ઞી પંચેન્દ્રિય જાતિ પર્યાપ્ત [સં] ૨૨ તિર્યંચગતિ આનુપૂર્વી ઉદ્યોત ૨૩ નીચગોત્ર, ૨૪ અપ્રશસ્ત વિહાયોગતિ દુર્ભગ, દુઃસ્વર, અનાદેય ૨૫ હુંડક સંસ્થાન અસંપ્રાપ્ત સૃપાટિકા સંહનન ૨૬ નપુંસકવેદ ૨૭ વામન સંસ્થાન કિલિત સંહનન ૨૮ કુબ્જાક સંસ્થાન અર્ધનારાચ સંહનન ૨૯ સ્ત્રીવેદ ૩૦ સ્વાતી સંસ્થાન નારાચ સંહનન ૩૧ ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન, વજ્રનારાચ સંહનન ૩૨ મનુષ્ય ગતિ મનુષ્ય ગત્યાનુપુર્વી ઔદારિક શરીર, ઔદારિક અંગોપાંગ ૩૩ વજ્રવૃષભનારાચ સંહનન, ૩૪ અસાતા વેદનીય, અરતિ, શોક, અસ્થિર, અશુભ અને અયશઃકીર્તિ–આ પ્રમાણે પ્રાયોગ્ય લબ્ધિમાં ૩૪ વખતમાં થઇને ઉપર જણાવેલા ૩૪ પ્રકારના બંધનો નાશ થાય છે આમાં કેટલીક એવી પ્રકૃતિઓ પણ છે જેનો સમ્યકત્વ પ્રાપ્ત થયા પછી પણ બંધ થવા લાગે છે પરંતું

અહિઆં એટલા સમય માટે બંધ થતો રોકાઇ જાય છે અભવ્ય પણ પ્રાયોગ્ય લબ્ધિ પામીને આટલું કાર્ય કરી શકે છે. તે આગળ જઈ શકતો નથી આ પ્રમાણે બંધાપસરણો કરીને સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત વિશુધ્ધ ભવ્ય મિથ્યાદષ્ટિ જીવ અધઃપ્રવૃત્તકરણને કરી શકે છે પછીથી અપૂર્વકરણ, ફરી અનિવૃતિકરણ પરિણામને કરે છે. અપૂર્વકરણનુ વર્ણન ૮ માં ગુણસ્થાનમાં અનિવૃતિકરણનુ વર્ણન નવમા ગુણસ્થાનમાં કરીશું.

અપૂર્વકરણથી માંડી અનુવૃતિકરણની સંખ્યાત ભાગ કાલ સુધી જીવ કર્મોનો સ્થિતિ ઘાત અનુભાગઘાત પણ કરે છે તે પછી તે ઉપરાંત અંન્તર કરણ (આગામી કાળમાં ઉદય આવવા યોગ્ય કર્મના પરમાણુઓન આગળ પાછળ આવવા યોગ્ય કરવાને ઉપશમ) પણ કરે છે અર્થાત્ અન્તર્મુહૂર્તની અંદરની અંતર્મુહૂર્તસ્થિતિમાં જે દર્શન મોહકર્મ છે તેમાંથી કેટલાકકર્મોને અંતિમ આવલી [અંસંખ્યાત સમયની એક આવલી થાય છે અન એક શ્વાસમાં સંખ્યાત આવલી થાય છે પ્ર. ૪૯૧ તથા પ્ર. ૨૫૪ જૈન સિધ્ધાંત પ્રવેશિકા] છોડીને પહેલી સ્થિતિમાં અને કેટલાંકને અન્તરકાલની પછીની દ્વિતીય સ્થિતિમાં લાવીદેછે આ કારણથી હવે જે વખતે ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થશે તે વખતની સ્થિતિનો દર્શનમોહજ સતામાં રહેશે નહિ અન્તરકરણ શરૂ કર્યા પછી કેટલીક વખત આગળ પાછળ પણ થયા કરે છે બીજી સ્થિતિમાં પડેલાં કર્મને પ્રથમ સ્થિતિમાં આવવાને આગાલ કહે છે અને પ્રથમ સ્થિતીમાં પડેલાં કર્મોને બીજી સ્થિતીમા આવવાને પ્રત્યાગાલ કહે છે અન્તરકરણ કરી નાખ્યા પછી ઉદયાવલી (વર્તમાન સમયથી માંડીને માત્ર આવલીસુધી ઉદયમાં આવવા યોગ્ય કર્મોનો

નિષેધ) સમાપ્ત થતાં જ પ્રથમોપશમ સમ્યકત્વને ઉત્પન્ન કરે છે અને તેજ પહેલા સમયમાં ઉપશમમાં રહેલા મિથ્યાત્વ ના ત્રણ ભાગ કરતાં કંઇક મિથ્યાત્વજ રહી જાય છે તથા કેટલુક સમ્યગ્મિથ્યાત્વરૂપે પરીણમે છે અને કેટલુંક સમ્યક પ્રકૃતિ રૂપે પરિણમે છે હવે તે જીવ પ્રથમોશમ સમ્યગ્દષ્ટિ કહેવાય છે આનો કાલ (વખત) અન્તર્મુહુર્ત છે.

## દ્વિતીયોપશમ સમ્યગ્દષ્ટિ

ઉપર જણાવ્યાં પ્રમાણે ના પ્રકારથી વેદક સમ્યગ્દષ્ટિ જીવ અધઃકરણ અપૂર્વ કરણ અને અનિવૃતિકરણ પરિણામોને ઉત્પન્ન કરે છે. પરંતુ બે વખત ત્રણે કરણોને કરે છે યાને ત્રણે કરણોવાળા પરિણામો કરે છે. પહેલાં ત્રણ કરણ દ્વારા અનંતાનુબંધી કષાયોને મિટાવી દઇ અપ્રત્યાખ્યાન્ત વરણ રૂપ કષાયો પેદા થાય છે અને બીજી વખત ત્રણે કરણોથી ઉપર જણાવ્યા પ્રમાણેની રીતથી અન્તરકરણ તથા ઉપશમ કરે છે.

## વેદક સમ્યગ્દષ્ટિ

પ્રથમોપશમ સમ્યગ્દષ્ટિ તથા દ્વિતીયોપશમ સમ્યગ્દષ્ટિ જીવને સમ્યક્પ્રકૃતિ ઉદયમાં આવતાં તે જીવ વેદક સમ્યગ્દષ્ટિ બની જાય છે. ૨૮ પ્રકૃતિઓ (મોહકર્મની) ની સત્તાવાળો જીવ વેદક યોગ્ય મિથ્યાત્વ પછી પણ વેદક સમ્યગ્દષ્ટિ થઇ જાય છે. અને તે જીવને વેદક સમ્યકત્વ ઉત્પન્ન કરવા માટે અધઃકરણ તથા અપૂર્વકરણ આબેકરણ (આત્મિક પરિણામો) કરવા આવશ્યક યાને જરૂરી છે.

## ક્ષાયિક સમ્યગ્દષ્ટિ

વેદક સમ્યગ્દષ્ટિ જીવ જયારે દર્શન મોહની ક્ષપણાના

માટે તૈયાર થાય છે ત્યારે પહેલા ત્રણ કરણો દ્વારા અનંતાનુબંધી ૪ કષાયને ત્યજી દઈને તેમનો ક્ષય કરી નાખે છે ફરીથી ત્રણ કરણો દ્વારા મિથ્યાત્વને સમ્યગ્મિથ્યાત્વરૂપે કરીને તથા સમ્યગ્મિથ્યાત્વને સમ્યક પ્રકૃતિરૂપ કરીને પછીથી ત્રણેયનો ક્ષય કરી નાખે છે ત્યારે આ જીવ ક્ષાયિક સમ્યકદ્દષ્ટિ બને છે. ક્ષાયિક સમ્યકત્વનો કાલ (વખત) અનંત છે તે કદી નાશ પામશે નહિ આ સમ્યકત્વમાં રહેતાં સંસારનો કાલ ૩૩ સાગર કરતાં કંઈક અધિક છે આ આત્મા જે ભવમાં ક્ષાયિક સમ્યકત્વ ઉત્પન્ન કરે છે તે જ ભવથી અગર ત્રીજા ભવે મોક્ષ જાય છે જો ક્ષાયિક સમ્યકત્વ પહેલાં મનુષ્ય આયુષ બાંધી લીધું હોય અગર તિર્યંચ આયુષ્ય બાધી લીધુ હોય તો ભોગભૂમિમાં ઉત્પન્ન થઇને પછીથી દેવગતિમાં જન્મ લઇને પછીથી કર્મભુમિમાં જન્મ લઇને કર્મ ભૂમિમાંથી મોક્ષ જશે આ પ્રમાણે ચોથાભવે મોક્ષ જઈ શકે છે કોઈ પણ પરિસ્થિતિમાં આનાથી વધારે ભવ હોઈ શકતા નથી સમ્યકત્વ પ્રાપ્ત કર્યા પહેલાંજો નરકાયુનો બંધ થઇ ગયો હોય તો નરકમાં ઉત્પન્ન થઈને ત્યાંથી ફરી મનુષ્યભવ ધારણ કરી મોક્ષે ચાલ્યો જશે. અહિંપણ ત્રીજા ભવે મોક્ષે જશે. વેકક સમ્યગ્દ્દષ્ટિ જીવ જ કેવલી અગર શ્રુત કેળવીના ચરણ કમળમાં યાને સાંનિધ્યમાં ક્ષાયિક સમ્યકત્વ ઉત્પન્ન કરે છે જો તે પોતે જ શ્રુતકેળવી અગર ચરમ શરીરી હોય તો કેવળી કે શ્રુત કેવળીના સાંનિધ્ય વિના પણ ક્ષાયિક સમ્યકત્વને પામે છે. આ ગુણસ્થાનમાં સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત જીવ સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્ત થાય છે પર્યાપ્તિઓ ૬ તથા અપર્યાપ્તિઓ ૬, પ્રાણ ૧૦ તથા ૭ સંજ્ઞી ૪ (આહાર ભય મૈથુન અને પરિગ્રહ મેળવવાની ઇચ્છા) જાતિ પંચેન્દ્રિય તથા કાયમાં ત્રસકાય થાય છે. આ

ગુણસ્થાનમાં ૧૩ યોગ હોય છે પરંતુ એક જીવમાં ૪ મનોયોગ (સત્ય મનોયોગ અસત્ય મનોયોગ ઉભય મનોયોગ અને અનુભય મનોયોગ) ૪ વચનયોગ (સત્યવચનયોગ અસત્યવચન યોગ ઉભયવચન યોગ અને અનુભય વચન યોગ) આ આઠ તથા ઔદારિક કાયયોગ અથવા વૈક્રિયક કાયયોગ આ પ્રમાણે નવ પર્યાપ્તમાં હોઈ શકે છે અપર્યાપ્તમાં ઔદારિકમિશ્રકાયયોગ અથવા વૈક્રિયક મિશ્રકાયયોગ એવા એક તથા કાર્માણકાયયોગ આ પ્રમાણે બે હોઇ શકે છે એક સમયમાં એક યોગ હોય છે આ ગુણસ્થાનમાં ત્રણ વેદો પૈકી ૧, કષાય ૨૧, એક જીવમાં યોગ્યતા પ્રમાણે ૧૯ અને એકી વખતે ૮-૭-૬ કષાય હોય છે જ્ઞાન ૨ કે ૩ અને ઉપયોગથી એકી વખતે એકનો ઉપયોગ હોય છે અસંયમ દર્શન પૈકી ૩ કે ૨ પરંતુ ઉપયોગમાં એકી વખતે એક દર્શનોપયોગ હોય છે લેશ્યા ૬ પણ એક વખતે એક હોય છે ભવ્યત્વ સમ્યકત્વમાં ત્રણ (ઉપશમ સમ્યકત્વ ક્ષયોપશમ સમ્યકત્વ અને ક્ષાયિક સમ્યકત્વ) હોય છે પણ એકી વખતે એક હોય છે સંજ્ઞી તથા આહારક અગર અનાહારક હોય છે આ ગુણસ્થાનમાં બંને ઉપયોગો ક્રમવાર થાય છે ધ્યાન ૧૧ હોય છે પણ એકી વખતે એક હોય છે આશ્રવ ૪૬ હોય છે એક જીવમાં ઓછામાં ઓછા ૯ તથા સૌથી વધારે ૧૬ હોય છે આ ગુણસ્થાનમાં ૩૬ ભાવ હોય છે એક જીવમાં ઓછામાં ઓછા ૨૨ અને વધુમાં વધુ ૨૪ અથવા ૨૯ હોય છે અ-વિરત સમ્યગ્દષ્ટિ જીવનું દેહ પ્રમાણ સંખ્યાતઘનાંગુલથી ૧૦૦૦ યોજન સુધી છે આ જીવ બધા પલ્યોપના અસંખ્યતમા ભાગ પ્રમાણ છે આ જીવનું રહેવાનું લોકના અસંખ્યાતમો ભાગ છે પરંતુ ઉપપાદ વિગેરે પ્રકારોથી ૮થી૧૪ તથા ૮થી૧૨ ભાગતાંરાજુ ક્ષેત્રને

તે જીવ સ્પર્શે છે.

કોઈ પણ સમય અસંયત સમ્યગ્દષ્ટિ જીવ વિનાનો થયો નથી કે તે વિનાનો થશે નહિ આ જીવો સર્વે વખતમાં મળી આવે છે. પરંતુ એક જીવની અપેક્ષાએ અવિરત સમ્યગ્દષ્ટિ જીવ ઓછામાં ઓછો અન્તર્મુહૂર્ત સુધી રહે છે અને વધુમાં વધું ૩૩ સાગરથી કંઇ વધુ વખત સુધી રહે છે. એક અસંયત સમ્યગ્દષ્ટિ જીવ પોતાનુ ગુણસ્થાન છોડી દે અને પછીથી આ ગુણસ્થાનમાં આવે તો તે વચગાળાનો વખત ઓછામાં ઓછો અતંમુહૂર્ત હશે તથા વધુમાં વધુ અર્ધપુદ્ગલ પરિવર્તનકાલમાં અંતમુહુર્ત ઓછા સમય સુધી હોઈ શકે છે આ ગુણસ્થાનમાં ગતિ વગેરે પ્રમાણે વિવિધ પ્રકારનો કર્મોનોબંધ ઉદય તથા સત્વ (સત્તા) હોય છે પરંતું વિસ્તાર યાને લાબુ થઇ જવાના ભયથી સામાન્ય પણ ફકત બંધ વિગેરેનુ વર્ણન કરીએ છીએ આ ગુણસ્થાનમાં ૭૭ પ્રકૃતિઓનો બંધ થાય છે ૧૨૦ બધ યોગ્ય પૈકી પહેલા ગુણસ્થાનની ઉદયમાં આવનાર ૧૬ બંધ પ્રકૃતિઓનો નાશ કરે છે બીજા ગુણસ્થાનની ૨૫ બંધ પ્રકૃતિઓના ઉદયતો નાશ કરે છે આ પ્રમાણે ૪૧ તથા આહારક શરીર તથા આહારક અગોપાંગ મળી ૪૩ પ્રકૃતિઓનો બંધ થતો નથી આ ગુણસ્થાનમાં ૧૦૪ પ્રકૃતિઓનો ઉદય હોઇ શકે છે. ૧૨૨ ઉદયમાં આવવા યોગ્ય પ્રકૃતિઓના પહેલા ઉદયની ૫, બીજા ઉદયની ૯ ત્રજા ઉદયની ૧ તીર્થંકર, આહારક, શરીર તથા આહારક અંગોપાંગ આ ૧૮ કર્મબંધ પ્રકૃતિઓના ઉદય થતો નથી. આ ગુણસ્થાનમાં સામાન્યપણે ૧૪૮ કર્મપ્રકૃતિઓના સત્તા છે પરંતુ દ્વિતીયોપશમ સમ્યગ્દષ્ટિ ની ૧૪૪ તથા ક્ષયિક સમ્યગ્દષ્ટિની ૧૪૧ પ્રકૃતિઓની સત્તા [સત્વ] છે ગતિ વિગેરેની અપેક્ષાથી તથા એક જીવની અપેક્ષા સત્વ અનેક પ્રકારનાં છે

આ ગુણસ્થાન પ્રાપ્ત થવામાં દર્શન મોહનો ઉપશમ તથા દર્શન મોહનો ક્ષયોપશમ તથા દર્શન મોહનો ક્ષય નિમિત કારણ છે તેથી આ ગુણસ્થાનમાં ઔપશમિક ભાવ, ક્ષાયોપશમિક ભાવ તથા ક્ષાયિક ભાવ ઉત્પન્ન થાય છે તથા દર્શન મોહનનો ઉપશમ ક્ષાયોપશમ તથા ક્ષય નિમિત્ત કારણ કહેવાય છે ઔપશમિક ભાવમાં સમ્યકત્વ ઘાતક પાંચ અથવા સાત પ્રકૃતિઓનો ઉપશમ થાય છે તથા ક્ષાયિક ભાવમાં સાત પ્રકૃતિઓનો ઉપશમ થાય છે તથા ક્ષાયિક ભાવમાં સાત પ્રકૃતિઓનો ક્ષય થાય છે ક્ષાયોપશમિક ભાવમાં મિથ્યાત્વ સમ્યગ્મિથ્યાત્વ અને અનંતાનુબંધી ૪ કષાયો આ છ પ્રકૃતિઓનો ઉદયમાં ન આવે તે રીતે ઉદયભાવી ક્ષયનો તથાર્તવર્તમાન કાળને છોડીને ભવિષ્યમાં ઉદયમાં આવવા યોગ્ય કર્મોને કાબુમાં રાખવાવાળો સદવસ્થા રૂપ ઉપશમનો તથા સમ્યક પ્રકૃતિનો ઉદય થાય છે દર્શન મોહક્ષપણા નિષ્ઠાપક [ક્ષાયિક સમ્યગ્દષ્ટિ] ને સમ્યક પ્રકૃતિનો ઉદય હોતો નથીત થા બીજી પણ તે જીવમાં વિશેષતાઓ હોય છે સમ્યકપ્રકૃતિના ઉદયથી સમ્યકત્વનો ઘાત નથી થતો પરંતુ તેમાં ચલ મલિન તથા અગાઢ દોષ ઉત્પન્ન થાય છે વેદક સમ્યકત્વ પછી જ્યારે દ્વિતીયોપશમ સમ્યકત્વ તથા ક્ષાયિક સમ્યકત્વનું કામ શરૂ થઇ જાય છે ત્યારે ક્ષયોપશમમાં કંઇક વિશેષતા ઉત્પન્ન થાય છે જેમકે કદી પણ ૪(પ્રકૃતિઓ) નોક્ષય ૩ [પ્રકૃતિઓનો ઉપશમ] અને એકનો ઉદય કદી પનો ક્ષય ૧ નો ઉપશમ તથા ૧ નો ઉદય વિગેરે. દ્વિતીયોપશમનો પ્રારંભ કરવામાં અન્તરાત્મા દ્વિતીયોપશમ ઉપત્ન્ન થતા પહેલાં મરતા નથી.

**ક્ષાયિક સમ્યકત્વનો પ્રારંભ કરવાવાળા અન્તરાત્મા:** સમ્યકપ્રકૃતિનોપણ જયારે ક્ષય કરવાનુ શરૂ કરે છે તે વખતથી તેના મરણ નો સંભવ છે તો તે મરણ કાળનો ચાર ભાગોમાં મરણ

કરે તો ૪-૩-૨-૧ ગતિઓમાં થી કોઈ ગતિમાં ઉત્પન્ન થઇને ત્યાં ક્ષય પૂર્ણ કરી લેશે પહેલા ભાગમાં મરણ થાય તો ચાર ગતિઓમાંથી કોઇપણ ગતિમાં જન્મ થઇ શકે છે બીજા ભાગમાં મરણ થાય તો નરક ગતિને છોડીને કોઈપણ ગતિમાં જન્મ થઈ શકે છે ત્રીજા ભાગમાં મરણ થાય તો મનુષ્ય યા દેવગતિમાં જન્મ થઈ શકે છે.

જીવના સર્વે પ્રથમ ઉદ્ધારનો પ્રારંભ આ ગુણસ્થાન (અવિરત-સમ્યકત્વ) થી થાય છે અનાદિ મિથ્યાદષ્ટિ જીવનો મિથ્યાત્વ પછી તેનામાં સુધારો થાય તો તે આ ગુણસ્થાન પ્રાપ્ત કરે છે જો કે એવું પણ બની શકે છે કે સમ્યકત્વ તથા દેશસંયમ તથા સમ્યકત્વ તથા સકલસંયમ એક સાથે ઉત્પન્ન થઇ જાય તો પણ સમ્યકત્વનો પ્રથમોપશમ જ ઉત્પન્ન થાય છે. સમ્યકત્વ બહૂજ અમુલ્ય નિજ વૈભવ (આત્માનો વૈભવ) છે આનુ ધારણ કરવું તે જ જીવના કલ્યાણનું મંગલા ચરણ છે અનેક પ્રયત્નો કરીને તેને મેળવવા પુરૂષાર્થ કરો તેને પ્રાપ્ત કરવા માટે સર્વ-પ્રથમ પુરૂષાર્થ તત્વનો અભ્યાસ કરવો તે છે તેના ફળસ્વરૂપે સ્વ તથા પરનું ભેદવિજ્ઞાન પ્રાપ્ત થશે તે પછી આત્માથી પર(બીજા) પદાર્થોથી નિવૃત્તિ તથા સ્વ (આત્મામાં) માં રૂચી ઉત્પન્ન થશે ફરી સમસ્ત અધ્રુવ ભાવો (આત્મિક પરિણામો)ને છોડી દઇને (નિત્ય) નિજ અભેદ ચૈતન્ય સ્વભાવમાં રતિ (પ્રીતિ) પેદા થશે આ પ્રયોગથી (આમકરવાથી) ઉત્પન્ન થતી આત્માની સહજ અનાકુલતા (સુખ) નો અનુભવ થશે આનાથી જ પરમ શાંતિ પ્રાપ્ત થશે આ ગુણસ્થાનમાં મનુષ્ય તથા દેવ આયુ તથા તીર્થંકર પ્રકૃતિનો બંધ થશે.

## ૫ દેશ સંયત ગુણસ્થાન

જ્યાં સમ્યક્ત્વતો પ્રગટ થઇ ગયું હેય અને દેશસંયમ પણ ઉત્પન્ન થઈ જાય તે સ્થાનને દેશસંયત ગુણસ્થાન કહે છે તેનું બીજુ નામ સંયતાસંયત પણ છે જેમાં અલ્પસંયમ તથા બાકી અસંયમ હોય તેને સંયમાસંયમ કહે છે આ ગુણસ્થાનમાં પણ જીવોની હિંસા વિગેરે પાંચ પાપોથીતો વિરતિ છે એટલે તેમાં પ્રવૃત નથી પણ બાકી ૧૧ અવિરતી પાંચઇન્દ્રિયો તથા મનને કરવાં તથા સ્થાવર (પાંચ ની અહિંસા) થી વિરતી નથી યાને વશ એકેન્દ્રિય સ્થાવર જીવોની હિંસાદિ પાંચ પાપો તથા પાંચ ઇન્દ્રિયભોગ તથા મનની ચંચલતાથી વિરકત નથી આ ગુણસ્થાન અપ્રત્યખ્યાના વરણ નામના ચરિત્ર મોહનીયના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે અર્થાત અપ્રત્યાખ્યાના વરણના ઉદયાક્ષય તથા સદવસ્થારૂપ ઉપશમ તથા પ્રત્યાખ્યાના વરણના ઉદયના નિમિતથી થાય છે આમાં ચરિત્ર મોહનીયમ નામના મોહનુ નિમિત છે અને આ ગુણસ્થાનમાં ક્ષાયોપશમિક ભાવ હોય છે.

### આ ગુણસ્થાન નીચે જણાવેલા ૧૧ પ્રકારે છે.

૧ દર્શન પ્રતિમા, ૨ વ્રત પ્રતિમા, ૩ સામાયિક પ્રતિમા, ૪ પ્રોષધ પ્રતિમા, ૫ સચિત વિરતી પ્રતિમા, ૬ રાત્રિ ભુક્તિ-ત્યાગ પ્રતિમા, ૭ બ્રહ્મચર્ય પ્રતિમા, ૮ આરંભત્યાગ પ્રતિમા, ૯ પરિગ્રહ વિરતી પ્રતિમા, ૧૦ અનુમતિ વિરતી (ત્યાગ) પ્રતિમા, ૧૧ ઉદ્દિષ્ટત્યાગ પ્રતિમા, નિરતિચાર એટલે અતિચારવિના સમ્યગ્દર્શન ધારણ કરવું તથા અન્યાય તથા અભક્ષ્યના ત્યાગને દર્શન પ્રતિમા કહે છે (ઇન્દ્રિય વિષયોમાં આચરણ કરવું તે અતિચાર છે તેના પાંચ પ્રકાર છે) અતિચાર સિવાય પાંચ અણુવ્રત ૩ ગુણવ્રત તથા ૪ શિક્ષાવ્રત આ પ્રમાણે બાર વ્રતોનુ

પાલન કરવું તેને વ્રત પ્રતિમા કહે છે. અતિચાર વિના પ્રાતઃ કાલમાં મધ્યાન્હે એટલે બપોરે તથા સાયંકાલે ૨ ઘડીથી ૬ ઘડી (૧ ઘડી=૨૪ મિનીટ) સુધી સામાયિક કરવાને સામાયિક પ્રતિમા કહે છે. અષ્ટમી [આઠમ] તથા ચતુર્દશી [ચૌદશ] ના દિવસોએ અતિચાર શિવાય પ્રોષધપુર્વક ઉપવાસ કરવાને પ્રોષધ પ્રતિમા કહે છે લીલીવનસ્પતિ કાચા ફળ વિગેરે સચિત વસ્તુના ખાવાના ત્યાગને સચિતત્યાગ પ્રતિમા કહે છે કૃત-કારિત તથા અનુમોદના (કરવું કરાવવું અને આરંભિત કાર્યને અનુમોદના સંમતિ આપવી) પૂર્વક રાત્રિ ભોજનનો ત્યાગ (એટલે રાત્રિ ભોજન કરવું કરાવવું કે તેને અનુમોદન આપવું નહિ તે) તથા દિવસે મૈથૂત સબંધીની વાર્તાના ત્યાગને અનૂક્રમે રાત્રિભુકિત ત્યાગ તથા દિવા મૈથૂત ત્યાગ પ્રતિમા કહે છે બ્રહ્મચર્યના પૂરા પાલનને બ્રહ્મચર્યપ્રતિમા કહે છે વ્યાપાર વિગેરે આરંભ કાર્યના ત્યાગને આરંભ ત્યાગ પ્રતિમા કહે છે

અલ્પ વસ્ત્ર અને અલ્પ પાત્ર (વાસણ) સિવાય બધાં વધારાના પરિગ્રહને ત્યજી દેવાને પરિગ્રહવિરતી પ્રતિમા કહે છે ગૃહકાર્ય (ઘરકામની) ની અનુમોદના ત્યાગને અનુમતિ પ્રતિમા કહે છે પોતાના નિમિતથી બનાવેલો આહાર નહિ લેવાના નિયમને ઉદ્દિષ્ટત્યાગ પ્રતિમા કહે છે તેના બે પ્રકાર છે ૧ ક્ષુલ્લક, ૨ ઐલક આ ગુણસ્થાન ઉત્પન્ન કરવા માટે સમ્યકત્વ પ્રાપ્ત થયા બાદ અધઃકરણ તથા અપૂર્વકરણ આ બે કરણ આશ્યક છે ઉપશમ સમ્યકત્વની સાથે આ ગુણસ્થાન ઉત્પન્ન કરવા માટે ત્રણ કરણ (અધઃકરણ અપુર્વકરણ તથા અનિવૃતિ કરણ આ ત્રણેય આત્માના પરિણામ અંગે છે) આવશ્યક છે આ ગુણસ્થાન

ઉત્પન્ન કરવા માટે વેદક સમ્યકત્વની સાથે બે કરણ આવશ્યક છે. ઉપર કહેલાં આવશ્યક (જરૂરી) કરણોનો કાલ સમાપ્ત થતાંજ જીવ સંયતા સંયત બની જાય છે સંયમા સંયમ લબ્ધિનાં સ્થાન અગણિત છે તેમાં સર્વ જઘન્ય સ્થાન કોઇને પણ હોતું નથી તેનાથી અસંખ્યાત ગણું વિશુદ્ધ સંયમાસંયમ લબ્ધિ સ્થાન સંયમા સંયમથી મિથ્યાત્વ તરફ નીચે પડી જતાં અતિ સંકિલષ્ટ પરિણામી મનુષ્યનું હોય છે આનાથી અનંતગણું સંયમા સંયમ સ્થાન મિથ્યાત્વ તરફ જતા અતિસંકિલષ્ટ દેશ સંયત તિર્યંચનું છે કે જે તિર્યંચમાં સંભવતિ સર્વજઘન્ય [સૌથી નીચું] સ્થાન છે તેનાથી અનંતગણું સંયમાસંયમસ્થાન સંયમાસંયમથી નીચે પડી જઇ ચોથા ગુણસ્થાનમાં જવાવાળા તિર્યંચોનુ હોય છે તેનાથી અનંતગણુ સંયમાસંયમ સ્થાન સંયમા સંયમ ગુણસ્થાનથી પડી જઈને ચોથા ગુણસ્થાનમાં જવાવાલા મનુષ્યોને પ્રાપ્ત થાય છે. મિથ્યાત્વ ગુણસ્થાનથી સંયમાસંયમ એટલે આ પાંચમું ગુણસ્થાન પ્રાપ્ત કરનાર પ્રથમસમયવતીં [પહેલાં સમય વખતે] વિશુદ્ધ સંયતાસંયત મનુષ્યનું તેનાથી અનંતગણુ સંયમાસ યમ સ્થાન છે મિથ્યાત્વમાંથી સંયમાસંયમ પ્રાપ્ત કરવાવાળા પ્રથમ સમયવતીં વિશુદ્ધ સંયતાસંયમ તિર્યંચનું. તેનાથી અનંતગણુ સંયમાસંયમ સ્થાન છે, સંયત વેદક સમ્યકત્વથી ચઢવાવાળા પ્રથમસમયવર્તી દેશ સંયત તિર્યંચનું અનંતગણુ સંયમાસંયમ સ્થાન છે તેનાથી અનંતગણુ સંયમા સયમસ્થાન સમ્યકત્વથી ચઢવાવાળા વિશુદ્ધ પ્રથમસમયવતીં સંયતા સંયત મનુષ્યનું છે તેનાથી અનંતગણુ સંયમાસંયમ સ્થાન મિથ્યાત્વથી ચઢવાવાળા અતિ વિશુદ્ધ દ્વિતીયસમયવતીં સંયમાસંયમ મનુષ્યનુ છે તેનાથી અનંતગણું સંયમાસંયમ સ્થાન દ્વિતીય સમયવતીં સંયતાસયત લબ્ધિસ્થાન છે તેનાથી અનંત-

મનુષ્યનું ઉત્કૃષ્ટ સંયમાસંયમ લબ્ધિ સ્થાન છે. ગુણસ્થાનથી નીચે પડનારા જીવોનાં અંતિમ સ્થાનનું નામ પ્રતિપાત સ્થાન છે. ગુણસ્થાનથી ઉપર ચઢનારા જીવના પ્રથમ સ્થાનનું નામ પ્રતિપદ્યમાન સ્થાન છે. આ સિવાય બધાં સ્થાનોનાનામ અપ્રતિપાત તથા અપ્રતિપદ્યમાન છે. આ ગુણસ્થાનમાં એક જીવની અપેક્ષાએ ગતિ મનુષ્ય અથવા તિર્યંચમાંથી એક ગતિ છે જાતિપંચેન્દ્રિય, ત્રસકાય, મનોયોગ ૪, વચનયોગ ૪ ઔદાયિકકાય યોગ ૧ આપ્રમાણેના ૪ મનોયોગ, ૪ વચનયોગ અને એક ઔદારિક કામયોગ મળી ૯ માંથી એકી વખતે એકહોય છે ત્રણ પ્રકારના વેદ (પુરૂષવેદ-સ્ત્રીવેદ-નપૂંસકવેદ) માંથી એકવેદ, ૧૭ કષાયોમાંથી એકી વખતે ૭ અથવા ૬ અથવા ૪, જ્ઞાન ૩ અથવા ૨ હોય છે પણ ઉપયોગની દ્રષ્ટિએ એકી વખતે એક હોય છે. સંયમાસંયમ દર્શન ૨ અથવા ત્રણ હોય છે, પણ ઉપયોગની દ્રષ્ટિએ એકી વખને એક હોય છે લેશ્યા ૩ પરંતુ શુભલેશ્યાઓ પૈકી એકી વખતે એક લેશ્યા હેય છે, તથા ભવ્યત્વ માર્ગણામાં ભવ્યત્વ પ્રાપ્ત થાય છે. આ ગુગુસ્થાનમાં પ્રથમોપશમ સમ્યકત્વ દ્વિ તીયોપશમ સમ્યકત્વ વેદક સમ્યકત્વ તથા ક્ષાયિક સમ્યકત્વ પૈકી કોઇ એક સમ્યકત્વ હોય છે સંયતાસંયત જીવ સંજ્ઞા આહારક ક્રમવાર બંને ઉપયોગ વાળો હોય છે આ ગુણસ્થાનમાં આર્તધ્યા ૪, રાૈદ્ર ધ્યાન ૪, ધર્મધ્યાન ૩ આ પ્રમાણેના ૧૧ ધ્યાન પૈકી એકી વખતે એક ધ્યાન હોય છે આશ્રવ ૩૭ માંથી ઓછામાં ઓછા ૮ તથા વધુમાં વધુ ૧૪ હોય છે ભાવ ૩૧ પૈકી એકી વખતે ૨૨ અથવા ૨૪ થાય છે. સંયતાસંયત જીવ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત છપર્યાપ્તિવાળો ૧૦ પ્રાણવાળો તથા ૪ સંજ્ઞાવાળો

હોય છે સંયતાસંયત જીવનું દેહ પ્રમાણ (અવગાહના) સંખ્યાતઘનાંગુલથી માંડી એક હજાર યોજના સુધીનું હોય છે, ભોગભૂમિના મનુષ્ય તથા તિર્યંચો આ ગુણસ્થાનમાં નથી હોતા ।વિદેહક્ષેત્રમાં, ચોથાતથા પંચમકાલમાં ભારત તથાઐરાવત ક્ષેત્રમાં, લવણસમુદ્ર, કાલોદધિ સમુદ્ર, ઉત્તરાર્દ્ધ સ્વયંભૂરમણદ્વીપ સ્વયંભુરમણ સમુદ્રમાં જન્મ પામેલા સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત તિર્યંચ તથા મનુષ્યને આ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે તિર્યંચને જન્મ પામ્યા પછી ત્રણ અંતર્મુહૂર્ત પછી આ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે પરંતુ મનુષ્યને જન્મલીધા પછી ૮ વર્ષ પછી આ ગુણસ્થાન પ્રાપ્ત થઇ શકે છે, આ જીવોનો આવાસ (રહેવાનુ ઠેકાણું) લોકના અસંખ્યાતમા ભાગમાં છે મારણાન્તિક સમુદ્ઘાતની અપેક્ષાએ ૬થી૧૪ રાજુ લોકનો સ્પર્શ થઇ શકે છે.

સંયતાસંયત જીવ હમેશા કંઇને કંઇ સ્થળે રહે છે. એક જીવ સંયતાસંયત ગુણસ્થાનમાં ઓછામાં ઓછા એક અંતર્મુહૂર્ત રહે છે તથા તિર્યંચની અપેક્ષાથી એક કોટી (કરોડ) પૂર્વમાં ૩ અંતર્મુહુર્ત ઓછા સુધી તથા મનુષ્યની અપેક્ષાએ એક કોટી પૂર્વમાં ૮ વર્ષ ઓછા સુધી રહે છે એક જીવ સંયતાસંયત ગુણસ્થાનથી છૂટી અન્ય ગુણસ્થાનમાં રહે અને ફરી સંયતાસંયત ગુણસ્થાનમાં આવે તો આ વચગાળાનું અંતર ઓછામાં ઓછું એ અન્તર્મુહૂર્ત રહી શકે છે અને વધુમાં વધુ અર્ધપુદગલ પરાવર્તન કાલમાં ૧૧ અંતર્મુહુર્તઓછીસુધીરહી શકે છે એક જીવની અપેક્ષાએ દેશવિરતી ગુણસ્થાનમાં ગતિ વિગેરેના ભેદોને લીધે જુદા જુદા પ્રકારના કર્મોનો બંધ ઉદય તથા સત્વ (સત્તા) હોય છે. પરંતુ વિસ્તાર થવાના ભયના કારણે તે અહિંઆં સામાન્યપણેજ કહીએ છીએ.

દેશ વિરતિમાં૬૭ પ્રકૃતિઓ નો બંધ થાય છે કારણકે અહિંમિથ્યાત્વ ગુણસ્થાનની ૧૬ પ્રકૃતિઓનો અભાવ છે બીજા ગુણસ્થાન સાસનની ૨૫ પ્રકૃતિ ઓનો અભાવ છે ૪થા અસંયત ગુણસ્થાનની અપ્રત્યાખ્યાના વરણ કષાય ૪નો અભાવ છે, મનુષ્ય આયુ, મનુષ્યગતિ, મનુષ્યગત્યાનુંપુર્વી (મનુષ્યપણેથી મરીગયા પછી વિગ્રહ ગતિમાં જન્મ લેતા પહેલા આત્માના પ્રદેશોનું મરણ પહેલાંના શરીરના આકારે રહેવું તે) વજ્રવૃષભ, ઔદારિક શરીર ઔદારિક અંગો-પાંગ આ દશ તથા બે પ્રકારના આહારક (૧૬+૨૫+૪કષાય +મનુષ્યઆયુ વિગેરે૬+બે આહારક મળી ૫૩) મળી ૫૩ પ્રકૃતિ ઓનો બંધ થતો નથી. (વ્યુચ્છિત્તિ-જે ગુણસ્થાનમાં કર્મપ્રકૃતિ ઓનો બંધ ઉદય અથવા સત્વ(સત્તા) ની વ્યુચ્છિતિ (અભાવ-નાશ) કહી હોય તે ગુણસ્થાન સુધી જતે પ્રકૃતિઓનો બંધ ઉદય અથવા સતા પ્રાપ્ત થાય છે આગળના કોઇપણ ગુણ-સ્થાનમાં તે પ્રકૃતિઓનો બંધ ઉદય અથવા સત્વ હોતા નથી તેને વ્યુચ્છિતિ કહે છે. વ્યુચ્છિત તેનું વિશેષણ છે. ભુતકૃદત છે એટલે નાશ પામેલું અભાવ પામેલું જુઓ જૈનસિદ્ધાંત પ્રવેશિકા પાન ૪૯૩) આ ગુણસ્થાનમાં ૮૭ પ્રકૃતિઓનો ઉદય થાય છે કારણકે અહિંમિથ્યાત્વ વ્યુચ્છિન્તની ૫, આસન વ્યુચ્છિતની ૯, સમ્યગ્મિથ્યાત્વની ૧, અસંયતમાં વ્યુચ્છિત નરકાયુ દેવાયુ નારકગતિ તથા દેવગતિનું વૈક્રિયિક અંગોપાંગ નરકગત્યાનુંપૂર્વી તિર્યંગત્યાનુપૂર્વ્ય મનુષ્ય ગત્યાનુંપુર્વ્ય દેવ ગત્યાનૂં પૂર્વ્ય દુર્ભગ, અનાદેય, અપશ:કીર્તિતથા અ પ્રત્યાખ્યાનાવરણ કષાય ૪, આ ૧૭ તીર્થંકર તથા બે આહા-રક આ ૩૫ પ્રકૃતિઓનો ઉદય થતો નથી (અનાદેય=જે કર્મના ઉદયથી કાન્તિસહિત શરીર ન હોય તે અનાદેંય નામ કર્મ છે)

દુર્ભગનામ કર્મ=જે કર્મના ઉદયથી બીજા જીવો પોતાની સાથે દુશ્મનાઇ (વૈર) કરે તે (અપ્રત્યાખ્યાનાવરણ કષાય ૪, ૧દેવ-ગતિ ૧ દેવગત્યાનુ પુવીં, ૧દેવાયુ, ૧ નરકગતિ, ૧ નરકગત્યાનુ પૂર્વી ૧ નરકાયુ ૧ વૈક્રિયિક શરીર ૧ વૈક્રિયિક અંગોપાંગ, ૧ મનુષ્યાગત્યાનુપૂર્વી ૧ તિર્યંગત્યાનૂપૂવી ૧ દુર્ભગ, ૧ અનાદેય, ૧અયશમકીર્તિ મળી ૧૭+૧૬ તીર્થંકર ભાવનાઓ+૨ બે આહારક મળી ૫૩ સંયતાસયંત ગુણસ્થાન ૧૪૭ પ્રકૃતિઓનુ સત્વ (સતા) રહે છે અહિ નરકાયુની સત્તા નથી હોતી કારણ કે નારકી જીવો ને તે આ ગુણસ્થાન પ્રાપ્ત થતું નથી અને જેણે નરકઆયુષ્યનો બંધ કરીને સતા (નરકાયુની) બનાવીલીધી હોય તેને પણ આ ગુણસ્થાન પ્રાપ્ત થતું નથી. તીર્યંચને વ્રત પ્રતિમા સુધીના જ પરિણામ થઈ શકે છે સ્ત્રીને અગીઆર પ્રતિમાઓમાં ઐલક (આર્યિકા) સુધીનાજ પરિણામ થઇ શકે છે પુરૂષને અગીયાર પ્રતિમા તથા તનાથી આગળના પણ પરિણામ થઇ શકે છે આ પ્રમાણે સંયતાસંયત ગુણસ્થાનનું વર્ણન કરીને હવે છઠ્ઠા પ્રમત-વિરત ગુણસ્થાનનું કઈક નિરૂપણ કરીએ છીએ.

## ૬-પ્રમતવિરત ગુણસ્થાન

સમ્યકત્વ સાથે સકલવ્રત (મહાવ્રત) હોય પરંતુ સંજવલન કષાયનો તીવ્ર ઉદય હોવાથી પ્રમાદસહિત હોય તે પ્રમતવિરત ગુણસ્થાન કહેવાય છે આ ગુણસ્થાન વર્તીનામાં આહાર કરવાનો વિહાર કરવાનો દીક્ષા, શિક્ષા તથા પ્રાયશ્ચિત આપવા વિગેરેના તથા તે સબંધી વિકલ્પ કરવારૂપ પ્રમાદ રહે છે.

### પ્રમાદના મુળમાં ૧૫ ભેદ છેઃ-

વિકથા ૪, કષાય ૪, ઇન્દ્રિય વિષય ૫. નિદ્રા ૧મળી ૧૫ તેના સંયોગથી તેના ઉપર (બીજા) ભેદ ૮૦ થઇ જાય છે જેવા

૧ સ્ત્રી કથાલાપી ક્રોધી સ્પર્શનેન્દ્રિયવશંગતો નિદ્રાલુ સ્નેહવાન વિગેરે અર્થાત જયારે વિકથા પૂરી થઇ જાય તો ફરી વિકથા શરૂથી લે તથા બીજો કષાય ધારણ કરે અને ફરીથી જયારે આ પ્રમાણે કરતાં કરતાં કષાય પૂરા થઇ જાય ત્યારે ફરીથી કષાયો શરૂથી લે અને ઇન્દ્રિય વિષય બદલી નાખે આને સુગમતાથી સમજવા માટે નીચેના નકશાનો આશ્રય લેવો :-

| | | | | |
|---|---|---|---|---|
| સ્ત્રીકથાલાપી ૧ | ભોજનકથાલાપી ૨ | દેશકથાલાપી ૩ | રાજ કથાલાપી ૪ | |
| ક્રોધી ૦ | માની ૪ | માયાવી ૮ | લોભી ૧૨ | |
| સ્પર્શનેન્દ્રિય વશી ૦ | રસનેન્દ્રિય વશી ૧૬ | ઘ્રાણેન્દ્રિય વશી ૩૨ | ચક્ષુરિન્દ્રિય વશી ૪૮ | શ્રોત્રેન્દ્રિય વશી ૬૪ |
| નિદ્રાલુ ૦ | | | | |
| સ્નેહવાન્ ૦ | | | | |

ઉપરના નકશા ઉપરથી જે નંબરનો ભેદ કાઢવો હોય તો ઉપર ઉપરથી નીચે સુધી પાંચેય ખાનામાંથી ૧-૧ એવું નામ લેવું કે જેના આગળના [નીચેના] અંક સાથે જોડવાથી એટલી સંખ્યાનો નંબર આવી જશે અને જે ભેદનો નંબર જાણવો હોય તો તે નામનો નીચેનો આંકડો જોડી દેવો એટલે સાથે મુકી દેવો જે સંખ્યા આવે તે નંબર બની જશે.

આ ગુણસ્થાન પ્રત્યાખ્યાનાવરણ નામના ચારિત્ર મોહના ક્ષયોપશમથી ઉત્પન્ન થાય છે, તે માટે તેમાં ક્ષાયોપશમિક ભાવ છે અને નિમિત્ત મોહ છે આમાં વર્તમાન પ્રખ્યાના વરણનો ઉદયાભાવી ક્ષય આગળના સદવસ્વારૂપ ઉપક્ષમ તથા સંજવલન કષાયનો ઉદય રહે છે આ ક્ષયોપશમની સ્થિતી છે.

આ ગુણુસ્થાનમાં જીવ અપ્રમત્ત ગુણુસ્થાનેથી જ આવે છે તથા આ ગુણુસ્થાન વાળો જીવ ૭મા. ૫મા, ૪થા, ત્રીજા, બીજા તથા પહેલા ગુણુસ્થાનમાં પણુ આવી શકે છે.
આ ગુણુસ્થાનમાં તેની આહારકઋદ્ધિ થઇ ગઇ હોય તેને કોઈ સૂક્ષ્મ તત્વમાં શંકા વિગેરે ઉત્પન્નથતાં તેને આહારક શરીર પણુ પ્રગટ થઇ જાય છે આ આહારક શરીર બનતા સુધીમાં જયાં સુધી અપર્યાપ્ત રહે છે. ત્યાંસુધીના વખત માટે આ આહારકમિશ્ર કાયયોગીને અપર્યાપ્ત કહે છે આ સ્થિતિમાં આહારક વર્ગણા તથા ઔદારિક વર્ગણાઓને ગ્રહણુકરવાના નિમિત્તથી પરિસ્પન્દ થાય છે
[ આહારકશરીર —છઠ્ઠા ગુણસ્થાવર્તી મુનિને તત્વોમાં કોઇશંકા ઉત્પન્ન થયેથી કેવળી અથવા શ્રુતકેવળી સમીપ જવાને માટે મસ્તકમાંથી જે એક હાથનું પુતળું નીકળે છે તેને આહારક શરીર કહે છે જૈન, સિ. પ્ર. પ્રશ્ન ૨૪ ] આ ગુણુસ્થાનમાં પરિહાર વિશુદ્ધિધારીને પરિહાર વિશુદ્ધિચારિત્ર હોય છે. આ પરિહાર વિશુદ્ધિધારી જીવનાથી જયારે તે વિહાર કરે ત્યારે કોઇપણુ પ્રાણી પગ નીચે આવી જાય તો પણુ કોઈપણુ પ્રાણી ને રંચ [જરાય] પણુ હાનિ થાય નહિ તેવું તે ઇચ્છે વિહાર કરતાં અલ્પ સમયમાં સાતમું ગુણસ્થાન પણુ થઇ જાય છે આ અપેક્ષ થી આ પરિહાર વિશુદ્ધિ સાતમા ગુણુસ્થાનમાં પણુ માનવામાં આવી છે પરિહાર વિશુદ્ધ ચારિત્ર—આ ચારિત્ર મુનિઓને છઠ્ઠા તથા સાતમા ગુણુસ્થાનમાં હોય છે તેમને સદકાળ હિંસાનો ત્યાગ હોય છે. અહિંસા પાળવામાં તેમની વિશેષતા છે જે પુરૂષ જન્મથી ૩૦ વર્ષ સુધી સુખી હોય પછી મુનિ થઈ જાય અને ૩ અથવા ૯ વર્ષ સુધી તીર્થંકર ભગવાન ના ચરણુકમલોમાં નવમો પૂર્વ શાખ્યા હોય તેને આ સંયમ

હોય છે આવાસંયમી સાધુ ત્રણ મંધ્યા સમય સિવાયના કાલમાં દરરોજ બે ગાઉથી વધુ વિહાર ન કરે રાત્રે વિહાર ન કરે આ સાધુ જીવોની વિશેષ રક્ષા કરી શકે છે [જુઓ જૈન. શબ્દાર્ણવ પાન ૫૩૨]

જે મુનિને આહારક, પરિહારવિશુદ્ધિ, મનઃ પર્યય જ્ઞાન ઉપશમ સમ્યકત્વ બે પ્રકારના વેદ નપુંસક વેદ અગર સ્ત્રીવેદ એમાંથી કોઈ એક વેદ આ પાંચ પૈકી કોઈએક હોય તો બાકીમાં ૪ નહિ હોય આનો પરસ્પર વિરોધ છે પરંતુ ઉપશમ સમ્યકત્વ ની સાથે નપુસંક વેદ અથવા સ્ત્રીવેદ હોઈ શકે છે તથા દ્વિતીયો પશમ સમ્યકત્વની સાથે મનઃ પર્યયજ્ઞાન હોઈ શકે છે આ ગુણસ્થાનમાં મનુષ્યગતિ પંચેન્દ્રિય જાતિ, ત્રશકાય, યોગ ૧૧ પર્યાપ્ત પૈકી યોગ્યતા પ્રમાણે ૯ અથવા ૧૦ પરંતુ એકા વખત એક અપર્યાપ્તમાં એક આહારકમિશ્ર કામયોગ, ૩ વેદમાંથી કોઈ એક વેદ પરિહારવિશુદ્ધિ, મનઃપર્યયજ્ઞાન દ્વિતીયોપશમ દ્રષ્ટિ તથા આહારક વાલાને પુરૂષ વેદ, ૧૩ કષાય પૈકી એક જીવમાં ૬-૫-૪ જ્ઞાન-૨-૩-૪, પરિહાર વિશુદ્ધિ તથા આહારક વાલાને ૨-૩ (જ્ઞાન), સંયમ ૨. પરિહાર વિશુદ્ધિવાળાને ૩(સંયમ), દર્શન ૩-૨ લેશ્યાત્રણમાંથી એક, તથા ભવ્યત્વ હોય છે.

પ્રમતવિરત ગુણસ્થાનમાં ઉપશમ સમ્યકત્વ, વેદક સમ્યકત્વ તથા આહારકવાલાને વેદક સમ્યકત્વ તથા ક્ષાયિક સમ્યકત્વ આ બે હોય છે આ ગૂણસ્થાનવાલા સંજ્ઞી, આહારક, ક્રમવાર બંને પ્રકારના ઉપયોગવાળા, નિદાન શિવાય ૩ આર્તધ્યાન, તથા ૪ ધર્મધ્યાન આ સાત પ્રકારના ધ્યાનમાંથી કોઈ એક ધ્યાનના તે ધ્યાતા હોય છે.

પ્રમત ગુણસ્થાનમાં૨૪ આશ્રવ હોય છે, એક જીવમાં ૯-૬-૫ આશ્રવ હોય છે ભાવ ૩૧ હોય હોય એક એક જીવમાં

ઓછામાં ઓછા ૨૪ અને વધુમાં વધુ ૨૭ હોય છે ૫+૧૬ કષાય +૯ નો કષાયઅને+ ૧૫ યોગ=૫૭ આશ્રવના ભેદ ૫૭ છે મિથ્યાત્વ ૧૨ અવિરતિ પ્રમત વિરત સાધુઓના દેહનું પ્રમાણ (અવગાહના) ઓછામાં ઓછુ ૩॥ હાથ અને વધુંમાં વધુ ૫૨૫ ધનુષ હોય છે અપર્યાપ્તિમાં આહારક શરીર એક હાથનું હોય છે

જીવ સમુહની અપેક્ષાએ પ્રમતવિરત સાધુઓને ૬૩ પ્રકૃતિઓનો બંધ હોય છે કારણ કે મિથ્યાત્વ વ્યુચ્છિન્ન ૧૬ સાસન (બીજુ ગૂણસ્થાન) વ્યુચ્છિન્ન ૨૫, અસંયત (૪થુગૂણસ્થાન) વ્યુચ્છિન્ન ૧૦ તથા દેશ સંયત (૫મુગુણસ્થાન)માં પ્રત્યાખ્યાનાવરણ ૪ કષાયનો અભાવ તથા બે પ્રકારના આહારક આ પ્રમાણે ૫૭ પ્રકૃતિઓનો બંધ થતો નથી.

જુદા જુદા પ્રકારના જીવોની અપેક્ષાએ પ્રમતવિરત સાધુ-ઓને ૮૧ પ્રકૃતિઓનો ઉદય રહે છે કારણકે મિથ્યાત્વ ગુણસ્થાન ની ૫ પ્રકૃતિઓનો અભાવ સાસન ગુણસ્થાનની ૯ પ્રકૃતિઓનો અભાવ યાને નાશ (વ્યુચ્છિન્ન) મિશ્ર ગુણસ્થાનની ૧ વ્યુચ્છિન્ન (નાશ પામેલી) અસંયત વ્યુચ્છિન્ન ૧૭. દેશસંયત વ્યુચ્છિન્ન પ્રત્યાખ્યાના=વરણ કષાય ૪ તિર્યકગતિ, તિર્યંચઆયુ, ઉદ્યોત, નીચગોત્ર આ આઠ (૪કષાયાતર્યચગતિ ૧, તિર્યકઆયુ ૧, ઉદ્યોત ૧ નીચગોત્ર ૧ મળી ૮) આ આઠ તથા પાંચ મિથ્યાત્વ વ્યુચ્છિન્ન, ૯ સાસનવ્યુચ્છિન્ન, ૧ મિશ્રવ્યુચ્છિન્ન તથા ૧૭ અસંયત વ્યુચ્છિન્ન મળી ૪૦+૧ તીર્થંકર પ્રકૃતિ મળી ૪૧ પ્રકૃતિઓનો ઉદય થતો નથી. પ્રમત વિરત સાધુઓનું સત્વયાને પ્રકૃતિઓની સતા ૧૪૬ પ્રકૃતિઓની છે તેમને નરકાયુ તથ તિર્યંચ આયુ પ્રકૃતિઓ સત્તામાં હોતી નથી ક્ષાયિક સમ્યગ્દષ્ટ પ્રમતવિરતિ સાધુઓને ૧૩૯ પ્રકૃતિઓનું સત્વયાને સત્તા છે તેમ

સમ્યક્ત્વ ઘાતક ૭ પ્રકૃતિઓ, તિર્યંચ આયુ. તથા નરકઆયુ આ ૯ પ્રકૃતિઓ સત્તામાં હોતી નથી. (કુલ બધાં આઠ કર્મોની મળીને ૧૪૮ પ્રકૃતિઓ હોય છે ૫ જ્ઞામાવરણીય કર્મની ૯ દર્શનાવર્ણીય કર્મની, ૨ વેદની કર્મની, ૨૮ મોહનીય કર્મની ૩ દર્શન મોહનીયની+૧૬કષાયની+૯નોકષાયની મળી ૨૫ ચારિત્રમોહની), ૪ આયુ કર્મની ૯૩ નામ કર્મની, ૨ ગોત્ર કર્મની, ૫ અતંરાય કર્મની=૫+૯+૨+૨૮+૪+૯૩+૨+૫=૧૪૮) બૃહત જૈન શબ્દાવર્ણન પાન (૪૧૨)

પ્રમત ગુણસ્થાન વર્તી જીવોનું નિવાસ સ્થાન અઢી દ્વિપની અંદરજ હોય છે પરંતુ અન્ય અપેક્ષાઓથી જેમકે મારણાંતિક સમુદ્ઘાત મનુષ્ય લોકથી અસંખ્યાત ગણું ક્ષેત્ર છે. તથા લોકના અસંખ્યાત ભાગને સ્પવર્શ છે પ્રમતવિરત સાધુ હંમેશા હોય છે એક જીવની અપેક્ષાએ આ ગૂણસ્થાનનો કાલ જઘન્ય એક સમય છે આ સમય મરણની અપેક્ષાએ છે એક જીવનો ઉત્કૃષ્ટ કાલ આ ગુણસ્થાનમાં અંતમૂહુર્ત (૪૮ મીનીટની અંદર) છે. એક પ્રમતસંયત જીવ પોતાનું ગુણસ્થાન છોડીને બીજા ગુણસ્થાને જઈને ફરી પાછો આ ગુણસ્થાનમાં આવે તો આ વચગાળાનાં વખતનું અંતર જઘન્ય અંતર્મુહુર્ત હશે અને અધિકમાં અધિક અર્દ્ધપુદગલ પરાવર્તનમાં દશ અંતમુહુર્ત ઓછું હશે

આ ગુણસ્થાનમાં પુલાક, બકૂશ તથા કુશીલ આ ત્રણ પ્રકારના નિર્ગ્રન્થ હોઈ શકે છે.

આ ગુણસ્થાનમાં આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ આ ત્રણજ પરમેષ્ઠી હોય છે આ પરમેષ્ઠી પાંચ મહાવ્રત ત્રણ ગુપ્તિ તથા પાંચ સમિતીંઆનુ આચરણ કરે છે દશ ધર્મનું પાલન કરે છે તેમનો વધુ સમય (વખત) ભાવનાઓના ચિંતનમાં જાય છે તેઓ સમતાથી ૨૨ પરિષહોને જીતે છે બાર પ્રકારનું યથાયોગ્ય

તપ કરે છે આ મહાત્માઓ જ્યારે પ્રમાદ યુક્ત થાય છે ત્યારે પ્રમત વિરત કહેવાય છે પહેલાં પ્રમાદના ૧૫ અને ટુંક વર્ણનમાં ૮૦ કહ્યા હતા તમને જો વિસ્તારથી કહેવામાં આવે તો તેમના ૩૭૫૦૦ ભેદ થાય છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| સ્ત્રી કથા | ૦ | પરપીડા | ૩૦૦૦૦ | સંજવલનલોભ | ૯૦૦ |
| અર્થકથા | ૧૫૦૦ | કલહ | ૩૧૫૦૦ | હાસ્ય | ૯૬૦ |
| ભોજનકથા | ૩૦૦૦ | પરિગ્રહ | ૩૩૦૦૦ | રતિ | ૧૦૨૦ |
| રાજકથા | ૪૫૦૦ | કૃષ્યાદ્ય | ૩૪૫૦૦ | અરતિ | ૧૦૮૦ |
| ચોરકથા | ૬૦૦૦ | સંગીતવ૦ | ૩૬૦૦૦ | શોક | ૧૧૪૦ |
| વૈરકથા | ૭૫૦૦ | અનંતાનુબંધીક્રોધ | ૦ | ભય | ૧૨૦૦ |
| પરપાખંડકથા | ૩૦૦૦ | „ માન | ૬૦ | જુગુપ્સા | ૧૨૬૦ |
| દેશકથા | ૧૦૫૦૦ | „ માયા | ૧૨૦ | પુવેદ | ૧૩૦૦ |
| ભાષાકથા | ૧૨૦૦૦ | „ લોભ | ૧૮૦ | સ્ત્રીવેદ | ૧૩૮૦ |
| ગુણબંધકથા | ૧૩૫૦૦ | અપ્રત્યાખ્યાનક્રોધ | ૨૪૦ | નપુંસકવેદ | ૧૪૪૦ |
| દેવીકથા | ૧૫૦૦૦ | „ માન | ૩૦૦ | સ્પર્શનઈન્દ્રીય | ૦ |
| નિષ્ઠુરકથા | ૧૬૫ ૦ | „ માયા | ૩૬૦ | રસનેન્દ્રિય | ૧૦ |
| પરપૈશુન્યકથા | ૧૮૦૦૦ | „ લોભ | ૪૨૦ | ઘ્રાણેન્દ્રિય | ૨૦ |
| કંદર્પકથા | ૧૯૫૦૦ | પ્રત્યાખ્યાનક્રોધ | ૪૮૦ | ચક્ષુઈન્દ્રીય | ૩૦ |
| દેશકાલકથા | ૨૧૦૦૦ | „ માન | ૫૪૦ | શ્રોત્રેન્દ્રિય | ૪૦ |
| ભંડકથા | ૨૨૫૦૦ | „ માયા | ૬૦૦ | મનોઈન્દ્રિય | ૫૦ |
| મૂર્ખ કથા | ૨૪૦૦૦ | „ લોભ | ૬૬૦ | સ્ત્યાનગૃદ્ધિનિદ્રા | ૦ |
| આત્મપ્રશંસાકથા | ૨૫૫૦૦ | સંજવલનક્રોધ | ૭૨૦ | નિદ્રા નદ્રા | ૨ |
| પરપરિવારકથા | ૨૭૦૦૦ | „ માન | ૭૮૦ | પ્રચલાનિદ્રા | ૪ |
| પરજુગુપ્સાકથા | ૨૮ ,૫ | „ માયા | ૮૪૦ | નિદ્રા | ૬ |

| | | |
|---|---|---|
| પ્રચલાનિદ્રા | ૮ | આમાં પહેલો ભેદ સ્ત્રીકથાલાપી અનંતાનુ- |
| સ્નેહ | ૧ | બંધી ક્રોધી સ્પર્શનેન્દ્રિયવશંગત |
| મોહ | ૨ | સ્ત્યાન ગૃદ્ધિવાળા સ્નેહીનો થયો |

બીજો ભે: આજ પ્રમાણે સ્નેહીની જગ્યાએ મોહીકહીને કરવો. ત્રીજો ભેદ સ્ત્રીકથાલાપી અનંતાનુબંધી સ્પર્શનેન્દ્રિયવશંગત નિદ્રાનિદ્રા વાળા સ્નેહીનો આ પ્રમાણે ક્રમથી લગાવી જવું ભેદનામનો નંબર જાણવા તથા નંબરનું નામ જાણવાની રીત ઉપર પ્રમાદના એંશી ભેદમાં જણાવી છે તે પ્રમાણે છે

આ સર્વ પ્રમાદ પહેલાં ગુણસ્થાનમાં તીવ્ર છે તેના ઉપર ઉપરના ગુણસ્થાનોમાં ક્રમવાર મંદથતા જાય છે આ ગૂણસ્થાનનુ નામ પ્રમત વિરત છે તેથી આ ગુણસ્થાનમાં વિષેશ પ્રમાદ છે એમ સમજવું નહિ પહેલા ગુણસ્થાનથી છઠા ગુણસ્થાન સુધીના બધા જીવો પ્રમત છે છઠા ગુણસ્થાન પછી પ્રમત રહેતાં નથી. અને છઠા ગુણસ્થાનમાં પણ અતિઅલ્પ (ઘણોજ થોડો) પ્રમાદ રહે છે જો પ્રમત્ત હોવા છતા સંયત (સંયમી) છે તે પ્રમત સંયત કહેવાય છે ૩૭૫૦૦ ઉપર જણા૦યા પ્રમાણે પ્રમાદના ભેદ છે તેમાંથી, કેટલાક જ પ્રમાદ આ ગુણસ્થાનમાં હોય છેબધા પ્રમાદ નહિ આ પ્રમાણે પ્રમતવિરત ગુણસ્થાનનુંસંક્ષેપમાં વર્ણન કરીને હવે અપ્રમત સંયતનુ વર્ણન કરીએ છીએ.

## ૭ અપ્રમત વિરત ગુણસ્થાન

જયાં સમ્યકત્વ તથા મહાવ્રત છે તથા સંજવલન કષાયના મંદ ઉદયથી પ્રમાદ પણ નથી તેને અપ્રમત વિરત ગુણસ્થાન કહે છે.

આ ગુણસ્થાનના બે ભેદયાને પ્રકાર છે ૧ સ્વસ્થાન અપ્રમતવિરત તથ. ૨. સાતિશય અપ્રમત વિરત જે જીવ અપ્રમતવિરત

ગુણસ્થાનથી આગળના ગુણસ્થાનોમાં જવાનો અપુર્વપારણામ કરી રહ્યો નથી અને છઠ્ઠા ગુણસ્થાનમાં જશે તે સ્વસ્થાન અપ્રમત વિરત છે જે જીવ છઠ્ઠા ગુણસ્થાનમાં ના જઈ શકે પરંતુ મરણ કરી ચોથા ગુણસ્થાનમાં જશે તે જીવ પણ સ્વસ્થાન અપ્રમતસંયત છે સાતમા ગુણસ્થાનથી છઠા ગુણસ્થાનમાં તથા છઠા ગુણસ્થાનમાંથી સાતમા ગુણસ્થાનમાં જવાનો ક્રમ સંખ્યાબંધ હજારવાર બનતો રહે છે

જે શ્રેણી ચઢવામાટે અભિમૂખ (તૈયાર) છે તે સાતિશય અપ્રમત વિરત છે અર્થાત ઉપરનીશ્રેણી ચઢવાસન્મુખ છે તે જે સૌથી પહેલું અપ્રમત ગુણસ્થાન ઉત્પન્ન થાય છે તે છઠા ગુણસ્થાનથી થતું નથી. કારણ કે જીવ છઠા ગુણસ્થાનમાં સાતમા ગુણસ્થાનેથી જ આવે છે પહેલા, ચોથા, પાંચમા તથા છઠા આ ગુણસ્થાનોની પછી જ અપ્રમતસંયત ગુણસ્થાન ઉત્પન્ન થાય છે અપ્રમત વિરત સાધુ છઠા ગુણસ્થાનમાં અથવા અપુર્વકરણ ઉપશમક અથવા અપુર્વકરણ ક્ષપકમાં જાય છે જો મરણ થાય તો ચોથા ગુણસ્થાને પહોંચે છે અપ્રમત ગુણસ્થાનમાં જુદા જુદા પ્રકારના જીવો યાને જીવ સમુહની અપેક્ષાએ ૫૯ પ્રકૃતિઓનો બંધ હોય છે અહિં મિથ્યાત્વની ૧૬ પ્રકૃતિઓનો અભાવ, સાસન ગુણસ્થાનની ૨૫ પ્રકૃતિઓનો અભાવ, અસંયત ગુણસ્થાન ની દશ પ્રકૃતિઓનો અભાવ (વ્યુચ્છિન્ન), દેશ સંયત ગુણસ્થાન ની ૪ પ્રકૃતિઓનો અભાવ (નાશ) પ્રમતસંયત વ્યુચ્છિન્ન (અભાવ) ના ૧ અસ્થિર, ૨ અશુભ, ૩ અશાતા વેદનીય, ૪ અયશઃકીર્તિ, ૫ અરતિ અને ૬ શોક આ પ્રમાણે છઠ્ઠા પ્રમત ગુણસ્થાનના અંતે ૬૧ બંધ પ્રકૃતિઓ વ્યુચ્છિન્ન (નાશપામેલા) થઈ ગએલી ૬૧ પ્રકૃતિઓનો બંધ હોતો નથી એટલે છઠા ગુણસ્થાનમાં જે ૬૩ પ્રકૃતિ ઓનાં બંધ કહ્યો છે તેમાંથી ઉપર જણાવેલી ૬

પ્રકૃતિઓ ઘટાડવાથી બાકી રહેલી ૫૭ પ્રકૃતિમાં બે પ્રકારના આહારકને ભેળવવાથી ૫૯ પ્રકૃતિઓનો બંધ થાય છે.
(જૈન સિદ્ધાંત પ્રવેશિકા પ્રશ્ન ૫૨૯)

જીવ સમૂહની અપેક્ષાએ આ ગુણસ્થાનમાં ૭૬ પ્રકૃતિઓનો ઉદય રહે છે. કારણ કે આ ગુણસ્થાનમાં મિથ્યાત્વ વ્યુચ્છિન ૫ સાસન વ્યુચ્છિન ૯, મિશ્ર ગુણસ્થાન વ્યુચ્છિન ૧, અસયંત વ્યુચ્છિન ૧૭, દેશ વિરત વ્યુચ્છિન. પ્રમત્ત સંયત વ્યુચ્છિન ૧ આહારક શરીર, ૨ આહારક અંગોપાંગ, ૩ સત્યાનગૃદ્ધિ, ૪ નિદ્રા-નિદ્રા, ૫ પ્રચલા પ્રચલા, આ પ્રમાણે પાંચ. આ પ્રમાણે પ્રમત્ત ગુણસ્થાનના અંતે ઉદય વ્યુચ્છિન [નાશપામેલી] ૪૫ તથા તીર્થંકર આ પ્રમાણે ૪૬ પ્રકૃતિઓનો ઉદય થઈ શકતો નથી.

એટલે છઠા ગુણસ્થાનમાં જે ૮૧ પ્રકૃતિઓનો ઉદય કહ્યો છે. તેમાંથી ઉપર જણાવેલી પાંચ પ્રકૃતિઓના ઘટવાથી બાકી રહેલી ૭૬ પ્રકૃતિઓનો ઉદય થાય છે (જૈ. સિ. પ્ર. પ્રશ્ન ૫૩૦)

અપ્રમત ગુણસ્થાનમાં ૧૪૩મી પ્રકૃતિઆની સત્તા રહે છે અહિં નરક આયુ તથા તિર્યંચ આયુની સત્તા હોતી નથી. ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ પ્રમત્ત નિરતને ૧૩૯ સુધીની સત્તા રહે છે તેને સમ્યક્તને ઘાત કરનારી ૭ પ્રકૃતિઓ તથા નરક આયુ તથા તિર્યંચ આયુ હોતુ નથી.

મહાવ્રતના પરિણામ સૌથી પહેલાં સાતમા ગુણસ્થાનમાં થાય છે. આ સકલ ચારિત્ર સર્વ દેશવ્રત, સરાગ ચારિત્ર, ક્ષાયો પશમિક ચારિત્ર વિગેરે નામોથી કહેવામાં આવે છે તો આ ગુણસ્થાનમાં કોઈ મિથ્યા દૃષ્ટિ આવે તો પ્રથમોપશમ સમયક-ત્વની સાથે સંયમને પામશે અથવા તો વેદક સમ્યકત્વની સાથે

સંયમને પામશે. પ્રથમોપશમની સાથે સંયમને પામે તો પહેલાં ત્રણે પ્રકારના કરણોના પરિણામો આવશ્યક યાને જરૂરી છે. જો વેદક સમ્યકત્વની સાથે સંયમ પામે તો પહેલાં અધઃકરણ તથા અપૂર્વકરણ આ બે પ્રકારના પરિણામો આવશ્યક (જરૂરી) છે વેદક સમ્યકત્વની સાથે સંયમ પામવાવાળો જીવ ૨૮ પ્રકૃતિઓ (મોહકર્મની) નીજ સત્તાવાળો હતો. ત્રણે પ્રકારના સમ્યગ્દષ્ટિ જીવ અસંયત (ગુણસ્થાન-૪) તથા સંયતાસંયત (ગુથસ્થાન-૫) થી સંયમને પામેતો બે કરણ આવશ્યક છે.

સૌથી પહેલાં તો અપ્રમતસંયમ થયા પછી જે સાતિશય અપ્રમત્ત વિરત થઈ શકતો નથી. અર્થાત્ ઉપરના ગુણસ્થાનોમાં જવાનો પુરૂષાર્થતે કરતો જોવામાં આવતો નથી પરંતુ પ્રમત્ત વિરત બને છે. પ્રમત વિરતથી અપ્રમત્ત વિરત, અપ્રમત્ત વિરતથી આ પ્રકારે હજારવાર પ્રમતવિરતમાં પરિવર્તન કરે છે. તે પછી તે સાતિશય અપ્રમત્તવિરત બની શકે છે. અપ્રમત્ત ગુણસ્થાનમાજ દ્વિતીયો પશમ સમ્યકત્વથી નિષ્ઠાપના (સ્થિતિ) થાય છે. ચોથાથી સાતમા ગુણસ્થાન સુધીમાં કોઈપણ વેદક સમ્યગ્દષ્ટિ જીવ ત્રણે પ્રકારના (અધઃકરણ અપૂર્વકરણ તથા અનિવૃત્તિકરણ) કરણાત્મક પરિણામો દ્વારા અનંતાનુબંધી કષાયના વિસંયોજન (ત્યાગ) કરી શકે છે. અનંતાનુબંધી કષાયના વિસંયોજન પછી અપ્રમત સંયમ થઇને ફરીથી પ્રમત્તસંયત તથા અપ્રમત્તસંયતમાં આવ જા કરીને અપ્રમત્ત સંયત બનીને ત્રણે કરણોના પરિણામો દ્વારા દર્શનમોહને દૂર કરીને તેનો ઉપશમ કરી નાંખે છે ફરીથી પ્રમત્ત વિરત અપ્રમતવિરતમાં આવવાનું પરિવર્તન કરીને કષાયના ઉપશમ માટે અધઃકરણના પરિણામ કરે છે. આ સ્થિતિમાં આ જીવ સાતિશય અપ્રમત્ત વિરત કહેવાય છે. ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ અપ્રમત સંયત કષાયોના ઉપશમ

માટે પણ અધઃકરણ કરી શકે છે. જો કષાયોના ઉપશમનું કાર્ય કરે તો ઉપશમ શ્રેણી ઉપર ચઢી જશે તથા જો કષાય મતનોક્ષય કરવા તે પરિણામો કરે તો તે જીવ ક્ષયક શ્રેણી ચઢી જશે. આ પણ સાતિશય અપ્રમત્ત વિરત છે. અહિયાં આ વિશેષ પણે જાણી લેવું કે ક્ષાયિક સમ્યકત્વવાળા જીવની ચોથા ગુણસ્થાનથી સાતમા ગુણસ્થાન સુધીમાં કોઇપણ ગુણસ્થાનમાં તેની નિષ્ઠાપના થાય છે. અને તેમાં પણ પહેલાં ત્રણ કરણોવાળા પરિણામોથી કષાયાનો ક્ષય કર્યા પછી થોડા વખત વિશ્રામ કરીને દર્શન મોહનો ક્ષય કરવામાં આવે છે (શ્રેણી જ્યાં ચારિત્ર મોહનીય કર્મની બાકી રહેલી ૨૧ પ્રકૃતિઓ (અનંતાનુ બંધી કષાય ૪ સિવાયની) નો ક્રમથી ઉપશમ તથા ક્ષય કરાય તેને શ્રેણી કહે છે તે શ્રેણી ઉપશમ શ્રેણી તથા ક્ષપક શ્રેણી એમ બે પ્રકારે છે (ક્ષાપક સમ્યકદૃષ્ટિ અને દ્વિતિયોપશમ સમ્યગ્દૃષ્ટિ જ શ્રેણી ચઢે છે. પ્રથમોપશમ સમ્યકત્વવાળા ક્ષાયોપશતિક સમ્યકાળવાળા શ્રેણી ચઢી શકતા નથી.) (ઉપશમ શ્રેણીનાં ૪ ગુણસ્થાન છે. ૮ અપૂર્વકરણ, ૯ અનિવૃત્તિકરણ, ૧૦મુ સૂક્ષ્મ સાંપરાય અને ૧૧ મુ ઉપશાંત મોહ અને ક્ષપક-શ્રેણીના ૪ ગુણસ્થાન છે. ૮ અપૂર્વકરણ, ૯ અનિવૃત્તિકરણ, ૧૦ સુક્ષ્મસાંપરાય અને ૧૨મું (ક્ષીણમોહ) ઉપશમ શ્રેણીમાં ચારિત્ર માહિતીઓની ૨૧ પ્રકૃતિઓના ઉપશમ કરાય છે. અને ક્ષપકશ્રેણીમાં આ ૨૧ પ્રકૃતિઓનો ક્ષય કરાય છે ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ તો બન્નેય શ્રેણીઓ ચઢે છે. અને દ્વિતિયોપશમ સમ્યકદૃષ્ટિ ઉપશમ શ્રેણીએ ચઢે છે. ક્ષપકશ્રેણી ચઢતો નથી. જુઓ જૈ. સિ. પ્ર. પ્રશ્ન ૫૧૭ થી ૫૨૩)

ક્ષાયોપશમિક સંયમમાં પણ જીવનું સ્થાન લોક પ્રમાણ છે. તેમાંથી જે પ્રમત્તસંયત જીવ અતિ સંકલેશવાળા પરિણામવાળો

મવાળો મિથ્યાત્યમાં પડવાવાળો છે. તેનું સૌથી જઘન્ય (નીચું) સંયમ સ્થાન છે. તેનાથી અનંતગણું સંયમનું સ્થાન મિથ્યાત્મમાં જવાવાળા પ્રમત્ત સંયતનો ઉત્કૃષ્ટ સંયમ છે.

સંયમથી નીચે પડવાવાળા સર્વ જીવો પ્રમત્તવિરત સમજવા જોઈએ.

આ સ્થાનથી અનંતગણું સંયમનું સ્થાન અતિસંક્લિષ્ટ અવિરત સમ્યકત્વને પ્રાપ્ત કરવાવાળા સંયમીનું જઘન્ય સંયમ સ્થાન છે. આનાથી અનંતગણું સંયમનું સ્થાન યોગ્ય સંકલિષ્ટનું જ ઉત્કૃષ્ટ સંયમ સ્થાન છે. આ પણ પ્રમત્ત વિરત છે. (આ ગુણસ્થાનમાં સંજ્વલન અને નો કષાયનો મંદ ઉદય થવાથી પ્રમાદ રહીત સંયમ ભાવ થાય છે. તે કારણથી આ ગુણસ્થાન વર્તી મુનિને અપ્રમત્ત વિરત કહે છે) ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ અને દ્વિતીયોપશમ સમ્યગ્દૃષ્ટિ જ આ શ્રેણી ચઢે છે. પ્રથમોપશમ સમ્યકત્વવાળા તથા ક્ષાયોપશમિક સમ્યકત્વવાળા શ્રેણી ચઢી શકતા નથી ઉપશમ શ્રેણીનાં ૪ ગુણસ્થાન ઉપર જણાવ્યાં છે.

અહિંસાદિ પાંચવ્રત ધારણ કરવાને, ઈર્યાપથ આદિ પાંચ સમિતિઓના પાળવાને ક્રોધાદિ કષાયોનો નિગ્રહ કરવાને મનોયોગ આદિ ત્રણ યોગોને રોકવાને તથા સ્પર્શન વિગેરે પાંચ ઈન્દ્રિઓનો વિજય કરવાને સંયમ કહે છે એનાથી અનંતગુણું સંયમ સ્થાન અતિસંક્લિષ્ટ સંયમા સંયમમાં આવવા વાળા સંયમીનું જઘન્ય સંયમ સ્થાન છે. યે ગ્યસંકલેશીતનું પણ ઉત્કૃષ્ટ સંયમસ્થાન તેનાથી અનંતગણુ છે. આ પણ પ્રમત્ત વિરત છે આનાથી અનંતગણું સંયમ સ્થાન આર્યખંડમાં ઉત્પન્ન થયેલા મિથ્યાદૃષ્ટિ મનુષ્યના સંયત (સંયમી) હોવાના

પ્રથમસમયમાં હોય છે. આપ્રમતવિરત છે.

તેનાથી અનંતગણુ સંયમ સ્થાન મ્લેચ્છ ખંડમાં ઉત્પન્ન થએલા મિથ્યાદૃષ્ટિ મનુષ્યના સંયત થતા પહેલાંના પ્રથમ સમયમાં થાય છે.

આનાથી અનંતગણુ સંયમસ્થાન દેશ સંયત આર્યમનુષ્યના સંયત થતા પહેલાંનાસમયમાં થાય છે. અપ્રતિપાત પ્રતિપધ-માન સ્થાન પણ અસંખ્યાત લોક પ્રમાણે છે. [અપ્રતિપાતિ નહિ છુટવાવાળી-પ્રતિપધમનગત-પાંચમુ દેશગુણસ્થાનને પ્રાપ્ત થતાં પ્રથમ સમયનું વિશુધ્ધિનું સ્થાન શબ્દાર્ણવકોખ-પાન-૩૨૫ તથા પાન-૫૫૨]

અપ્રમતગુણસ્થાનમાં સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત તેની છ પર્યાપ્તિઓ ૧૦ પ્રાણ, સંસાત્રણ, ગતિ મનુષ્ય, જાતિ પંચે-ન્દ્રિય ત્રસકાય યોગ ૯ પૈકી એકી વખતે એક યોગ ત્રણ વેદ પૈકી કોઈ એક વેદ, ૧૩ કષાયોમાં એક જીવને ૬-૫-૪ જ્ઞાન ૪-૩-૨- માંથી એકી વખતે એક, સંયમ ૨-૩, દર્શન ૨-૩ પૈકી ઉપયોગમાં એક, લેશ્યા ત્રણ માંથી એક તથા ભવ્યત્વ હોય છે.

અપ્રમત વિરતને ૩ સમ્યકત્વ પૈકી એક હોય છે. પરંતુ પરિહાર વિશુધ્ધિ તથા આહારકવાળાને કોઇ પ્રકારનું ઉપશમ સમ્યકત્વ હોતુ નથી.

અપ્રમતસંયત—સંજ્ઞી, આહારક, ક્રમપ્રમાણે બંને પ્રકારના ઉપયોગવાળો-૭ ધ્યાનોમાંથી કોઇપણ ધ્યાનનો ધ્યાતા હોય છે. આ ગુણસ્થાનમાં આશ્રય ૨૨ હોય છે. તે પૈકી એક જીવ

ને ૫ અથવા ૬ ૭ હોય છે. ભાવ ૩૧ હોય છે એક જીવમાં એકી વખતે ઓછામાં ૨૨ અને વધારેમાં વધારે ૨૫ હોય છે. આ ગુણસ્થાન પણ પ્રત્યાખ્યાનાવરણ કષાયના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે. પરંતુ વિશેષતા એટલી છે કે સંજવલન કષાયોનો ઉદય મંદ હોય છે. અપ્રમયસંયતને પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયાભાવી ક્ષય તથા આગળ ઉદયમા આવવા યોગ્ય પ્રત્યાનાવરણનો સદવસ્થારૂપ ઉપશમ તથા સંજવલનનો મંદ ઉદય રહે છે. આ ક્ષયોપશમની સ્થિતિ છે, તેથી આ ક્ષાયોક્ષયિક ભાવ છે, અને તેનુ નિમિત કારણ મોહ છે.

કષાયેના ઉપશમ અથવ ક્ષયના માટે થવા વાળા અધઃકરણ પરિણામના પહેલાં સર્વ પ્રકારની સ્થિતિઓમાં અપ્રમત સ્વસ્થાન અપ્રમવિરત કહેવાય છે. કષાયોના ઉપશમ તથા ક્ષયના માટે થવાવાંળા અધઃકરણ પરિણામોના સાતિશય અપ્રમત વિરત કહેવાય છે. જો અહિં ઉપશમના કાર્યનો પ્રારંભ થાય તો ઉપશમ શ્રેણી જીવ ચઢશે. અને જો ક્ષયના કાર્યનો પ્રારંભ થાય તો ક્ષપક શ્રેણી ચઢશે.

ક્ષાયિક સમ્યગ્દષ્ટિ બે શ્રેણીઓ ઊપશમ તથા ક્ષપકમાંથી કોઈપણ શ્રેણી ઉપર ચઢી શકે છે. પરંતુ દ્વિતીયોપશમ સમ્યગ્દષ્ટિ જીવ ઉપશમ શ્રેણી ઉપર જ ચઢી શકે છે.

હવે આ પ્રકરણને વશ થઈને અધઃકરણનું સ્વરૂપ કહીએ છીએ :–

જે કરણમાં અર્થાત પરિણામ સમૂહમાં ઉપરીતન સમયવર્તી જીવોનો પરિણામ નીચેના સમયવર્તી (અધસ્તનસમયવર્તી)

જીવોનો પરિણામ સદૃશ હો તેને અધઃકરણ કહે છે વિષમ અવસ્થા પછી સમ અવસ્થાથી જવા માટે આ પહેલો પ્રયત્ન છે. જે બીજા જીવે પાછળથી અધઃકરણ પરિણામો પ્રાપ્ત કરવાં પ્રારંભ કર્યો છે, તેના પરિણામ જેવા પરિણામ થવા તે અધઃકરણ પરિણામ છે.

અધઃકરણનો કાલ અંતર્મુહુર્ત છે જેમકે અનેક જીવોએ પ્રથમ સમયમાં અધઃકરણ પરિણામ કર્યાં તો તે યોગ્ય જઘન્ય થયા અને ઉત્કૃષ્ટ પરિણામોની સીમા ઓળંગીને નાના પ્રકારના તેના પરિણામ ઉત્પન્ન થયા પછી તે જીવોએ આગળના સમય માં પ્રવેશ કર્યો અને તેમના પરિણામ વધ્યા તે સમયમાં બીજા જીવો એ અધઃકરણ પરિણામમાં પ્રથમ પ્રવેશ કર્યો આ પ્રમાણે બધા આગળ વધતા જાય છે અને તે વખતે બીજા જીવો તેયાં પ્રવેશ કરતા જાય છે અહિ પ્રવેશ કરવાવાળા જીવોને જઘન્ય (નીચેના) પરિણામ શિવાય કંઈક પરિણામ ઉપર વધેલા જીવોના પરિણામો સાથે મળી જાય છે અર્થાત્ તેમના પરિણામો આગળ વધેલા જીવોના પરિણામના જેવા એક પ્રકારના છે તથા દ્વિત્ય એટલે બીજા વિગેરે સમયવાળા પરિણામો પણ ઉપર વાળાના પરિણામસમાન છે. અંતિમ સમયના ઉત્કૃષ્ટ પરિણામ નીચેવાળાના સમાન નથી આ પ્રમાણે અધઃકરણ ના સૌથી નીચા જઘન્ય શરૂના તથા સર્વોત્કૃષ્ટ [સૌથી આગળ વધેલા] પરિણામો શિવાયના બાકીના [વચગાળા] પરિણામો કંઈક ઉપરના સમયવાળા તથા નીચેના સમયવાળાની સમાન રહે છે તેનું દૃષ્ટાન્ત આ પ્રમાણે છે.:- જેમકે અધઃકરણનો કાલ ૧૬ સમય છે તે પ્રત્યેક સમયના ૪ પ્રકાર કરો

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૬ | ૫૪ | ૫૫ | ૫૬ | ૫૭ | ૨૨૨ | ચતુર્થાનુકૃષ્ટિ કુલ ખંડ ૪ |
| ૧૫ | ૫૩ | ૫૪ | ૫૫ | ૫૬ | ૨૧૮ | |
| ૧૪ | ૫૨ | ૫૩ | ૫૪ | ૫૫ | ૨૧૪ | |
| ૧૩ | ૫૧ | ૫૨ | ૫૩ | ૫૪ | ૨૧૦ | |
| ૧૨ | ૫૦ | ૫૧ | ૫૨ | ૫૩ | ૨૦૬ | તૃતીયાનુકૃષ્ટિ કુલ ખંડ ૪ |
| ૧૧ | ૪૯ | ૫૦ | ૫૧ | ૫૨ | ૨૦૨ | |
| ૧૦ | ૪૮ | ૪૯ | ૫૦ | ૫૧ | ૧૯૮ | |
| ૯ | ૪૭ | ૪૮ | ૪૯ | ૫૦ | ૧૯૪ | |
| ૮ | ૪૬ | ૪૭ | ૪૮ | ૪૯ | ૧૯૦ | દ્વિતીયાનુકૃષ્ટિ કુલ ખંડ ૪ |
| ૭ | ૪૫ | ૪૬ | ૪૭ | ૪૮ | ૧૮૬ | |
| ૬ | ૪૪ | ૪૫ | ૪૬ | ૪૭ | ૧૮૨ | |
| ૫ | ૪૩ | ૪૪ | ૪૫ | ૪૬ | ૧૭૮ | |
| ૪ | ૨૪ | ૪૩ | ૪૪ | ૪૫ | ૧૭૪ | પ્રથમ અનુકૃષ્ટિ કુલ ખંડ ૪ |
| ૩ | ૪૧ | ૪૨ | ૪૩ | ૪૪ | ૧૭૦ | |
| ૨ | ૪૦ | ૪૧ | ૪૨ | ૪૩ | ૧૬૬ | |
| ૧ | ૩૯ | ૪૦ | ૪૧ | ૪૨ | ૧૬૨ | |
| સમય | પ્રખંડ | દ્વિખંડ | ત્રી.ખ. | ચો.ખ. | કુલ ૩૦૭૨ | |

નોંધ – વિશેષ સમજુતિ માટે જૈન સિદ્ધાંત પ્રવેશિકાસે.-પંડિત ગોપાલદાસ બરૈયાના પ્રશ્ન ૫૨૮ના જવાબમાં જુઓ.

આ અધઃ પ્રવૃત્ત કરણમાં પ્રથમ સમયની જઘન્ય (નીચેની) વિશુદ્ધિ સૌથી ઓછી છે, તેનાથી બીજા સમયની જઘન્ય વિશુદ્ધિ અનંત ગણી છે. તેનાથી ત્રીજા સમયની જઘન્ય વિશુદ્ધિ અનં-

તગણી છે. આ પ્રમાણે આ ક્રમ પ્રથમ નિર્વર્ગણા કાંડકના અંતિમ સમયવર્તી જઘન્ય વિશુદ્ધિ લઈ જવા જોઈએ જેમકે દૃષ્ટાંતમાં પ્રથમ નિર્વર્ગણા કાંડકના ચાર સમય છે તો ત્રીજા સમયની જઘન્ય વિશુદ્ધિથી ચોથા સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગણી થઈ હવે તેનાથી અનંતગણી વિશુદ્ધિ પ્રથમ સમય ની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ છે. એ રીતે પાછા ફરીને નીચેના સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ ઉપર આવવામાં જયાંથી પાછા ફરવાનું થયું ત્યાં સુધી એક નિર્વર્ગણા કાણ્ડક થાય છે. પ્રથમ નિર્વર્ગણા કાંડકના અંતીમ સમય (૪) ની ઉત્કૃષ્ટ વિશુદ્ધિથી દ્વિતીય નિર્વર્ગણા કાંડકની પ્રથમ સમય (૫) વર્તી જીવની જઘન્ય (ઓછી) વિશુદ્ધિ છે. તેનાથી અનંતગણી વિશુદ્ધિ દ્વિતીયનિર્વર્ગણા કાંડકના બીજા સમય (૬) વર્તી જીવની વિશુદ્ધિ તેનાથી તૃતીય ૭) સમયવર્તી જીવની આ ક્રમ દ્વિતીય નિર્વર્ગણા કાંડકના અંતીમ સમયની જઘન્ય વિશુદ્ધિ સુધી આવ્યા

દૃષ્ટાન્તમાં જોયું તેમ તેનાથી ૮મા સમયવર્તી જીવની અનંતગણી વિશુદ્ધિ છે. તેનાથી અનંતગણી વિશુદ્ધિ દ્વિતીય નિર્વર્ગણાં કાંડકના પ્રથમ સમયવર્તી જીવની ઉત્કૃષ્ટ વિશૂદ્ધિ છે. આ પ્રમાણે આગળ સુધી કર્યા કરવું

આની રચનાનો પ્રકાર દૃષ્ટાંતમાં યાતો ઉપર નકશામાં જણાવ્યા મુજબ આ પ્રમાણે ણવું સર્વધનયાને કુલ ૩૦૭૨ છે. સમય ૧૬ છે, ચય ૪, સંખ્યાનુ પ્રમાણ ૩ અને નિર્વર્ગણા કાણ્ડક ૪ છે.

ચય કોને કહે છે ? ઉત્તર શ્રેણી વ્યવહાર ગણિતમાં સમાન હાનિ અથવા સમાન વૃદ્ધિના પરિમાણને ચય કહે છે.

ચયનું પરિમાણ કાઢવાની રીત—

નિષેકહારમાં એક અધિક ગુણહાનો આયામનું પ્રમાણ જોડીને અર્ધા કરવાથી જે લબ્ધ આવે તેને ગુણહાનિ આયામથી ગુણયા કરવી એવી રીતે ગુણવાથી જે ગુણન ફલ (ગુણાકાર) થાય તેનો ભાગ વિવક્ષિત ગુણહાનિના દ્રવ્યમાં ઉમેરવાથી વિવક્ષિત ગુણહાનિના ચયનું પરિમાણ નીકળે છે. (જૈ.સિ.પ્ર. ૨૮૭)

નિષેક એટલે એક સમયમાં કર્મમાં જેટલાં પરમાણુઓ ઉદયમાં આવે તે સર્વેના સમુહને નિષેક કહે છે (જૈ.સિ.પ્ર.૨૬૭) ગુણહાનિ એટલે ગુણાકાર રૂપ હીન હીન (ઓછું ઓછું) દ્રવ્ય જેમાં જણાય તેને ગુણહાનિ કહે છે. જેમકે કોઈજીવે એક સમયમાં ૬૩૦૦પરમાણુઓના સમૂહરૂપ સમયપ્રબદ્ધ [એક સમયમાં જેટલા કર્મપરમાણુ અને નો કર્મ પરમાણુઓ બંધાયત] બંધ કર્યો અને તેમાં ૪૮ સમયની સ્થિતિ પડી, તેમાં ગુણહાનિઓના સમહરૂપ નાના ગુણહાનિ ૬, તેમાંથી પ્રથમ ગુણહાનિના પરમાણું ૩૨૦૦ બીજી ગુણહાનિના પરમાણુ ૧૬૦૦ ત્રીજી ગુણહાનિના પરમાણુ ૮૦૦, ચોથી ગુણહાનિના પરમાણું ૪૦૦ પાંચમી ગુણહાનિના પરમાણું ૨૦૦ અને છઠી ગુણહાનિના પરમાણું ૧૦૦ છે. અહિ ઉત્તરોત્તર ગુણહાનિઓમાં ગૂણાકારરૂપ હીન હીન પરમાણુ [દ્રવ્ય] પ્રાપ્ત થાય છે તેથી તેને ગુણહાનિ કહે છે. [જૈન સિદ્ધાંત પ્રવેસિકા પ્રશ્ન ૨૭૮]

**નાના ગુણહાનિ—** ગુણહાનિઓના સમૂહને નાના ગુણહાનિ કહે છે જેમકે ઉપરના દૃષ્ટાન્તમાં આઠ આઠ સમયની છ ગુણહાનિ છે, તેજ છ સંખ્યા નાના ગુણહાનિનું પરિણામ જાણવું [જૈન સિ. પ્ર. પ્રશ્ન ૨૮૦]

**ગુણ હાન આયામઃ–** એક ગૂણ હાનિના સમયના સમુહને ગુણહાનિ આયામ કહે છે જેમકે ઉપરના દષ્ટાન્તમાં ૪૮ સમય ની સ્થિતિમાં ૬ ગુણહાની હતી તો ૪૮ ને ૬ એ ભાગવાથી પ્રત્યેક ગુણહાનિનું પરિણામ ૮ આવ્યુ તેજ ગુણહાનિ આયામ કહેવાય [જૈ. સિ. પ્ર. પ્રશ્ન ૨૭૯)

**નિષેકહારઃ** ગુણહાનિ આયામથી બમણા પરિમાણને નિષેકહાર કહે છે જેમકે ગુણહાનિ આયામ ૮ થી બમણા ૧૬ને નિષેકહાર કરે છે.

## ચયનું પરિમાણ કાઢવાની રીત

જેમકે નિષેકહાર ૧૬ માં એક અધિક ગુણહાનિ આયામ ૯ ઉમેરવાથી ૨૫ થયા પચીશના અર્ધા૧૨ાા ને ગુણહાનિ આયામ ૮થી ગુણવાથી ૧૦૦ થાય છે તે ૧૦૦ નો ભાગ વિવક્ષિત પ્રથમ ગુણ હાનિના દ્રવ્ય ૩૨૦૦ માં ઉમેરવાથી પ્રથમ ગુણહાનિ સબંધી ચય ૩૨ આવ્યા એવી રીતે દ્વિતીય ગુણ-હાનિમાં ચયનું પરિમાણ ૧૬, તૃતીયનું પરિમાણ ૮ ચતુર્થનું ૪, પંચમનુ ૨ અને અંતિમ ગુણહાનિના ચયનુ પરિમાણ ૧ જાણવું [જૈ. સિ. પ્ર. પ્રશ્ન ૨૮૭]

અંતિમ ગુણ હાનિના દ્રવ્યને પ્રથમ ગુણહાનિ પર્યન્ત બમણા બમણા કરવાથી અન્ય ગુણહાનિઓના દ્રવ્યનું પરિણામ નીકળે છે છે. જેમકે ૨૦૦–૪૦૦–૮૦૦–૧૬૦૦–૩૨૦૦

પ્રત્યેક ગુણહાનિમાં પ્રથમાદિસમયોમાં દ્રવ્યનું પારમાણ કેવી રીતે હોય છે,?

ઉત્તર–નિષેકહારને ચયથી ગુણવાથી પ્રત્યેક ગુણહાનિના પ્રથમ સમયના દ્રવ્ય નીકળે છે, અને સમયના દ્રવ્યમાંથી એક એક ચય બાદ કરવાથી ઉત્તરોત્તર સમયોના દ્રવ્યોનું પરિમાણ નીકળે છે જેમકે–નિષેકહાર ૧૬ ને ચય ૩૨ થી ગુણવાથી પ્રથમ ગુણહાનિના પ્રથમ સમયના દ્રવ્ય ૫૧૨ થાય છે અને ૫૧૨ માંથી એક એક ચય અથવા બત્રીશ બત્રીશ બાદ કરવાથી બીજા સમયના દ્રવ્યોનું પરિમાણ ૪૮૦ ત્રીજા સમયના દ્રવ્યોનુ પરિમાણ ૪૪૮ ચોથા સમયના દ્રવ્યોનું પરિમાણ ૪૧૬ પાંચમ સમયના દ્રવ્યોનું પરિમાણ ૩૮૪ છઠ્ઠા સમયના દ્રવ્યોનું પરિમાણ ૩૫૨ અને આઠમા સમયના દ્રવ્યોનું પરિમાણ ૨૮૮ નીકળે છે એવી રીતે દ્વિતીયાદિક ગુણહાનિઓમાં પણ પ્રથમાદિસમયોના દ્રવ્યોનું પરિમાણ કાઢી લેવું

## નીચે લખેલાં પ્રસંગો પર અધઃકરણ થાય છે.—

૧ પ્રથમોશમ સમ્યક્ત્વથી પહેલાં દર્શન મોહને અંતરકરણ આગામી કાળમાં ઉદય આવવા યોગ્ય કર્મના પરમાણુઓને આગળ પાછળ ઉદય આવવા યોગ્ય કરવાં તે કરતી વખતે ૨ વેદક સમ્યકત્વના માટે ૩ સંયમાસંયમના માટે) દ્વિતીયોપશમ સમ્યકત્વ પહેલાં અનંતાનુબંધી કષાયને દુર કરવા માટે ૫ (દ્વિતીયોપશમ પહેલાં દર્શન મોહનુ અન્તરકરણ કરવા માટે ૬ સકલ ચારિત્ર માટે ૭ ક્ષાયિક સમ્યક્ત્વ પહેલાં અનંતાનુબંધી કષાયનુ વિસંયોજત કરવા માટે ૮ ક્ષાયિક સમ્યકત્વની પહેલાં દર્શન મોહની ક્ષપણા (ક્ષય)માટે, ૯ ચારિત્ર મોહનો ઉપશમ કરવા માટે ૧૦ ચારિત્ર મોહનો ક્ષય કરવા માટે

આ અપ્રમત ગુણસ્થાનમાં જ અધિકમાં અધિક વખત ત્રણ અધ:કરણ હોય તો તે નીચેના પ્રકારનાં થશે.

૧ દ્વિતીયોપશમવાળાને અનંતાનુબંધીના વિસંયોજન માટે દ્વિતીયોપશમ વાળા જીવને દર્શનમોહના અન્તરકરણ કરવા માટે ૩ ચારિત્ર મોહના ઉપશમ માટે પછીથી શ્રેણી ચઢીને નીચે પડે ત્યાર પછીથી વેદક સમ્યકત્વ થાય ૪ ક્ષાયિક સમ્યકત્વ વાળા જીવને અનંતાનુબંધી કષાયોના વિસંયોજન (દુર કરવા) માટે ૫ ક્ષાયિક સમ્યકત્વવાળા જીવને દર્શનમોહની ક્ષપણા માટે, ૬ ચારિત્ર મોહના ક્ષય માટે

એવું પણ બની શકે છે કે આ ગુણસ્થાનમાં એકવાર પણ કરણ (આત્મિકત્રણ પ્રકારના કરણવાળા પરિણામો) ન થાય અને કેટલોક વખત આ ગુણસ્થાનમાં રહી નીચે પડી જાય આ ગુણસ્થાન પ્રાપ્ત કરવા માટે જે કરણ (આત્મિક પરિણામ) થયું હતું તે આ ગુણસ્થાન પ્રાપ્ત કરતા પહેલાં પહેલી અથવા ચોથા અથવા પાંચમા ગુણ સ્થાનમાં ઉત્પન્ન થયું હતું

આ ગુણસ્થાનમાં કોઇપણ આયુષ્ય નો બંધ થતો નથી પરંતુ જો પ્રમત વિરત ગુણસ્થાનમાં દેવ આયુષ્યની શરૂઆત કરી લીધી હોય અને બંધ કાલમાં અપ્રમત વિરત થઈ જાય તો દેવ આયુષ્યના બંધને પૂરો કરી દે છે આ પ્રમાણે આ ગુણસ્થાનમાં દેવ આયુનો બંધ છે,

આ ગુણસ્થાન ધ્યાન અવસ્થામાં પ્રાપ્ત થાય છે તથા આહાર, વિહાર વિગેરે કરતાં પણ કદી અલ્પઅંતમુહુર્ત સંયત હોઈ શકે છે પરંતુ નિદ્રામાં આ ગુણસ્થાન ઉત્પન્ન થતું નથી.

આ પ્રમાણે અપ્રમત્ત વિરત ગુણસ્થાનનું વર્ણન કરીને હવે અપૂર્વ ગુણસ્થાનનું વર્ણન કરીએ છીએ

**ઉપશમ શ્રેણીના ૪ ગુણસ્થાન છે—આઠમું અપૂર્વકરણ** નવમુ અનિવૃતિ કરણ દશમું સુક્ષ્મ સામ્પરાય અને અગિઆરમું ઉપશાન્ત મોહ આ ઉપશમ શ્રેણીમાં ચારિત્ર મોહનીય કર્મની ૨૧ પ્રકૃતિઓનાં ઉપશમ કરાય.

**ક્ષપક શ્રેણીનાં ૪ ગુણસ્થાન—૧ આઠમું અપૂર્વકરણ** ૨, નવમૂ અનિવૃતિકરણ ૩ દશમું સુક્ષ્મ સાંપરામ અને ૪ ક્ષીણમોહ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ તો બંને શ્રેણીઓ ચઢે છે દ્વિતીયોપશમ સમ્યગ્દષ્ટિ ઉપશમ શ્રેણી જ ચઢે છે. ક્ષપક શ્રેણી ચઢતો નથી જમાં ચારિત્ર મોહનીય કર્મની બાકી રહેલી ૨૧ પ્રકૃતિઓનો ક્રમથી ઉપશમ તથા ક્ષય કરાય તેને શ્રેણી કહે છે અને તે ઉપશમ તથા ક્ષપક બે પ્રકારે છે.

## ૮ અપુર્વ કરણ ગુણસ્થાન

ચારિત્ર મોહનો ઉપશમ અથવા ક્ષયના માટે અપ્રમત વિરત સાધુ જયારે અધઃકરણ કરીને અપૂર્વ કરણમાં પહોંચે છે તો અપૂર્વકરણના પ્રથમ સમયથી જ આ અપુર્વ કરણ ગુણસ્થાન બને છે.

અપુર્વ કરણ શબ્દનો અર્થ-અ=નહિ પૂર્વ-પહેલાં કરણ પરિણામ (આત્માના) અર્થાત્ આત્માના જે પરિણામ તે જીવના અગરબીજાના પહેલા સમયમાં ન હતા તે પરિણામોનું હોવું આથી એ તાત્પર્ય નિકળ્યું કે અપૂર્વ કરણમાં વિવક્ષિત

**સમયવર્તી મુનિના પરિણામ આના પહેલાં અથવા આગળના સમયવર્તી મુનિઓના પરિણામો સાથે મળતા આવતા નથી.**

આ અપૂર્વકરણ પરિણામમાં પ્રતિસમય ૬ વિશેષ કાર્ય બન્યા કરે છે–૧ પ્રતિ સમય અનંતગણી વિશુદ્ધતા ૨, પૂર્વે બાંધેલા કર્મોની અસંખ્યાતગણી સ્થિતિનો નાશ ૩, અસંખ્યાત ગણી ઓછી સ્થિતિ થતાં થતાં જ નવીન કર્મોનું બંધાવવું, ૪ પૂર્વ બાંધેલાં કર્મોનો અસંખ્યાત ગણો અનુભાગ નો નાશ, ૫, અસંખ્યાતગણાં કર્મવર્ગણા ઓની નિર્જરા તથા ૬ પાપ પ્રકૃતિઓનું પુણ્ય પ્રકૃતિઓમાં બદલાયું અન્ય સ્થાનોમાં પણ અપૂર્વકરણ પરિણામ થાય છે ત્યાં પણ ત્યાં ત્યાં યોગ્ય આ છ કાર્યો લગાવી દેવાં જોઈએ.

અપૂર્વકરણ ગુણસ્થાન પ્રત્યાખ્યાનાવરણ કષાયોના વર્તમાનનો ઉદયાભાવી ક્ષય તથા આગળના સદવસ્થારૂપ [ઉપશમ તથા સંજવલનના મંદ ઉદયથી તથા અપૂર્વકરણ પરિણામ દ્વારા ઉત્પન્ન થાય છે

ચારિત્ર મોહિનો ક્ષયોપશમની સ્થિતિમાં આ ગુણસ્થાન ઉત્પન્ન થાય છે તેથી આને ક્ષાયોપશમિક કહેવામાં આવ્યું છે. આ ગુણસ્થાનવાળો આત્મા નિયમથી ક્ષાયિક ચારિત્ર અંતર્મુહૂર્ત માં પ્રગટ કરશે તથા મોહ (કષાય)ના ક્ષય માટે કરણ-પરિણામ કરી રહ્યા છે, આ માટે ક્ષપક શ્રેણીવાળા અપુર્વકરણ પ્રવિષ્ટ (દાખલથએલ) ને શુદ્ધિસંયતના ઉપચારથી ક્ષાયિક ભાવ પણ કહેવામાં આવ્યા છે તથા ઉપશમ શ્રેણીવાળા અપૂર્વ કરણ પ્રવિષ્ટ શુદ્ધિ સંયત (અપુર્વકરણ પ્રાપ્ત કરેલ શુદ્ધ સંયમવાળો જીવ) મરણના અભાવમાં અતંર્મુર્તહુર્તમાં નિયમથી ઔપશમિક ચારિત્ર

પ્રગટ કરશે તથા કષાયના ઉપશમના માટે કરણ (અપૂર્વકરણ) પરિણામ કરી રહ્યો છે તેથી ઉપચારથી ઔપશમિક ભાવ કહેવામા આવ્ય છે સમ્યગ્દર્શનની અપેક્ષા ક્ષાયિક સમ્યગ્દષ્ટિના ક્ષાયિક ભાવ છે અને દ્વિતીયોપશમ સમ્યગ્દષ્ટિના ઔપશમિક ભાવ છે આ બધા પ્રસંગોમાં મોહ નિમિત્ત છે અર્થાત્ મોહના ક્ષયોપશમની અપેક્ષા છે કંઈ ઉપશમની અપેક્ષા છે. અને કંઈ મોહના ક્ષયનીઅપેક્ષા છે

આ ગુણસ્થાનમાં સામાન્ય રૂપે ૫૮ પ્રકૃતિઓનો બંધ હોય છે કારણ કે પ્રમત્તાન્ત બંધવ્યુચ્છિન્ન ૬૧ અપ્રમેત્ત વિરત ગુણસ્થાનમાં વ્યુચ્છિન્ન દેવઆયુ આ ૬૨ પ્રકૃતિઓનો બંધ હોતો નથી એટલે સાતમા ગુણસ્થાનમાં જે ૫૯ પ્રકૃતિઓનો બંધ કહયો છે તેમાંથી વ્યુચ્છિતિ (નાશપામેલી) પ્રકૃતિ એક દેવઆયુના ઘટાડવાથી ૫૮ પ્રકૃતિઓનો બંધ થાય છે.

આ અપૂર્વકરણ ગુણસ્થાનના કાલના સાત ભાગ છે પહેલાં ભાગમ ૫૮ પ્રકૃતિઓનો બંધ થાય છે. બીજા-ત્રીજા-ચોથા પાંચમા તથા છઠા ભાગોમાં ૫૬ પ્રકૃતિઓનો બંધ હોય છે આમાં નિદ્રા તથા પ્રચલા એક જાતની આપણ નિદ્રા છે) આ એ પ્રકૃતિઓનો બંધ થતો નથી સાતમા ભાગમાં ૨૬ પ્રકૃતિઓના બંધ થાય છે આમાં દેવગતિ પંચેન્દ્રિય જાતિ વૈક્રિયક શરીર વૈક્રિયક અંગોપાંગ, આહારક શરીર આહારક અંગોપાંગ તેજસ શરીર કાર્મણ શરીર, સમચતુર સંસ્થાન, દેવગત્યાનુપૂર્વી, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અગરૂલઘૂ. ઉપઘાત પરઘાત, ઉચ્છ્વાસ પ્રશસ્તવિહાયોગતિ, ત્રસ, બાદર પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય (કર્મના ઉદયથી કાન્ત સહિત શરીર

ઉપજે તે કર્મ), તીર્થંકર તથા નિર્માણ નામક કર્મની આ ત્રીશ પ્રકૃતિઓનો બંધ થતો નથી અપૂર્વકરણ પ્રવિષ્ટ શુદ્ધિ સંયતોને ૭૨ પ્રકૃત્તિઓનો ઉદય રહે છે તેમાં પ્રમતાની ઉદય વ્યચ્છિન્ન (પ્રમત ગુણસ્થાનના અંતે જેનો નાશ થયો છે તે) ૪૫ તથા અપ્રમતવિરતમાં ઉદયવ્યુચ્છિન્ન ૪ તથા તીર્થંકર પ્રકૃતિ આ પ્રમાણે ૫૦ પ્રકૃતિઓનો ઉદય હોતો નથી સાતમા ગુણસ્થાનમાં જે ૭૬ પ્રકૃતિઓનો ઉદય કહયો છે ‹ માંથી પ્રકૃતિ ચાર (સમ્યક પ્રકૃતિ, અર્દ્ધનારાચ, કીલક, અસંપ્રાપ્તા સૃપાટિકા સંહનનો ઘટાડવાથી બાકી રહેલી ૭૨ પ્રકૃતિઓનો ઉદય થાય છે (જૈ સિ.પ્ર.પ્રશ્ન ૫૩૩)

આ ગુણસ્થાનમાં ૧૪૨,૧૩૯, ૧૩૮ પ્રકૃતિઓની સત્તા (સત્વ) હોય છે. આમાં જીવ ત્રણ પ્રકારના હોય છે

૧ દ્વિતીયોપશમ સમ્યગ્દષ્ટિ ઉપશમક, ૨ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ ઉપશમક, ૩ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ ક્ષપક.

દ્વિતીયોપશમ સમ્યગ્દષ્ટિ ઉપશમના અનંતાનુબંધી ક્રોધ માન, માયા, લોભનું છુટી જવાથી તેમની સત્તા નથી અને તિર્યંચ આયુ તથા નરકઆયુની પહેલાંથી સતા રહી નથી તેથી આ પ્રકૃતિઓ ઘટી જવાથી આદ્વિતીયોપશમ સમ્યગ્દષ્ટિ ઉપશમકને ૧૪૨ પ્રકૃતિઓની સત્તા છે ક્ષાયિક સમ્યગ્દષ્ટિ ઉપશમકની અનંતાનુબંધી કષાયની ૪ તથા દર્શન મોહની (મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યક પ્રકૃતિ) ત્રણ પ્રકૃતિઓ એમ આ સાત પ્રકૃતિઓનો સમ્યકત્વ ઉત્પન્ન થતાં જ ક્ષય થઇ જવાથી તિર્યંચ આયુ તથા નરક આયુની પહેલાં સતા નહિ હોવાથી ૯ પ્રકૃતિઓની સતા નથી આથી તેની ૧૩૯ પ્રકૃતિઓની સતા છે

ક્ષાયિક સમ્યગ્દષ્ટિ ક્ષપક જીવની ઉપર જણાવેલી ૯ તથા

દેવ આયુ એમ આ દશ પ્રકૃતિઓની સતા નથી. આથી ક્ષાયિક સમ્યગ્દષ્ટિ અપૂર્વકરણ પ્રવિષ્ટ શુદ્ધિ સંયત ક્ષપકની ૧૩૮ પ્રકૃતિ ઓની જ સત્તા છે.

હવે આ પ્રકરણ અંગે અપૂર્વકરણ પરિણામોની વિશુદ્ધિ ની જાણ કરવાનો માટે એક દષ્ટાંત લખીએ છીએ-તેની રચનાની પદ્ધતિ આ પ્રમાણે છે.—

| | | | |
|---|---|---|---|
| ૮ | ૫૫૩-૫૬૮ | ૩ | ૪૭૩-૪૮૮ |
| ૭ | ૫૩૭-૫૫૨ | ૨ | ૪૫૭-૪૭૨ |
| ૬ | ૫૨૧-૫૩૬ | ૧ | ૪૫૬ સુધી |
| ૫ | ૫૦૫-૫૨૦ | સમય | યોગ-કુલ-૪૦૯૬ |
| ૪ | ૪૮૯-૫૦૪ | | |
| સમય | | | |

સર્વધન (કુલ સરવાળો) ૪૦૯૬, આદિધન-ધન-૩-૬-૪-૮ ઉત્તર ધન ૪૪૮, કાલગચ્છ ૮, સંખ્યાત પ્રમાણ ૪, ચય ૧૬ ગચ્છની સંખ્યાનીકૃતિ એટલે ગચ્છની સંખ્યા ૮નો વર્ગ (કૃતિ) કરાવવા કરતાં ૮×૮=૬૪ થયા તેને સખ્યા પ્રમાણ ૪ છે તેનાથી ગુણતાં ૬૪×૪=૨૫૬ બસો છપ્પન થયાં હવે કુલ (સર્વધન) ૪૦૯૬ છે આ ૪૦૯૬ ને ૨૫૬ વડે ભાગતાં ૪૦૯૬÷૨૫૬=૧૬ આ ૧૬ ચય આવ્યા

ઉત્તરધન— ગચ્છન ૮ બાદ ૧=૭ તેના અડધા કર્યા તો ૩ાા થયા આ ૩ાા ને ચય ૧૬ થી ગુણતાં ૩ાા×૧૬=૫૬ આ ૫૬ને

ગચ્છ ૮ થી ગુણતાં ૫૬×૮=૪૪૮ ઉત્તરધન

**અંતિમ સમય સબંધી પરિણામધન—**
ગચ્છ ૮-૧=૭×૧૬ (ચય)=૧૧૨ + ૪૫૬ ઉપર કોઠામાં જણાવેલા પ્રથમ સમયનાધન=૫૬૮ અંતિમસમય પરિણામધન

**આદ્ય સમયધન—**
ગચ્છ૮-૧=૭×૧૬(ચય)=૧૧૨ ૫૬૮ (અંતિમ સમય પરિણામ ધન) બાદ ૧૧૨, ૫૬૮-૧૧૨-૪૫૬ આધસમયધન

**આદિધન**—૪૫૬ (ઉપર બતાવ્યા મુજબ) × ૮ (ગચ્છસંખ્યા) =૩૬૪ [આદિધન સર્વધન— ૪૫૬ (આધ સમયધન) + ૫૬૮ (અંતિમ સમય સબંધી પરિમામધન) ઉમેરતાં=૧૦૨૪ ૧૦૨૪÷ ૨=૫૧૨ × ૮=૪૦૯૬

**અપુર્વકરણ પરિણામમાં વિશુદ્ધિ તારતમ્ય—**

આ ગુણસ્થાનના પ્રથમ સમયમાં જે જે જઘન્ય વિશુદ્ધિ છે તેનાથી અનંતગણી પ્રથમસમયના અંતે ઉત્કૃષ્ટ વિશુદ્ધિ છે. તેનાથી અનંતગણી બીજા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ છે આ પ્રમાણે અંતિમ સમયના ઉત્કુષ્ટ પરિણામ સુધી ચાલ્યા જવું જોઈએ આ ગુણસ્થાનમાં જીવ સંજ્ઞી પંચેન્દ્રિય, પર્યાપ્ત હોય છે તેને પર્યાપ્તિ ૬, પ્રાણ ૧૦, સંજ્ઞા ૪, ગતિ મનુષ્ય જાતિ પંચેન્દ્રિય, ત્રસકાય, યોગ ૯, વેદ ૩, કષાય ૧૨ પૈકી ૬-૫ ૪ તે પૈકી એક વખત ઉપયોગમાં એક, સંયમ ૨, દર્શન ૩-૨ પૈકી ઉપયોગમાં એક વખતે એક, લેશ્યા શુકલ લેશ્યા-ભવ્યત્વ સમ્યકત્વ ૨, દ્વિતીઓપશમ તથા ક્ષાયિક હોય છે, અપૂર્વ ગુણસ્થાન વર્તીજીવ અહુરક્ ક્રમવાર બંને ઉપયોગવાળો પૃથકત્વ વિતર્ક વિચાર શુંકલધ્યાનનો ધ્યાતા હોય છે. આવા

આશ્રય ૧૩ પરંતુ એક જીવને ૭-૬-૫ થાય છે ભાવ ૨૮, એક જીવમાં ૨૨-૨૩-૨૪-૨૫ થાય છે.

અપૂર્વકરણ પ્રવિષ્ટ શુદ્ધિસંયતનું દેહ પ્રમાણ ૩ાા હાથ થી પ૨૫ ધનુષ્ય સુધીનું હોય છે.

તેમનું રહેવાનું ક્ષેત્ર અઢી દ્વિપની અંદર છે ક્ષેત્ર લોકનો અસંખ્યાત ભાગ છે તથા સ્પર્શન પણ લોકના અસંખ્યાતા ભાગમા થાય છે અપૂર્વકરણ પ્રવિષ્ટ વિશુદ્ધિ સંયતોમાં ઉપશામક જીવોનો જઘન્ય કાલ એક સમય છે તથા ઉત્કૃષ્ટ કાલ અંતર્મુહુર્ત છે. પરંતુ ક્ષપક જીવોનો જઘન્ય કાલ પણ અંતર્મુહુર્ત છે. અને ઉત્કૃષ્ટકાલ પણ અન્તર્મુહૂર્ત છે બંનેમાં જીવ સમૂહમાં ઉપર જણાવેલા બંન પ્રકારનો તે પ્રમાણે જ કાલ છે.

ક્ષપક એક જીવમાં એવું નથી હોતુ કે આઠમુ ગુણસ્થાન છોડીને બીજા ગુણસ્થાનોમાં જઈને પછી આઠમા ગુણસ્થાનમાં આવે કારણ કે ક્ષપક જીવ ગુણસ્થાનોમાં આગળ વધીને ગુણસ્થાનાતીત (ગુણસ્થાન પાર કરી જશે) થઈ જશે.

સર્વ જીવની અપેક્ષા એવો અન્તર (વચગાળાનો વખત) આવી શકે છે કે કોઈ સમય એવો રહે કે કોઇ પણ જીવ અષ્ટમ [આઠમા] ગુણસ્થાનમાં ન હોય તો એવો વચગાળાનો વખત એક સમય અને વધારેમાં વધારે છ મહિનાનો હોઈ શકે છે આઠમા ગુણસ્થાનવાળો ઉપશામક એક જીવ આઠમુ ગુણસ્થાન છોડીને બીજા ગુણસ્થાનમાં રહે, પછી આઠમું ગુણસ્થાન પ્રાપ્ત કરે આ વચગાળાનો વખત ઓછામાં ઓછો અંતર્મુહૂર્ત અને વધુમાં વધુ અર્દ્ધપુદ્ગલપરાવર્તન કાલમાં ૨૮ અંતર્મુહૂર્ત ઓછો કાલ થાય છે આમાં નીચે પડવાનો વચગાળાનો

વખત અપૂર્વકરણથી લીધો છે તેથી આમાં લગાતાર ૧૨ અંતર્મુહૂર્ત વખત લાગે ફરી સંસાર ભ્રમણ કરીને અપુર્વકરણ પ્રાપ્ત થશે, તેના પછી નિર્વાણ પામવામાં ૧૬ અંતર્મુહુર્ત લાગશે આ પ્રમાણે વચગાળાનો સમયાને વખત અર્દ્ધપૂદ્ગલ પરિવર્તન કાલમાં ૨૮ અંતર્મુહુર્ત ઓછો થાય છે

ઘણા ઉપશમક જીવોનો વચગાળાનો સમય ઓછામાં ઓછો એક સમય અને વધુમાં વધુ વર્ષ પૃથકત્વ એટલે ૩ થી ૯ વર્ષ સુધીનો થાય છે

આ અપૂર્વકરણ ગુણસ્થાનમાં ઉપશમ જીવ સાતમા અથવા નવમા ગુણસ્થાનેથી આવે છે અને આ અપુર્વકરણ પ્રવિષ્ટ વિશુદ્ધિ સંયત જીવ જાય છે પણ સાતમા અથવા નવમા ગુણસ્થાનમાં પરંતુ જો આ ગુણસ્થાન પછી મરણ થઈ જાય તો ચોથા ગુણસ્થાનમા જાય છે અને તિર્યંચથી દેવ ગતિમાં જ ઉત્પન્ન થાય છે ચઢતી વખતે આઠમા ગુણસ્થાનના પહેલા ભાગમાં મરણ થતું નથી.

ક્ષપક સાતમા ગુણસ્થાનેથીજ અપુર્વકરણમાં આવે છે તેનુ મરણ થતું નથી કે તેનુ નાચે પડવું થતુ નથી પરંતુ વિશુદ્ધિથી આગળ વધીને ઉપરનાં ગુણસ્થાનોમાં પહોંચતા ચારિત્ર મોહનો ક્ષય કરી તથા ફરી ઘાતિઆ કર્મોનો ક્ષય કરીને પછી અઘાતિયા કર્મોનો ક્ષય કરી ને સિદ્ધજ થઇ જશે

આ પ્રમાણે અપૂર્વકરણ પ્રવિષ્ટ શુદ્ધિ સયમ ઉપશમક તથા ક્ષપક નું વર્ણન કરીને હવે અનિવૃતિકરણ ગુણસ્થાનનું સ્વરૂપ કહીએ છીએ.

**શ્રેણી ચઢવાને પાત્ર કેણુ છે?:—**

ઉત્તર—ક્ષાયિક સમ્યગ્દષ્ટિ અને દ્વિતીયોપશમ સમ્યગ્દષ્ટિ જ શ્રેણી ચઢી શકે છે. પ્રથમોપશમ સમ્યકત્વવાળા તથા ક્ષાયોપશમિક સમ્યકત્વવાળા શ્રેણી ચઢી શકતા **નથી.**

પ્રથમોપશમ સમ્યકત્વવાળા જીવ પ્રથમોપશમ સમ્યકત્વ છોડીને ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ થઇને પ્રથમજ અનંતાનુબંધી ક્રોધ. માન, માયા. લોભનુ વિસંયોજન કરીને (દૂરકરીને) દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિઓનો ઉપશમ કરીનેયાતો દ્વિતીયોપશમ સમ્યગ્દષ્ટિ થઇ જાય અથવા ત્રણે પ્રકૃતિઓનો ક્ષય કરી ક્ષાયિક સમ્યગ્દષ્ટિ થઈ જાય ત્યારે શ્રેણી ચઢવાને પાત્ર થાય છે (જૈન સિદ્ધાંત પ્રવેશિકા પ્રશ્ન ૫૧૬મો ઉત્તર

## ૯ અનિવૃત્તિકરણ ગુણસ્થાન

જયાં પુર્વ તથા ઉતર વર્તી સાધુઓના પરિણામ વિલક્ષણ હોય તથા સમાન વર્તી સાધુઓના પરિણામ એક સરખા હોય તે પરિણામોને અનિવૃત્તિકરણ કહે છે અર્થાત્ જે કરણ (પરિણામો) માં ભિન્ન સમયવર્તી જીવોના પરિણામ વિસદૃશ હોય એટલે એક સરખી ન હોય અને એક સમયવર્તી જીવોના પરિણામ સદૃશ જ હોય (એક સરખા) તેને અનિવૃત્તિ કરણ કહે છે. અધઃ કરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિ કરણ આ ત્રણેય કરણોના પરિણામ પ્રતિ સમય અનંતગુણી વિશુદ્ધતા માટે થાય છે

અ=નહિ, નિવૃત્તિ=ભેદ અર્થાત્ જયાં સમાન સમયમાં પરિણામોમાં ભેદ ન હોય તે કરણ અર્થાત પરિણામોને અનિવૃત્તિ કરણ પરિણામ કહે છે

આ ગુણસ્થાન પ્રત્યાખ્યાન કષાયના વર્તમાન સ્પર્દ્ધકો (કર્મવર્ગણાઓના સમુહો) નો ઉદયાભાવી ક્ષય (ફળ આપ્યા વિના આત્માથી કર્મના સંબંધ નો છુટકારો), આગળ ઉપર ઉદયમાં આવવા યોગ્ય તે સ્પર્દ્ધકોનો સદવસ્થારૂપ 'વર્તમાન સમયને છોડીને આગામી કાળમાં ઉદય આવવાળાં કર્મોનુ સત્તામાં રહેવુ તે) ઉપશમ તથા સંજવલન કષાયના અતિમંદ ઉદયથી અનિવૃત્તિ કરણ પરિણામો દ્વારા પ્રગટ થાય છે અહિ ક્ષયોપશમની દશા વર્તમાન છે આથી આ ગુણસ્થાનમાં ક્ષાયોપશમિક ભાવ છે પરંતુ કષાયના ઉપશમ કે ક્ષયના માટે ઉપશમ શ્રેણીવાળા અનિવૃત્તિકરણ ગુણસ્થાનવર્તીના આ પરિણામ થયા છે તથા ૨૦ કષાયોનો આ ગુણસ્થાનમાં ઉપશમ પણ કરી નાખે છે તથા મરણ ન થાય તો અવશ્ય જ ઔપશમિક ચારિત્ર પ્રકટ કરશે આથી ઔપશમિક ભાવ પણ માનવામાં આવ્યો છે. તથા ક્ષપક શ્રેણીવાળા અનિવૃત્તિકરણ બાદરસામ્પરાય પ્રવિષ્ટ શુદ્ધિ સંયતના આ પરિણામ કષાયના ક્ષય માટે પ્રગટ થયા છે તથા આ નિયમથી શીઘ્ર (નજીકમાં) ક્ષાયિક ચારિત્ર પ્રગટ કરવાવાળા છે તથા ૨૦ કષાયોનો ક્ષય પણ અહિ કરી દે છે તેથી આના ભાવને ક્ષાયિક ભાવ પણ કહ્યા છે બધામાં નિમિત મોહનું છે અર્થાત્ મોહના ક્ષયોપશમથી યા ઉપશમ તથા ક્ષયના કાર્યથી આ ગુણસ્થાન પ્રગટ થયું છે.

આ અનિવૃતિ કરણ ગુણસ્થાનમાં સમાન સમયવર્તી સાધુના પરિણામ એક સરખા હોય છે અહિ એવુ પણ ન રહ્યું કે જેમ અપુર્વકરણ પરિણામમાં થતુ હતું કે સમાન સમયવર્તી સાધુઓના પરિણામ મળી પણ જાય અને ન પણ મળે અહિં તો બધાના એક સરખાજ પરિણામ થાય છે આના ઉદાહરણ માટે

નીચે જણાવેલા નકશાથી અનુમાન કરી શકશે। આ ગુણસ્થાનના સમય અપૂર્વકરણથી અર્ધા છે

| સમય | પરિણામ |
|---|---|
| ૪ | ૧૩૭૬ |
| ૩ | ૧૩૧૨ |
| ૨ | ૧૨૪૮ |
| ૧ | ૧૧૮૪ |

ઉપરના દૃષ્ટાંતમાં જણાશે કે પહેલા સમય કરતા બીજાના પરિણામ ૬૪ વધુ ને અને તે પ્રમાણે આગળ પણ છે.

હુવે આ દૃષ્ટાંતમાં ૮ સમયના અર્ધા ૪ સમય લીધા છે આ દૃષ્ટાંતમાં પહેલા સમયવર્તી જેટલા સાધુ હશે તે બધાના ૧૧૮૪ ડીગ્રીના પરિણામ થશે તથા બીજા સમયવર્તી સાધુઓના પરિણામ ૧૨૪૮ ડીગ્રીના થશે આ પ્રમાણે અનિવૃત્તિ કરણના બધા સમયે બરાબર લગાત્રવા જોઈએ

આ ગુણસ્થાનમાં સંજવલન કષાયનો અતિમંદ ઉદય હોવા છતાં પણ સુક્ષ્મસાંપરાય ગુણઠથાનમાં થવાવાળા સંજવલન સુક્ષ્મ લોભના મુકાબલે તે અધિક છે તેવી આ ગુણસ્થાનને બાદર સામ્પરાય પણ કહે છે તેવી રીતે બાદર સામ્પરાય પહેલાં ગુણસ્થાનથી લઈ નવમા ગુણસ્થાન સુધી કહેવામાં આવ્યા છે જેમ અસંયત પહેલા ગુણસ્થાનથી ચોથી ગુણસ્થાન સુધી અને પ્રમત પહેલાથી છઠા સુધી સમજવામાં આવે છે.

**બાદર સમ્પરાય:** સ્થુલ કષાયધારી છઠાથી નવમા ગુણસ્થાન સુધીના સાધુ

અનિવૃત્તિ કરણ બાદર સામ્પરાય પ્રવિષ્ટ શુદ્ધ સંયત જીવોને ૨૨ પ્રકૃતિઓનો બંધ હોય છે. કારણકે પ્રમત્તાન્ત વ્યુચ્છિન્ન (પ્રમત્ત ગુણસ્થાનના અંતમાં નાશ પામેલી) ૬૧ તથા અ પ્રમત્ત વ્યુચ્છિન્ન ૧, અપૂર્વકરણ વ્યુચ્છિન્ન ૩૩–આ ૯૮

(૬૧+૧+૩૩=૯) નો બંધ નથી આઠમા ગુણસ્થાનમાં જે ૫૮ પ્રકૃતિઓનો બંધ કહ્યો છે તેમાંથી વ્યુચ્છિતિ પ્રકૃતિ છત્રીશ નિદ્રા પ્રચલા, તીર્થંકર, નિર્માણ, પ્રશસ્ત વિહાયોગતિ, પંચેન્દ્રિય જાતિ, તૈજસ શરીર, કાર્મણ શરીર. આહારક શરીર આહારક અંગોપાંગ, સમચતુરસ્ત્ર સંસ્થાન, વૈક્રિયક શરીર વૈક્રિયક અંગોપાંગ, દેવગતિ, દેવગત્યાનુપૂર્વી, રૂપ, રસ, ગંધ, સ્પર્શ અગુરુલઘુત્વ, ઉપઘાત, પરઘાત, ઉચ્છ્શ્વાસ, ત્રસ, બાદર પર્યાપ્ત પ્રત્યેક, સ્થિર શુભ, સુભગ, સુસ્વર, આદેય હાસ્ય, રતિ. જુગુપ્સા, ભય ઘટાડવાથી બાકી રહેલી ૨૨ પ્રકૃતિઓનો બંધ થાય છે જૈ. સિ. પ્ર. પ્રશ્ન ૫૩૫ નો ઉત્તર)

આ બંધ પ્રકરણમાં અનિવૃતિકરણ ગુણસ્થાનના પાંચ ભાગ કરવા જેમાં પહેલા ભાગમાં ૨૨ પ્રકૃતિઓના બંધ, બીજા ભાગમાં ૨૧ પ્રકૃતિઓનો બંધ અહિ પુરૂષવેદનો બંધ થતો નથી ત્રીજા ભાગમાં ૨૦ પ્રકૃતિઓનો બંધ અહિ સંજ્વલન ક્રોધનો બંધ થતો નથી ચોથા ભાગમાં ૧૯ પ્રકૃતિઓનો બંધ આ ભાગમાં સંજ્વલન માન કષાયનો બંધ થતો નથી પાંચમા ભાગમાં ૧૯ પ્રકૃતિઓનો બંધ થાય છે આ ભાગમાં સંજવલન માયાનો બંધ થતો નથી.

અનિવૃત્તિ કરણ ગુણસ્થાનમાં ૬૬ પ્રકૃતિઓનો ઉદય છે. કારણ કે અહિ પ્રમતાન્ત ઉદય વ્યુચ્છિન્ન ૪૫ તથા અપ્રમત વ્યુચ્છિન્ન ૪ તથા અપુર્વકરણ હાસ્ય રતિ, અરતિ, શોક, ભય, જુગૂપ્સા આ તથા તીર્થંકર પ્રકૃતિ આ ૫૬ પ્રકૃતિઓનો ઉદય નથી.

આ ઉદય પ્રકરણમાં અનિવૃતિ કરણ ગુણસ્થાનના ૫ ભાગ કરો પ્રથમ ભાગમાં ૬૬ પ્રકૃતિઓનો ઉદય છે કારણ કે અપૂર્વ

કરણ વ્યુચ્છિન્ન હાસ્યાદિ ૬ પ્રકૃતિઓનો ઉદય રહેતો નથી બીજા ભાગમાં એક જીવની અપેક્ષાએ ૬૪ પ્રકૃતિઓનો ઉદય છે આમાં જે જે વેદના ઉદયથી ચઢયા છે તેને તે વેદનો ઉદય છે બાકીના બે વેદનો ઉદય નથી ત્રીજા ભાગમાં ૬૩ પ્રકૃતિઓનો ઉદય છે આમાં બાકીના (અવશિષ્ટ) વેદનો ઉદય નથી. ચોથા ભાગમાં ૬૨ પ્રકૃતિઓનો ઉદય છે આમાં સંજવલન ક્રોધ કષાયનો ઉદય નથી પાંચમા ભાગમાં ૬૧ પ્રકૃતિઓનો ઉદય છે આમાં સંજવલન માન કષાયનો ઉદય નથી, આમાં માયા તથા બાદર (સ્થુલ) લોભના ઉદયની વ્યુચ્છિત (અભાવ) થઈ જાય છે જેથી સિદ્ધ થાય છે કે અહિ સુધી સંજવલન બાદર લોભ છે આગળ રહેશે નહિ

આ ગુણસ્થાનમાં ૧૪૨ પ્રકૃતિઓ સુધીની સત્તા (સત્વ) છે આને વિશેષ રૂપે કહીએ છીએ

અનિવૃત્તિકરણ બાદર સામ્પરાય પ્રવિષ્ટ શુદ્ધિ સંયત જીવ ૩ પ્રકારના છે ૧ દ્વિતીયોપશમ સમ્યગ્દષ્ટિ ઉપશમક, ૨ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ ઉપશમક ૩ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ ક્ષ પ આમાં દ્વિતીયોપશમ સમ્યગ્દષ્ટિ ઉપશમકની ૧૪૨ પ્રકૃતિઓની સત્તા છે. કારણ કે આના વિસંયોજીત (દુર કરાયલા) અનંતાનુબંધી કષાય ૪ તથા નરકાયુ, તિર્યંચ આયુ આ છ ની સત્તા નથી. ક્ષાયિક સમ્યગ્દષ્ટિ ઉપશમકને ૧૩૬ પ્રકૃતિઓની સત્તા છે કારણ કે આને સમ્યકત્વઘાતી સાત પ્રકૃતિઓની તથા તિર્યંચ આયુષ્ય તથા નરક આયુષ્યની સત્તા નથી.

ક્ષાયિક સમ્યગ્દષ્ટિ અનિવૃતિકરણ બાદર સામ્પરાય પ્રવિસ્ટ શુદ્ધિ સંયત ક્ષપક જીવના કાલના નવ ભાગ કરો આમાં

પહેલા ભાગમાં ૧૩૮ પ્રકૃતિની સતા છે, આમાં સમ્યકત્વઘાતી ૭ પ્રકૃતિ (દર્શન મોહનીયની ૩ તથા ચારિત્ર મોહનીયના અનંતાનુબંધી કષાય ૪ મળી ૭) તથા નરકાયુ, તિર્યંચઆયુ તથા દેવ આયુ આ ત્રણ મળી ૧૦ પ્રકૃતિઓની સતા (સત્વ) નથી દ્વિતીય ભાગમાં ૧૧૨ પ્રકૃતિઓની સતા છે, આમાં ઉપર જણાવેલી ૧૦ તથા પ્રથમભાગમાં અભાવપામેલી નરકગતિ, નરગત્યાનુપૂર્વી, તિર્યંચગતિ, તિર્યંચગત્યાનુપૂર્વી, દ્વિન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, ઉદ્યોત, આતાપ, એકેન્દ્રિય, સ્થાવર, સાધારણ, સુક્ષ્મ, સ્ત્યાગદ્ધિ, નિદ્રા નિદ્રા પ્રચલાપ્રચલા આ ૧૬ પ્રકૃતિઓ આ પ્રમાણે ૨૬ પ્રકૃતિઓની સતા નથી ત્રીજા ભાગમાં ૧૧૩ પ્રકૃતિઓની સતા છે આમાં ઉપર જણાવેલી ૨૬ તથા દ્વિતીયભાગ વ્યુચ્છિન્ન (નાશ પામેલી) અપ્રત્યાખ્યાન વરણ ક્રોધ, માન, માયા, લોભ, પ્રત્ય ખ્યાનાવરણ ક્રોધ, માન, ચાખી, લોભ આ આઠ આ પ્રકારે ૩૪ પ્રકૃતિઓની સતા નથી ચોથા ભાગમાં ૧૧૩ પ્રકૃતિઓની સતા છે આમા ઉપર જણાવેલી ૩૪ તથા તૃતીયભાગમાં વ્યુચ્છિન્ન નપુંસક વેદ આ પ્રમાણે ૩૫ ની સતા નથી પાંચમા ભાગમાં ૧૧૨ પ્રકૃતિઓની સતા છે. આમાં પૂર્વોક્ત ૩૫ તથા ચોથા ભાગમાં ઘટીગએલી સ્રીવેદ આ પ્રમાણે ૩૬ ની સત્તા નથી છઠા ભાગમાં ૧૦૬ પ્રકૃતિઓની સતા છે, આમાં પૂર્વોકત ૩૬ તથા પાંચમા ભાગમાં અભાવ પામેલી (વ્યુચ્છિન્ન) હાસ્ય, રતિ, રતિ, શોક ભય તથા જુગુપ્સા આ ૬ આ પ્રમાણે ૪૨ ની સત્તા નથી સાતમા ભાગમાં ૧૦૫ પ્રકુતિઓની સત્તા છે. આમાં પુર્વોકત (પહેલાંજણાવેલી) ૪૨ તથા પુરૂષવેદ આ પ્રમાણે ૪૩ પ્રકૃતિઓની સત્તા નથી આઠમા ભાગમાં ૧૦૪ પ્રકૃતિઓના સતા છે આમાં પુર્વોકત

(ઉપર જણાવેલી ) ૪૩ પ્રકૃતિઓ તથા સંજ્વલન ક્રોધ આ ૪૪ પ્રકૃતિઓની સતા નથી નવમા ભાગમાં ૧૦૩ પ્રકૃતિઓની સત્તા છે. આમાં પૂર્વોકત ૪૪ તથા સંજ્વલન માન આ ૪૫ પ્રકૃતિઓની સત્તા નથી આ નવમા ભાગમાં સંજ્વલન માયાની પણ સત્વ વ્યુચ્છિત્તિ (સતાનો અભાવ) થઈ જાય છે કે જે આગળ રહેશે નહિ

આ પ્રમાણે નવમા ગુણસ્થાનમાં પ્રકૃતિઓનો બંધ, ઉદય તથા સત્વ [સતા] અલગ, અલગ, કહ્યો આને સંમિલિન (એકઠો મળેલો) રૂપમાં જાણવા માટે નીચે જણાવેલા નકશામાં જુઓ.

| ભાગ | સત્વ– | | | | બંધ | ઉદય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૪૬ | ૧૪૨ | ૧૩૯ | ૧૩૮ | ૨૨ | ૬૬ |
| ૨ | ૧૪૬ | ૧૪૨ | ૧૩૯ | ૧૨૨ | ૨૨ | ૬૬ |
| ૩ | ૧૪૬ | ૧૪૨ | ૧૩૯ | ૧૧૪ | ૨૨ | ૬૬ |
| ૪ | ૧૪૬ | ૧૪૨ | ૧૩૯ | ૧૧૩ | ૨૨–૨૧ | ૬૫–૬૪ |
| ૫ | ૧૪૬ | ૧૪૨ | ૧૩૯ | ૧૧૨ | ૨૨–૨૧ | ૬૪–૬૩ |
| ૬ | ૧૪૬ | ૧૪૨ | ૧૩૯ | ૧૦૬ | ૨૧ | ૬૩ |
| ૭ | ૧૪૬ | ૧૪૨ | ૧૩૯ | ૧૦૫ | ૨૧–૨૦ | ૬૩ |
| ૮ | ૧૪૬ | ૧૪૨ | ૧૩૯ | ૧૦૪ | –૧૯ | ૬૨ |
| ૯/૧ | ૧૪૬ | ૧૪૨ | ૧૩૯ | ૧૦૩ | ૧૯–૧૮ | ૬૧ |
| ૯/૨ | ૧૪૬ | ૧૪૨ | ૧૩૯ | ૧૦૨ | ૧૮ | ૬૦ |

ઊપર સર્વે ભાગોમાં ૯ બતાવ્યા છે સર્વ ભાગોમાં ૧૪૬,૧૪૨

તથાં ૧૩૯ પ્રકૃતિઓની સત્તા સુધી સીધુ મળી આવી શકે છે. પરંતુ બંધ તથા ઉદય એક સરખા જોવામાં આવે તો તેના હજુ પણ ભાગ થઇ શકે છે તથા સ્થિતિકાંડક ઘાત આદિ અપેક્ષાઓ લગાવવામાં આવે તો અસંખ્યાત ભાગ થઇ જાય છે.

હવે આગળ બંધ તથા ઉદયનું એક સરખાપણુ પણ બતાવવા માટે બીજો નકશો આપીએ છીએ આ નકશો ક્ષપક શ્રેણીવાળાને મુખ્યત્વે ધ્યાનમાં લઈ દોરીએ છીએ તો તેમનાથી બાકી (શેષ) રહયા તે પ્રકારના જીવોના બંધ તથા ઉદય સમાન જાણવા તથા સતા (સત્વ)માં સર્વસ્થાનોમાં ૧૪૬,૧૪૨ તથા ૧૩૯ પણસમજીલેવા

| ભાગ | સત્વ | બંધ | ઉદય |
|---|---|---|---|
| ૧ | ૧૩૮ | ૨૨ | ૬૬ |
| ૨ | ૧૨૨ | ૨૨ | ૬૬ |
| ૩ | ૧૧૪ | ૨૨ | ૬૬ |
| ૪ | ૧૧૩ | ૨૨ | ૬૫ |
| ૫ | ૧૧૩ | ૨૨ | ૬૪ |
| ૬ | ૧૧૩ | ૨૧ | ૬૪ |
| ૭ | ૧૨ | ૨૧ | ૬૪ |
| ૮ | ૧૧૨ | ૨૧ | ૬૩ |
| ૯ | ૧૦૬ | ૨૧ | ૬૩ |
| ૧૦ | ૧૦૫ | ૨૧ | ૬૨ |
| ૧૧ | ૧૦૫ | ૨૦ | ૬૨ |
| ૧૨ | ૧૦૪ | ૨૦ | ૬૨ |
| ૧૩ | ૧૦૪ | ૧૯ | ૬૨ |

બાજુનો નકશો બતાવવામાં થોડોક કંઈક ફરક પડયો હોય તો પંડિત જન આને સુધારી લે

આ અનિવૃત્તિકરણના સમય માં સ્થિતિ કાંડક પલ્યનો સંખ્યાત મો ભાગ છે કે જેનો ઘાત થાય છે નવીન સ્થિતિ બંધ પહેલાથી પણ પલ્યના સંખ્યાતમા ભાગથી ઓછો છે અનુભાગ કાણ્ડકના છેવટનો બાકીનો બંધ અનંત બહુભાગ પ્રમાણ છે અનંતગુણ શ્રેણીરૂપમાં શેષ શેષમાં ગુણશ્રેણીનો નિક્ષેપ છે આજ પ્રથમ સમયમાં અપ્રશસ્ત પ્રકૃતિઓનુ ઉપશામના કરણ નિધત્તિકરણ તથા નિકાચિત કરણ આ ત્રણ સમાપ્ત થઈ જાય છે.

| | | | |
|---|---|---|---|
| ૧૪ | ૧૦૩ | ૧૯ | ૬૨ |
| ૧૫/૧ | ૧૦૩ | ૧૮ | ૬૧ |
| ૧૫/૨ | ૧૦૨ | ૧૮ | ૬૦ |

(નિધત્તિ—જે બાંધેલાં કર્મ છે તેનુ સંક્રમણ યા બદલાઈ જવું તથા ઉદીરણા (સ્થિતિપુરી કર્યા વિનાજ કર્મનાં ફળ આવવાને) થાય નહિ તેને નિધત્તિ કહે છે (જૈન. શબ્દાર્ણ પાન-૫૧૯)

નિકચિત કરણ—દશમું કરણ જેમાં બાંધેલાં સત્તામાં રહેલાં કર્મોનુ અન્ય પ્રકૃતિરૂપ સંક્રમણ કરવામાં ન આવે કે ન ઉદયાવલીમ લાવવામાં આવે નસ્થિતિ તથા અનુભાગ બંધનું ઉત્કર્ષણ કરી શકાય તે આની પછી ઉત્તરોત્તર પ્રકૃતિ સ્થિતિઓ અનુભાગ બંધ સ્થિતિ હીન (ઓછી) થતી જાય છે. અને અસંખ્યાતગણી કર્મોની નિર્જરા થાય છે

જ્યારે અનેક સ્થિતિ બંધ સહસ્ત્ર વીતી જાય છે વીર્યાન્તરાયનો અનુભાગ બંધ દેશઘાતી થઈ જાય છે, તેનાથી અસંખ્યાતગણો જ્ઞાનાવરણ, દર્શનાવરણ તથા અંતરાયનો સ્થિતિ બંધ છે વેદનીયનો સ્થિતિબંધ કંઈક અધિક છે.

ક્ષપક શ્રેણીમાં મોહનીય કર્મના બંધ, ઉદય તથા સત્વના સ્થાનોમાં ક્રમથી નીચે પ્રમાણે ભાગ થાય છે આનું તાત્પર્ય એ છે કે અનિવૃત્તિકરણ ક્ષપક સાધુના પહેલાં ૫નોબંધ, ૨ નો ઉદય તથા ૨૧ ની સત્તા રહે છે પછીથી પાંચનો બંધ, ૨ નો ઉદય અને ૧૩ પ્રકૃતિઓની સતા રહે છે પછી ૪ પ્રકૃતિઓનો બંધ, ૨ નો ઉદય અને ૧૨ ની સત્તા રહે છે તે પછી ૪ નો બંધ ૧ નો ઉદય અને ૧૧ ની સતા રહે છે તે પછી ૪નો બંધ, ૧ નો ઉદય અને ૫ ની સત્તા રહે છે તે પછી ૪ નોબંધ

૧ નો ઉદય અને ૪ ની સત્તા રહે છે આ પ્રમાણે આગળ ના બાકીના ભાગોમાં લગાવતા જવું જોઇએ આને બતાવનારો નકશો નીચે પ્રમાણે છે.—

| ભાગ | બંધ | ઉદય | સત્વ |
|---|---|---|---|
| ૧ | ૫ | ૨ | ૨૧ |
| ૨ | ૫ | ૨ | ૧૩ |
| ૩ | ૪ | ૨ | ૧૩ |
| ૪ | ૪ | ૨ | ૧૨ |
| ૫ | ૪ | ૨ | ૧૧ |
| ૬ | ૪ | ૧ | ૫ |
| ૭ | ૪ | ૧ | ૫ |
| ૮ | ૪ | ૧ | ૬ |
| ૯ | ૩ | | ૪ |
| ૧૦ | ૩ | ૧ | ૩ |
| ૧૧ | ૨ | ૧ | ૩ |
| ૧૨ | ૨ | ૧ | ૨ |
| ૧૩ | ૧ | ૧ | ૨ |
| ૧૪ | ૧ | ૧ | ૧ |

આ સ્થિતિ પછી સંખ્યાત સ્થિતિ બંધાસહસ્ત્ર વીતી ગયા પછી અ-પ્રત્યાખ્યાનાવરણ ૪, પ્રત્યાખ્યાનાવરણ ૪, સંજવલન ૪ આ બાર કષાયો તથા નવ નોકષાયોને દુર કરે છે પરંતુ અહિંથી ક્ષપક સાધુ તેમના ક્ષપણા સબંધી કાંર્ય–સંક્રમણ વિગેરે કરવા લાગે છે એક ઉપશામનામાં ઓછા ઓછા થતા સંખ્યાત સ્થિતિ બંધ સહસ્ત્ર વીતી જાય છે.

ઉપશમ શ્રેણીમાં પ્રકૃતિઓને ઉપશાન્ત થયાનો ક્રમ આ પ્રકારે છે.

૧ નપુંસકવેદ, ૨, સ્ત્રીવેદ ૩ હાસ્યાદિ છ તથા પુરૂષવેદનો બહુભાગ, ૪ પુરૂષવેદનો નવક સમય પ્રબદ્ધ, ૫ અપ્રત્યાખ્યાનાવરણ તથા પ્રત્યાખ્યાનાવરણ કષાયોના ક્રોધનું સંક્રમણ (કોઇ-પણ કર્મના સ્વજાતીય જેમકે પ્રત્યાખ્યાન ક્રોધના ભેદને બીજા ભેદરૂપ એટલે અહિં સંજવલન ક્રોધરૂપ થઇ જવાને સંક્રમણ કહે છે] કરીને સંજવલન ક્રોધ, ૬ અપ્રત્યાખ્યાનાવરણ તથા પ્રત્યાખ્યાનાવરણના માન કષાયનું સંક્રમણ કરીને સંજવલન માન કષાય, ૭, અપ્રત્યાખ્યાનાવરણ તથા પ્રત્યાખ્યાનાવરણ કષાયો

પૈકી માયા કષાયનું સંક્રમણ કરીને સંજવલન બાદર લોભ
ક્ષપક શ્રેણીમાં પ્રકૃતિઓનો ક્ષય કરવાનો ક્રમ આ પ્રકારે છે :-

૧, સ્ત્યાનગૃધ્યાદિ ત્રણ તથા નરક ગત્યાદિ તેર, આ ૧૬, પ્રથમ ભાગીય [ભાગની] વ્યુચ્છિન્ન પ્રકૃતિઓ

૨ અપ્રત્યાખ્યાનાવરણ ચાર કષાય તથા પ્રત્યાખ્યાનાવરણીય ૪ કષાય આ ૮. ૩, નપુંસક વેદ, ૪ સ્ત્રીવેદ, ૫ હાસ્યાદિ, ૬ પુરૂષવેદ, ૭, સંજવલન ક્રોધ ૮ સંજલલન માન ૯ સંજવલન માયા તથા બાદર સ્પર્દ્ધક (કર્મવર્ગણાઓનોસમુહ)

આ ક્ષપક અન્તરાત્માના ઉપર જણાવેલા ૩૬ તથા ક્ષાયિક સમ્યકત્વના વખતે નષ્ટ થવાવાળી ૭ પ્રકૃતિઓની સતાનો નાશ થઈ જાય છે તથા ત્રણ આયુ'યની સતા તો જન્મથીજ નથી. એટલે આયુ ૨ આ પ્રમાણે ૪૯ પ્રકૃવિઓના નાશ થાય છે.

અનિવૃતિકરણ ગુણસ્થાનમાં જીવ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત થાય છે તેની પર્યાપ્તિઓ ૬; પ્રાણ ૧૦ સંજ્ઞા ૨ મનુષ્યગતિ જાતિ પંચેન્દ્રિય ત્રસકાય, યોગ ૯, વેદ ત્રણ પૈકી એક તથા અપગત વેદ કષાય સાતમાંથી ૨ તથા ૬ જ્ઞાન, ૪ સંયમ ૨ દર્શન ૩ શુકલ લેશ્યા, ભવ્યત્વ, સમ્યકત્વ ૨ (ક્ષા.દ્વિ) પૈકી ૧ થાય છે

અનિવૃતિકરણ બાદર સામ્પરાય પ્રવિષ્ટગદ્ધિ સંયત જીવ સંજ્ઞી, આહારક, ક્રમવાર બે પ્રકારના ઉપયોગવાળો, પૃથકત્વ વિતર્કવીચાર શુકલધ્યાનનો ધ્યાતા થાય છે.

આ ગુણસ્થાનમાં આશ્રવ ૧૯ પૈકી એક વખત ૩ અને ૨ ભાવ ૨૮ માંથી એક જીવને ૨૫,૨૪,૨૩ અને ૨૨ થાય છે

આ જીવનાદેહની અવગાહના દેહપ્રમાણ) ઓછામાં ઓછા ૩ા હાથ અધિકમાં અધિક ૫૦૫ ધનુષ સુધી થાય છે તેમનુ નિવાસ સ્થાન અઢી દ્વિપની અંદર જ છે. ક્ષેત્ર તથા સ્પર્શન લોકના અસંખ્યાતમો ભાગ છે.

આ ગુણસ્થાનનો કાળ અંતર્મુહુર્ત છે. સાતિશય અપ્રમત થી અર્ધોકાલ અપૂર્વકરણનો છે અને અપૂર્વકરણથી અર્ધોકાલ અનિવૃતિકરણનો છે આમાં ઉપશામકજીવ સમુહનો તથા એક જીવનો જઘન્ય કાલ એક સમય છે કારણ કે અનિવૃતિ કરણમાં ચઢવા અથવા ઉતરવામાં એક સમય આવતાં પણ મરણનો સંભવ છે અને ત્યારે ચોથું ગુણસ્થાન થઈ જાય છે અહિં મરણ થતાં તે અંતરાત્મા દેવગતિમાં જન્મ લે છે ઉપશામક જીવે નાં ઉ ષ્ટ કાલ અંતર્મુહુર્ત છે ક્ષપક અંતરઆત્માઓમાં જીવ સમુહમાં પણ જઘન્ય કાલ અંતર્મુહુર્ત છે તથા ઉત્કૃષ્ટ કાલ પણ અંતર્મુહુર્ત છે.

ક્ષપક શ્રેણીવાળા એક જીવનુ અંતર થતુંનથી કારણ કે ક્ષપકશ્રેણીથી ચઢીને તે અન્તમાં ગુણસ્થાનાતીત (ગુણસ્થાનની પર જાય છે થઈ જાય છે બીજીવાર તેજ ગુણસ્થાનમાં નથી આવતો

**અન્તર માર્ગણા**– જે અવસ્થાઓનાં કોઈજીવ જેટલો વખત ન મળી આવે યાને અસ્તિત્વમાં ન હોય તેને આંતર માર્ગણા કહે છે આવી આઠ આંતર માર્ગણાઓ છે—જેમકે ઉપશમ સમ્યક્ત આમાં ઉત્કૃષ્ટ રૂપમાં ૭ દિન સુધી કદિ કોઈ જીવ સંસારમાં ઉપશમ સમ્યકત્વને પ્રાપ્ત ન કરે વિગેરે (જૈન શબ્દાર્ણવ પાન ૩ ૩)

આ પદ્ધતિ સર્વક્ષપક ગુણસ્થાનોની છે જીવ સમુહની

અપેક્ષા અન્તર અર્થાત્ એવો કાલ કે જ્યારે આ ગુણ-થામમાં એકપણ જીવ ન હોય તેવો કાળ કમમાંકુમ એક સમય હોય છે. અને અધિકમાં અધિક છ માસ હોય છે

ઉપશામક જીવ સમૂહનું જઘન્ય અંતર કે જે સમયમાં ઉપશામક જીવ સંસારમાં ન હોય) એક સમય હોય છે તથા ઉત્કૃષ્ટ અંતર વર્ષપૃથકત્વનુ થાય છે. એક ઉપશામક જીવનું જઘન્ય અંતર અંતર્મુર્હુત છે તથા ઉત્કૃષ્ટ અંતર અર્દ્ધપુદ્ગલ પરિવર્તન કાલમાં ૨૬ અંતર્મુહૂર્ત કાળ સુધી હોઇ શકે છે. આમાં ૧૧ અંતર્મુહૂર્ત તો અંતરના પહેલાંના જ છે અને ૧૫ અંતર્મુહૂર્ત અંતરસમાપ્ત થયા પછીના છે.

સંજવલન ૪ કષાયો ને કચડી નાખ્યા પછી તેનો ક્ષય થાય છે તો લોભની અંતિમ બાદર સામ્પરાયિક કૃષ્ટિઓ (ચુરો) સુક્ષ્મ સામ્પરાયિક કૃષ્ટિઓમાં પુરેપૂરી રીતે સંક્રમણ કરી નાખે છે આ નવમા ગુણસ્થાનનો અંતિમ સમય છે જેની પછી દશમું ગુણસ્થાન પ્રગટ થાય છે

નવમા ગુણસ્થાનના આ અંત સમયમાં સંજવલન લોભ નો સ્થિતિબંધ અંતર્મુહૂર્ત તથા ત્રણ ઘાતિ આ કર્મોનો એક દિનમાં કંઇક ઓછો વખત તથા વેદનીય કર્મ, નામ કર્મ તથા ગોત્ર કર્મનો સ્થિતિબંધ એક વર્ષમાં કંઈક ઓછો વખત રહી જાય છે

આ વખતે જે કર્મ બાંધ્યાં હતા તેમની સ્થિતિ આ પ્રમાણે રહી જાય છે મોહનીયની અંતર્મુહુર્ત ત્રણ ઘાતિઆ કર્મોનાં સંખ્યાત હજાર વર્ષ તથા નામકર્મ ગોત્ર કર્મ તથા વેદનીય કર્મ તેમના અસંખ્યાત હજાર વર્ષ

આ પરિસ્થિતિ પછી બાદર સામ્પરાય ગુણસ્થાનનો વ્યય (નાશ) અને સુક્ષ્મ સામ્પરાય ગુણસ્થાનનો ઉત્પાદ (અસ્તિત્વ-માં આવવું તે) એક જ સમયમાં થાય છે. સર્વ ગુણસ્થાનોની સાથ તથા સર્વ પર્યાયોની આજ પદ્ધતિ છે કે પુર્વ પર્યાયોનો વ્યય (નાશ) અને ઉત્તર પર્યાયોનો ઉત્પાદ એક સાથ થાય છે અર્થાત્ પૂર્વ પર્યાયોનો વ્યય ઉત્તર [પછીનાં] પર્યાયોનો ઉત્પાદ સ્વરૂપ છે અને ઉતર પર્યાયોનો ઉત્પાદ પૂર્વ પર્યાયોના વ્યયસ્વરૂપ [નાશ સ્વરૂપ] છે આ પ્રમાણે અનિવૃત્તિકરણ બાદર સામ્પરાય પ્રવિષ્ટ શુધ્ધિ સંયત ઉપશમક તથા ક્ષપકનું વર્ણન કરીને હવે સુક્ષ્મ સામ્પરાય ગુણસ્થાનનું વર્ણન કરીએ છીએ—

## ૧૦ સૂક્ષ્મ સામ્પરાય ગુણસ્થાન

જયારે ફકત સંજવલન સુક્ષ્મ લોભ રહી જાય છે ત્યારે તેને સુક્ષ્મસામ્પરાય કહે છે તે સૂક્ષ્મલોભનો નાશ કરવા માટે જે ચારિત્ર થાય છે તેને સુક્ષ્મસામ્પરાય ચારિત્ર કહે છે આ સ્થાનનું નામ સુક્ષ્મ સામ્પરાય ગુણસ્થાન છે આ ગુણસ્થાનમાં રહેવાવાળા અન્તરઆત્માનું નામ સુક્ષ્મસામ્પરાય પ્રવિષ્ટ શુધ્ધિસંયત ઉપશમક અથવા ક્ષપક છે.

આ ગુણસ્થાન પ્રત્યાખ્યાનાવરણ કષાયના ક્ષયોપશમના તથા સંજવલન સૂક્ષ્મ કૃષ્ટિગત (ચૂરો કરાયલા) લોભના ઉદયના નિમિત્તથી તથા સૂક્ષ્મસામ્પરાય ચારિત્ર પરિણામ દ્વારા થાય છે આમાં નિમિત્ત કારણ ચારિત્ર મોહ છે. અર્થાત્ ચારિત્ર મોહના ક્ષયોપશમ છે અથવા ચારિત્રમોહનો ઉપશમ છે અથવા ચારિત્રમોહનો ક્ષય છે આમાં સરાગ ચારિત્ર ભાવ હોવાથી ક્ષયોપશિક છે પરંતુ બાકી રહેલા મોહનો પણ ક્ષય કરવાનો

પાન છે તથા અંતમા અવિશિષ્ટ સુક્ષ્મ લોભનો ક્ષય કરી નાખે છે આથી ક્ષાયિક ભાવ છે ઉપશમ શ્રેણીમાં ચઢેલા અન્તરઆત્માના સુક્ષ્મલોભનો ઉપશમ કરવાનો યત્ન છે તથા અંતમાં સુક્ષ્મલોભનો પણ ઉપશમ કરી નાખે છે તેથી ઔપશમિક ભાવ છે.

આ ગુણસ્થાનમાં દરેક સમયે અપૂર્વ પરિણામ થાય છે. સમાન સમયયતિઓના સમાન પરિણામ થાય છે અને સુક્ષ્મ સામ્યરાય ચારિત્રની અવિશેષતા રહે છે.

આ ગુણસ્થાનમાં ૧૭ પ્રકૃતિઓનો બંધ થાય છે, જ્ઞાનાવરણી ૬, અંતરાયની ૫, ચક્ષુદર્શનાવરણાદિ ૪, યશસ્કીર્તિ ઉચ્ચગોત્ર, સાતાવેદનીય-આ સત્તર પ્રકૃતિઓના બંધ થાય છે.

આ ગુણસ્થાનમાં રહેલા જીવને ૬૦ પ્રકૃતિઓનો ઉદય છે. બાદરસામ્યરાયના અંતે ઉદયનો અભાવ પામેલી ૫+૯+૧+૧૭ +૮+૫+૪+૬+૬=૬૧ તથા તીર્થંકર પ્રકૃતિ આ ૬૨ પ્રકૃતિઓનો ઉદય નથી.

[નવમા ગુણસ્થાનમા જે ૬૬ પ્રકૃતિઓનો ઉદય થાય છે, તેમાંથી વ્યુચ્છિત્તિ પ્રકૃતિ છ [સ્ત્રીવેદ, પુરૂષવેદ, નપુંસકવેદ સંજ્વલન ક્રોધ માન, માયા] ને ઘટાડવાથી બાકી રહેલી ૬૦ પ્રકૃતિઓનો ઉદય થાય છે.

સૂક્ષ્મ સામ્યરાય ગુણસ્થાનવર્તી જીવને ૧૪૬,૧૪૨,૧૩૯, અથવા ૧૦૨ પ્રકૃતિઓની સતા હોય છે આ ગુણસ્થાનમાં ૩ પ્રકારના સાધુ છે ૧ દ્વિતીયોપશમ સમ્યગ્દષ્ટિ ઉપશમક, ૨ ક્ષાયિકસમ્યગ્દષ્ટિ ઉપશમક, ૩ ક્ષાયિક સમ્યગ્દષ્ટિક્ષપક

દ્વિતીયોપશમક સમ્યગ્દષ્ટિ ઉપશમક પણ બે પ્રકારના છે ૧ અનંતાનુબંધી કષાયોના ઉપશમક ૨ અનંતાનુબંધી કષાયોના વિસંયોજક [દુર કરનારા] અને ઉપશમક દ્વિતીયોપશમ સમ્યગ્દષ્ટિ ઉપશમકને ૧૪૬ પ્રકૃતિઓની સતા છે. તિર્યંચ આયુ તથા નરક આયુની સત્તા નથી અનવિયોજક દ્વિતીયોપશમ ૧૪૨ પ્રકૃતિઓની સત્તા છે ક્ષાયિક સમ્યગ્દષ્ટિ ઉપશમકને ૧૩૯ પ્રકૃતિઓની સતા છે તેને સમ્યકત્વબાધક ૭ પ્રકૃતિ [મિથ્યાત્ર મિશ્ર અને સમ્યકપ્રકૃતિ+અનતાનુબંધા કષાય ૪ મળી ૭] તથા તિર્યંચ આયુ તથા નરક આયુ આ નવ પ્રકૃતિઓની સત્તા નથી ક્ષાયિક સમ્યગ્દષ્ટિ ક્ષપકને નવમા ગુણસ્થાને વ્યુચ્છિન (અભાવપામેલી) ૩૬ પ્રકૃતિઓ તથા તિર્યંચ આયુ નરકઆયુ દેવઆયુ તથા સમ્યકત્વ બાધક ૭ પ્રકૃતિઓ આ ૪૬ પ્રકૃતિઓની સતા નહિ હોવાથી ૧૦૨ પ્રકૃતિઓની સતા છે.

સૂક્ષ્મ સામ્પરાય સંયત—સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત હોય છે આને પર્યાપ્તિઓ ૬, પ્રાણ ૧૦, સંજ્ઞા-૪, મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસકાય, યોગ ૯, અપગતવેદ, કષાય ૧, સંજવલન સુક્ષ્મલોભ જ્ઞાન-૪ સુક્ષ્મ સામ્પરાય સંયમ, દર્શન ૩, શુંકલ લેશ્યા, ભવ્યત્વ, ક્ષાયિક સમ્યયત્વ અથવા દ્વિતીયોપશમ સમ્યકત્વ થાય છે

સુક્ષ્મ સામ્પરાયસંયત સંજ્ઞી, આહારક, ક્રમવાર બંને પ્રકારના ઉપયોગવાલા પૃથકત્વ વિચાર શુકલ ધ્યાનના હોય છે. પૃથકત્વવિતર્ક વિચાર પ્રથકત્વભિન્ન વિતર્ક શ્રુત વીચાર પલટન પામે બદલી નાખવું તે આઠમા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાનના કેટલાક ભાગ સુધી તો પહેલું શુકલધ્યાન હોય છે

અહિ સાધુનો ઉપયોગતેની બુદ્ધિ અપેક્ષા યાને બુદ્ધિ પ્રમાણે સ્થિર છે, પરંતુ અબુદ્ધિ ગોચર ભિન્ન થવાથી પલટન થાય છે એટલે બદલાઈ જાય છે તેના ત્રણ પ્રકાર છે ૧ અર્થપલ્ટન ૨, શબ્દ પલ્ટન, ૩ યોગ પલટન આ ધ્યાનના બલથી સાધુ મોહનીય કર્મનો ઉપશમ અથવા ક્ષય કરી નાખે છે (જૈન શબ્દાર્ણવ પા. ૫૪૩)

આ ગુણસ્થાનમાં આશ્રવ ૨ થાય છે, ભાવ ૨૨ થાય છે, એક જીવની અપેક્ષાએ ભાવ ૨૧, ૨૦ ૧૯, અને ૧૮ થાય છે.

સુક્ષ્મ સામ્પરાય સંયતોનુ દેહ પ્રમાણ ઓછામાં ઓછું ૩ા હાથ અને વધુમાં વધુ ૫૨૫ધનુષ્યનુ થાય છે.

આ સાધુનુ નિવાસ સ્થાન અઢી દ્વિપની અંદર છે. ક્ષેય તથા સ્પર્શન લોકનો અસંખ્યાંતમો ભાગ છે.

સુક્ષ્મ સામ્પરાય ગુણસ્થાનનો કાલ (વખત) ઉપશમક જીવ સમૂહની અપેક્ષાએ ઓછો એક સમય તથા ઉત્કૃષ્ટ અંતર્મુહુર્ત છે. એક ઉપશમક જીવનો પણ જઘન્ય કાલ એક સમય તથા ઉત્કૃષ્ટ કાલ અંતર્મુહુર્ત છે. ક્ષપક જીવ સમૂહનો તથા એક જીવનો પણ જઘન્ય કાલ અંતર્મુહુર્ત છે. તથા ઉત્કૃષ્ટ કાલ પણ અંતર્મુહુર્ત છે.

સુક્ષ્મ સામ્પરાય ક્ષપક શ્રેણીવાળો એક પણ જીવ સંસારમાં ન હોય તેવું અંતર હોતું નથી

ક્ષપક સમૂહ જીવોની અપેક્ષા જઘન્ય અન્તર (જે વખતે સંસારમાં એક પણ ક્ષપક ન હોય તેવો વખત) એક સમયનો છે અનં ઉત્કૃષ્ટ છ માસનો હોય છે ઉપશમક જીવ સમુહમાં જઘન્ય અંતર એક સમય અને ઉત્કૃષ્ટ અન્તર વર્ષ પૃથકત્વ (૩૦૦થી૯૦૦ વર્ષ સુધી) છે. ઉપશમક એક

જીવનું જઘન્ય અંતરતો અંતરમુર્હુતનુ થાય છે અને ઉત્કૃષ્ટ અંતરં અર્દ્ધપુદ્રગલ પરિવર્તનમાં ૨૪ અંતમુહુર્ત ઓછું હોઇ શકે છે આમા ૧૦ અંતમુંહુર્ત અન્તરકરણ પહેલાંના છે તથા ૧૪ અંતર્મુહુર્ત અંતર સમાપ્તિ પછી બાકીના સંસારનાં છે સુક્ષ્મસામ્પરાય ગુણસ્થાનના અંતિમ સમયમાં જ્ઞાનાવરણ, દર્શના વરણ તથા અંતરાય આ ત્રણ ઘાતિયા કર્મોનો સ્થિતિબંધ અંતર્મુહુર્ત જ થઈ જાય છે મોહનીય કર્મનો બંધ પહેલા સમયથી જ નથી નામ તથા ગોત્ર કર્મનો સ્થિતિબંધ ૧૬ અંતર્મુહુર્ત રહી જાય છે વેદનીય કર્મનો સ્થિતિબંધ ૨૪ મુહુર્ત જ થાય છે આની પછી સંજવલન સુક્ષ્મ લોભનો અભાવ થઈ જાય છે ઉપશમ શ્રેણીવાલા અંતર આત્માના લોભના ઉપશમ થાય છે ક્ષપક શ્રેણીવાળા તો ક્ષયરૂપ અભાવ થાય છે

ઉપશમક જીવનું દશમા ગુણસ્થાનથી ૯ મામાં અથવા ૧૧ મા ગુણસ્થાન પછી મરણ થઈ જાય તો ચોથા ગુણસ્થાને જવાનું થાય છે તથા દશમામાં આવવાનું નવમા અથવા અગીયારમાં ગુણસ્થાનથી થાય છે.

ક્ષપક દશમા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાનમા જાય છે તથા નવમા ગુણસ્થાનથી દશમા ગુણસ્થાનમાં આવે છે. આ પ્રમાણે સુક્ષ્મ સામ્પરાય પ્રવિષ્ટ શુદ્ધિસંયત ઉપશમક તથા ક્ષપકને બતાવી ઉપશાન્ત કષાય ગુણસ્થાનને કહીએ છીએ

## ૧૧ ઉપશાન્ત કષાય ગુણસ્થાન

જેના સમસ્ત- કષાયો ઉપશાન્ત થઈ ગએલા છે તેને ઉપશાન્ત કષાય કહે છે. દર્શનમોહની ૩ પ્રકૃતિઓ ચારિત્ર મોહની અનંતાનુબંધી કષાયની ૪ પ્રકૃતિઓનો ઉપશમ તો શ્રેણી

ચઢવાના પહેલાંથી જ થઈ ગયો હતો બાકીની પ્રકૃતિઓનો ૯મા, ૧૦મા ગુણસ્થાનોમાં ઉપશમ થઇ ગયો આ પ્રકારે તેના સમસ્ત મોહનીય કર્મનો ઉપશમ રહે છે) આ ગુણસ્થાનવર્તી યાને આ ગુણસ્થાનમાં રહેનાર જીવનું નામ ઉપશાન્ત કષાય વીતરાગ છદ્મસ્થ છે આ જીવ ઉપશાન્ત કષાય છે વીતરાગ છે અને છદ્મ કહેતાં જ્ઞાનાવરણ તથા દર્શનાવરણ આમાં સ્થિતિ છે અર્થાત્ આ સર્વજ્ઞ તથા સર્વદર્શી નથી.

આ ગુણસ્થાનની પહેલાનાં સર્વ ગુણસ્થાન સરાગ છદ્મસ્થ કહેવાય છે કારણ કે પહેલાં પહેલાં સર્વગુણસ્થાન કષાયના ઉદય સહિત છે, તથા અસર્વજ્ઞ તથા અસર્વદર્શી છે ઉપશાન્ત કષાય ગુણસ્થાનથાં પરિણામ કષાય રહિત હોવાથી પૂર્ણ નિર્મળ છે પરંતુ આ પરિણામ કષાયોનો ઉપશમ કરીને પ્રાપ્ત થયું છે આથી ઉપશમનો કાલ સમાપ્ત થતાંજ નીચે દશમા ગુણસ્થાનમાં પડવુ પડે છે અને દશમાથી નવમામાં નીચે પડે છે આ પરંપરાથી સાતમા તથા છઠા ગુણસ્થાન સુધી તો નીચે પડવું જ પડે છે આગળ સાધારણ અવસ્થા છે, ચઢી પણ શકે છે તથા નીચે પડી પણ શકે છે ક્ષાયક સમ્યગ્દષ્ટિ ઉપશમક પડતો જ રહે તો ચોથા ગુણસ્થાન સુધીજ પાછો પડી શકે છે તેપછી ક્ષપક શ્રેણી ચઢીને નિર્વાણ પ્રાપ્ત કરી શકે છે જો તે ક્ષપકશ્રેણી ન ચઢે અને મરણ કરે તો દેવગતિમાં જ ઉત્પન્ન થશે. દ્વિતીયોપશમ સમ્યક્ત્વમાં જો મરણ થાય તો તે પણ દેવગતિમાંજ ઉત્પન્ન થશે દ્વિતીયોપશમ સમ્યક્ત્વની પછી યાતો વેદક સમ્યક્ત્વ પામીને ચોથે, પાંચમે તથા સાતમામાં આવી શકે છે. યાતો મિથ્યાદષ્ટિ હોઈ શકે છે. કેટલાક આચાર્યોના મત પ્રમાણે તે સાસાદન ગુણસ્થાનમાં પણ જઈ શકે છે.

દ્વિતીયોપશમ સમ્યગ્દષ્ટિ ૧૧ મા ગુણસ્થાનથી ક્રમેક્રમે નીચે પડી છઠા ગુણસ્થાનમાં પહોંચે છે ત્યાં જો સંભાવ રાખે તો ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને પછી ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરી લે છે અને ક્ષપક શ્રેણી ચઢીને અંતમા મોક્ષ પ્રાપ્ત કરી લે છે.

ઉપશાન્ત કષાય ગુણસ્થાન ના કાલની વચમાં જ આયુષ્ય ક્ષય થઈ જાય તો ચોથે ગુણસ્થાને નીચે પડવું પડે છે ઉપશાન્ત કષાય ગુણસ્થાનમાં આવવાનું કવળ સુક્ષ્મ સામ્પરાય ઉપશામકથીજ થાય છે આ ગુણસ્થાનથી જવાનું પણ દશમાં ગુણસ્થાનમાંજ થાય છે પરંતુ મરણની અપેક્ષાએ ચોથા ગુણસ્થાનમાં જવાનું થાય છે,

આ ગુણસ્થાન ચારિત્ર મોહના ઉપશમથી થયું છે આથી આમાં ઔપશિક ભાગ છે અને નિમિત્ત કરણ મોહનું છે અર્થાત મોહનો ઉપશમ છે.

ઉપશાન્ત ગુણસ્થાનથી નીચે પડતાં જેવાં જેવાં કાર્યોથી આગળવધ્યો હતો તેવાં તેવાં હવે હીન પરિણામ થતા ચાલ્યા કરશે અને સ્થિતિ બંધ વિગેરે જે જગ્યાએ જેટલો થતો હતો ઘણું કરીને તેવો જ તે સ્થાનમાં થતો ચાલ્યો જશે અર્થાત બંધ વિગેરે વધતો ચાલ્યો જશે ઉપશાન્ત કષાય ગુણસ્થાનમાં જીવ સમાસ એક સંજ્ઞી પંચેન્દ્રિયપર્યાપ્તિઓ ૬, પ્રાણ ૧૦ અપગત સંજ્ઞના, મનુષ્ય ગતિ પંચેન્દ્રિય જાતિ, ત્રસ કાય, યોગ ૯ માંથી એક વખતે એક અપગત વેદત્વ, અકષાયત્વ, જ્ઞાન–૪–૩–૨ પૈકી ઉપયોગથી એક વાખ્યાત ચરિત્ર, દર્શન-૩-૨ પૈકી ઉપયોગમાં એક, ઉપચારથી શુક્લલેશ્યા, ભવ્યત્વ, ક્ષાયિક સમ્યકત્વ, દ્વિતીયો-

સમ્યકત્વમાં એક, સંજ્ઞિત્વ, તથા આહારક થાય છે.

ઉપશાન્ત કષાય વીતરાગ છદ્મસ્થ અંતર આત્મા ક્રમથા અને ઉપયોગવાલા તથા પૃથકત્વ વિતર્કવીચાર શુકલ ધ્યાનને ધ્યાતા થાય છે.

આ ગુણસ્થાનમાં આશ્રવ-૯ યોગ પરંતુ એક વખતે એક થાય છે. ભાવ ૨૧ પૈકી ૨૦-૧૯,૧૮-૧૭ થાય છે.

આ ગૂણસ્થાનમાં રહેનારા જીવનુ દેહ પ્રમાણ ઓછામાં ઓછું ૩।। હાથ અને વધુમાં વધુ ૫૨૫ ધનુષ્ય સુધી થાય છે. તેનુ નિવાસ સ્થાન અઢીદ્વિપની અંદર છે. ક્ષેત્ર સ્પર્શન લોકના અસંખ્યાતમા ભાગ પ્ર· ણ છે

ઉપશાન્ત કષાયને સમય જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહુર્ત છે.

ઉપશાન્ત કષાયવર્તી જીવ આ ગુણસ્થાનને છોડીને બીજા ગુણસ્થાનોમાં જાય અને ફરી આગળ ઉપર આ ગુણસ્થાનમાં પહોંચે તો આ વચગાળાનું અંતર અર્થાત જેટલો સમય કોઇ જીવ આ ગૂણસ્થાનમાં ન મળે તે અંતર જઘન્ય તો એક સમય છે અને ઉત્કૃષ્ટ (વધુમાં વધુ) વર્ષપૃથકત્વ (૩૦૦થી૯૦૦વષ સુધી છે એક જીવની અપેક્ષા અન્તર ઉપશાન્ત કષાય સમ્યગ્દષ્ટિ વગર) જઘન્ય તો અંતર્મુહૂર્ત છે અને ઉત્કૃષ્ટ અદ્ધપુદ્ગલ પરિવર્તન કાલમાં ૨૨ અંતર્મુહૂર્ત ઓછુ છે આમાં ૯ અંતર્મુહુર્ત તો અંતરથી પહેલાં આ ગુણસ્થાન શીઘ્ર પ્રાપ્ત કરવામાંલાગ્યાં હતાં અને ઉત્કૃષ્ટ અન્તર કર્યા પછી જયારે તે ગુણસ્થાનને પ્રાપ્ત કરી લે છે. ત્યારે નિર્વાણ પ્રાપ્ત કરવામાં

૧૩ અંતર્મુહૂર્ત વધું લાગે છે, તો અર્દ્ધપુદ્ગલ પરિવર્તન કાલમાંથી આ ૨૨ અંતર્મુહુર્ત ઓછો કાલ નુ ઉત્કૃષ્ટ અન્તર થાય છે.

આ ગુણસ્થાનમાં બંધ કેવળ સાતા વેદનીયનો છે તેની સ્થિતિ કષાય ન હોવ ના કારણ એક સમયની છે અર્થાત્ તેની માત્ર આશ્રવ છે. આ ગુણસ્થા માં ૫૯ પ્રકૃતિઓનો ઉદય થાય છે સરાગ વ્યુચ્છિન્ન ૬૨ તથા તીર્થંકર પ્રકૃતિ આ ૬૩ પ્રકૃતિઓનો ઉદય નથી થતો આ ગુણસ્થાનમાં ૧૪૬,૧૪૦ તથા ૧૩૯ પ્રકૃતિઓની સત્તા છે. કારણ કે આમાં અન ઉપશામક, દ્વિતીયોપશમ સમ્યગ્દષ્ટિ ઉપશમક અનવિસંયોજક દ્વિતયોપશમ સામ્દષ્ટિ ઉપશામક તથા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ હોય છે. ક્ષાયિક સામ્દદષ્ટિ ક્ષપક હોતા નથી. તેના દશમા ગુણસ્થાન સુધી જ હતા અને તેઆ ત્યાથી બારમા ગુણસ્થાને પહોચે છે આ પ્રમાણે ઉપશાન્ત કષાય ગુણસ્થાનનું વર્ણન કરીને હવે ક્ષીણકષાય નામના બારમા ગુણસ્થાનનું વર્ણન કરીએ છીએ

## ૧૨ ક્ષીણકષાય ગુણસ્થાન

જયાં સમસ્ત કષાયોનો ક્ષય થઇ ગએલો છે તેવા નિર્મલ પરિણામોને ક્ષીણકષાય ગુણસ્થાન કહે છે આ ગુણસ્થાનવર્તી જીવનું નામ ક્ષીણકષાય વીતરાગ છદ્મસ્થ છે દશમા ગુણસ્થાન સુક્ષ્મસાંપરાય યાને ક્ષપક ગુણસ્થાનના અંતમાં કષાયોનો ક્ષય થઇ ગએલો હતો આથી આ ક્ષીણકષાય છે, રાગ દ્વિષાદિભાવો થી મુકત છે, અત્યંત નિર્મલ છે પરંતુ જ્ઞાનાવરણ અને દર્શનાવરણ કર્મનો ક્ષય નહિ થવાથી છદ્મસ્થ પણ છે હજુ સર્વજ્ઞ તથા સર્વદર્શી નથ થયા

આ ગુણસ્થાનના પહેલાંના બધા અર્થાત્ અગીઆરેય ગુણસ્થાનવર્તી જીવો છદ્મસ્થ છે. આ ગુણસ્થાન ચારિત્રમોહનો ક્ષય થવાથી પ્રગટ થયું છે આથી આ ગુણસ્થાનવર્તી જીવના ભાવ ક્ષાયિક છે તથા નિમિત્ત કારણ મોહનું છે. અર્થાત મોહનો ક્ષય થયો છે આ ગુણસ્થાનમાં કેવળ સાતાવેદનીયનો બંધ છે તેની સ્થિતિ એક સમયની છે અથવા તેને ઇર્યાપથ આશ્રવ છે.

આ ગુણસ્થાનમાં ૫૭ પ્રકૃતિએનો ઉદય છે. કારણ કે સરાગ વ્યુચ્છિન્ન (રાગયુક્ત પ્રકૃતિઓનો અભાવ થએલો તે) ૬૨ પ્રકૃતિઓ તથા વજ્રનારાચસંહનન, નારાચસંહનન તથા તીર્થંકર પ્રકૃત આ પ્રમાણેની ૬૫ પ્રકૃતિઓનો ઉદય નથી તથા અંતસમયમાં ૫૫ પ્રકૃતિઓનો ઉદય નથી તથા અંતસમયમાં ૫૫ પ્રકૃતિઓનો ઉદય છે કારણ કે આ ગુણસ્થાનમાં આગલા સમયમાં નિદ્રામાં તથા પ્રચલાની પણ ઉદય વ્યુચ્છિતિ થઈ જાય છે અગીઆરમા ગુણસ્થાનમાં જે ૫૯ પ્રકૃતિઓનો ઉદય થાય છે તેમાંથી વજ્રનારાચ અને નારાચ એબે વ્યુચ્છિતિ પ્રકૃતિઓને ઘટાડવાથી ૫૭ પ્રકૃતિઓનો ઉદય થાય છે.

આ ગુણસ્થાનમાં ૧૦૧ પ્રકૃતિઓની સત્તા છે. કારણ કે અનિવૃત્તિકરણ વ્યુચ્છિન્ન ૬૬ પ્રકૃતિઓ તથા સુક્ષ્મસામ્પરાયવ્યુચ્છિન્ન સંજ્વલન લોભ તથા નરકાયુ તિર્યંચઆયુ, દેવઆયુ તેમજ સમ્યકત્વને બાધ કરનારી ૭ પ્રકૃતિઓ આ ૪૭ પ્રકૃતિઓની સતા નથી તથા અન્તિમ સમયમાં ૯૯ પ્રકૃતિઓની સત્તા છે કારણ કે આગલા સમયમાં નિદ્રા તથા પ્રકૃતિઓની વ્યુચ્છિત્તિ (અભાવ) થઇ જાય છે

ક્ષીણકષાય વીતરાગ છદ્મસ્થ ઉત્કૃષ્ટોત્કૃષ્ટ અંતરઆત્મા જ્ઞાનાવરણ, દર્શનાવરણ તથા અંતરાય આગયની સ્થિતિ સત્વ

(સ્થિતિની સત્તા) અંતમુહુર્ત કરી દે છે, તેમના કર્માનો સ્થિતિબંધ તથા અનુભાગ બંધ રહ્યો નથી, કેવળ એક સમય સ્થિતિ (એક સમયસુધી રહેનાર) ઈર્યાપથ આશ્રવ કેવળ સાતાવેદનીય પ્રકૃતિનો છે.

આ ગુણસ્થાનમાં સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત જ થાય છે. આની પર્યાપ્તિઓ ૬, પ્રાણ ૧૦, અપગત સંજ્ઞત્વ (ચાર પ્રકારની) સંજ્ઞા-વાંચ્છા-૧ આહાર, ૨ ભય, ૩ મૈથુન, ૪ પરિગ્રહ જેની નાશ પામી છે તે સંજ્ઞારહિત), મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ કાય યોગ ૯ પૈકી એક, અપગત (જતા રહ્યા છે જેના તે) વેદત્વ, અકષાયત્વ, જ્ઞાન-૪-૩-૨ પૈકી ઉપયોગથી એક વખતે એક. યથાખ્યાત ચારિત્ર દર્શન (દર્શનોપયોગ) ૩-૨ પૈકી ઉપયોગમાં એક ઉપચારથી શુકલ લેશ્યા ભવ્યત્વ અને ક્ષાયિક સમ્યકત્વ થાય છે.

ક્ષીણકષાય ગુણસ્થાનવર્તી જીવ સંજ્ઞી. આહારક, કમવર બંને ઉપયોગવાળા હોય છે. આ જીવના આ ગુણસ્થાનમાં પ્રવેશ પામવાના સમયથી કેટલોક વખત સુધી તો પૃથકત્વ વિતર્ક વિચાર શુકલધ્યાન થાય છે પછીથી એકત્વ વિતર્ક અવિચાર શુકલધ્યાન થાય છે અને અંતમાં આ એક દ્વિતીય શુકલધ્યાન રહે છે એકત્વવિતર્ક અવિચાર શુકલધ્યાનમાં આ જે યોગ તથા જે જલ્પ થી જે અર્થનું જ્ઞાન કરે છે તે પ્રકારનું તેનું ધ્યાન રહે છે તે સમાપ્ત થતાંજ કેવળદર્શન ઉત્પન્ન થાય છે તથા ભાવમન પણ નષ્ટ થઈ જાય છે

આ ગુણસ્થાનમાં હોવાવાળા અન્તર આત્મા ઓનો નિવાસ અઢી દ્વિપની અંદર છે ક્ષેત્ર તથા સ્પર્શન લોકનો

અસંખ્યાત ભાગ છે. ક્ષીણ કષાય ગુણસ્થાનનો જઘન્ય કાલ તથા ઉત્કૃષ્ટ કાલ અંતર્મુહુર્ત છે આ ગુણસ્થાનનાં એક જીવની અપેક્ષાએ અંતર છે જ નહિ કારણ કે આ ગુણસ્થાન પછી આ જીવ ૧૩ મું તથા ફરી ૧૪ મુ ગુણસ્થાન પ્રાપ્ત કરીને નિયમથી નિર્વાણને પ્રાપ્ત કરશે, ફરી આ ગુણસ્થાનમાં આવવાનો સંભવ જ નથી પરંતુ ગૂણસમુહની અપેક્ષાએ અન્તર છે અર્થાત્ લગાતાર એવો કોઇક સમય હોય છે કે જયારે એક પણ જીવ ક્ષીણ કષાય ગુણસ્થાનમાં હોતો નથી આ અન્તર કાલ જઘન્ય તો એક સમયનો છે અને વધુમાં વધુ છ માસી છે.

ક્ષીણ કષાય ગુણસ્થાનના અંતિમમાં આ જીવ કૃતકરણીય (કરવાનુ હતુ ને કર્યું તે) કહેવાવા લાગે છે અને તે વખતે જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણના બાકી ૪ તથા અન્તરાય કર્મના ૫-આ બધાનો ઉદયની તથા સત્તાની એક સાથે વ્યુચ્છિત[નાશ] કરી દે છે, આ પ્રકારે ક્ષીણકષાય ગુણસ્થાનનું કંઇક વર્ણન કરીને હવે સયોગ કેવળી ગુણસ્થાનનો મહિમા પ્રગટ કરીએ છીએ.

## ૧૩, સયોગ કેવલી ગુણસ્થાન

ચારેય ઘાતિયા કર્મોનો ક્ષય થતાં જ તે અંતરઆત્મા કેવળ જ્ઞાન, કેવળ દર્શન, અનંતસુખ, તેમજ અનંત શકિત આ પ્રકારના ચાર કલ્યાણકારી ચતુષ્ટયથી સંપન્ન જીનેન્દ્ર કેવલી, સર્વજ્ઞ, સર્વદર્શી અરહંત સકલપરમાત્મા, સયૂણ બ્રહ્મ વિગેરે નામોથી ઓળખાતા યાને સંજ્ઞાપામેલા, ઇશ્વર થઇ જાય છે તેમને જયસુધી યોગ રહે છે ત્યાં સુધી સયોગ કેવલી કહેવાય છે આ ગુણસ્થાનની પહેલાંના બધા ગુણસ્થાનવર્તી જીવો સયોગી છે પરંતુ છદ્મસ્થ છે.

ભવ્ય જીવોના ભાગ્યના નિમિતથી તેમનો વિહાર થતો રહે છે તે આ પૃથ્વી તળથી ૫૦૦૦ ધનુષ ઉપર રહે છે. તે ઔપચારિક કારણથી બે પ્રકારના થાય છે ૧. તીર્થંકર કેવલી ૨. સામાન્ય કેવલી તીર્થંકર કેવલીને સમવશરણુની રચના થાય છે. સામાન્ય કેવલી માટે ગન્ધકુટીની રચના કરવામાં આવે છે. આ બધી રચના ઇન્દ્રની આજ્ઞાથી બુદ્ધિની વિશેષતાને લ... કુબેર અન્તર્મૂહૂર્તમાં કરી દે છે.

સયોગકેવલી ભગવાનની દિવ્યધ્વાન દ્વારા ભવ્ય જીવો... ઉપદેશ પ્રાપ્ત થાય છે તે મૂલ ગ્રન્થ કર્તા કહેવાય છે ... દિવ્યધ્વનિ નિરક્ષરી અર્થાત્ અક્ષરરહિત અથવા સર્વ અક્ષ... થાય છે કે જેના નિમિતથી જીવ પોતાની યોગ્યતા ... તત્વ પ્રાપ્ત કરે છે. ગણધરદેવ દ્વાદશાગ વાણીની રચના ... છે. ગણધર દેવ ચાર જ્ઞાનના ધારણ કરનાર છે તો ... કૃતિ (કાર્ય) અવશ્ય પ્રમાણભૂત છે વળી સાથે સાથે આ ... સર્વ દેવની દિવ્યધ્યનિના નિમિત્તથી થઇ છે જેથી પ્રમાણિતા... અમુલ્ય પૂર્તિ સિદ્ધ થાય છે

જિનેન્દ્ર દેવનુ જ્ઞાન કેવળજ્ઞાન છે, અન્યનિમિતોની તથા ઇન્દ્રિઓ વિગેરેની સહાયતા (મદદ) રહિત આત્મીય [પોતાનીજ] અનંતશકિતથી પ્રગટ થએલુ પુર્ણ જ્ઞાન છે જીનેદ્ર દેવને ૧ જન્મ, ૨ જરા [વૃધ્ધાવસ્થા] ૩ તૃષા ૪ ક્ષુધા, ૫ વિસ્મય, ૬ રતિ [આશાદુખ] ૭. વેદ, ૮. રોગ, ૯. શોક, ૧૦ મદ, ૧૧ મોહ ૧૨. ભય ૧૩. નિદ્રા ૧૪, ચિન્તા ૧૫ સ્વેદ [પરસેવો] ૧૬. રાગ, ૧૭. દ્વેષ અનોત્મરણ આ અઢાર દોષ હોતા નથી- આયુષ્યનો અંત આવતાં તેમનું નિર્વાણ થશે.

સયોગ કેવલી થતાં જ તેમનું ઔદારિક શરીર પરમ

ઔદારિક થઇ જાય કે ધાતુદોષ રહિત શરીર પુષ્ટ થઇ જાય છે તેમના નખ તથા કેશ [વાળ] વધતાં નથી. તે કેવલાહાર [કોળીઓ આહાર] કરતા નથી. તેમને સ્નાતક નામના નિર્ગ્રંથ કહે છે.

સયોગકેવલી કેવળ સાતા વેદનીયનો ઇર્યાપથ આશ્રવ થાય છે સાતાવેદનીયનો ઉદય રહે છે. અસાતાવેદનીયની સત્તા હોય તો તે ઉદય વખતે સાતારૂપ પરિણમી જાય છે, પરંતુ ભગવાનને જે સુખ છે. તે સાતાવેદનીયના ઉદયથી નથી. તેમનું સુખ આત્મીય સહજ, શાશ્વત અને અનન્ત છે, વેદનીય સિવાય ૪૧ પ્રકૃતિઓનો પણ ઉદય થાય છે. છદ્મસ્થ અવસ્થાના અંતમાં ઉદયમાં અભાવ પામેલી ૮૦ પ્રકૃતિઓનો ઉદય નથી આ ગુણસ્થાનમાં તીર્થંકર પ્રકૃતિનો ઉદય થાય છે જે અન્તર આત્માઓને તીર્થંકર પ્રકૃતિનો બંધ કર્યો ન હતો તેમને તીર્થંકર પ્રકૃતિનો ઉદય થતો નથી પરમાત્માને તીર્થંકર પ્રકૃતિનો ઉદય હોય અથવા ન હોય તથા તેમના સ્વરૂપમાં, સુખમાં. મહાત્મ્યમાં કોઇ ફરક પડતો નથી જેમણે તીર્થંકર પ્રકૃતિનો બંધ નથી કર્યો તેમને આ ગુણસ્થાનમાં તથા બીજા બધાં ગુણસ્થાનોમાં તીર્થંકર પ્રકૃતિની સત્તા હોતી નથી સયોગ કેવલી, તીર્થંકર કેવલી, સામાન્ય કેવલી મૂક કેવલી અન્તકૃતકેવલી, સમુદ્ઘાત કેવલી ઉપસર્ગસિદ્ધ કેવલી આદિ અનેક પ્રકાર છે પરંતું આ પ્રકારોથી તેમના સ્વરૂપમાં કોઇ અન્તર આવતું નથી

સયોગ કેવલી જીનેન્દ્રને ૮૫ પ્રકૃતિઓની સત્તા છે. તેમને અનિવૃત્તિકરણ વ્યુચ્છિન્ન ૩૬, સુક્ષ્મ સામ્પરાય વ્યુચ્છિન્ન ૧, ક્ષીણકષાય વ્યુચ્છિન્ન ૧૬, તથા નરકાયુ તિર્યંગાયુ (તિર્યંચ આયુ) દેવ આયુ તેમજ અનંતાનુબંધી કષાય ૪ તથા દર્શન

મોહની ૩, આ ૬૩ પ્રકૃતિઓની સત્તા નથી [બારમા ગુણસ્થાનમાં જે ૧૦૧ પ્રકૃતિઓની સત્તા છે તેમાંથી વ્યુચ્છિન્ન પ્રકૃતિ ૧૬ [જ્ઞાનાવરણી ૫, અંતરાયની ૫; દર્શનાવરણની ૪, નિદ્રાન તથા પ્રચલા ૧ ] ને ઘટાડવાથી બાકી રહેલી ૮૫ પ્રકૃતિઓની સત્તા રહે છે જૈન સિ. પ્ર પ્રશ્ન ૫૫૩નો ઉત્તર]

તેરમા સયોગ કેવળી નામના ગુણસ્થાનનું સ્વરૂપ શું છે અને તે કોને પ્રાપ્ત થાય છે? ઉત્તર–ઘાતિઆ ૪ કર્મોની ૪૭ [જ્ઞાનાવરણીય–૫, દર્શનાવરણીય ૯, મોહનીય કર્મની ૨૮ તથા અંતરાય કર્મની ૫=૪૭] તથા અઘાતિયા કર્મોની ૧૬ નરકગતિ, તિર્યંગ્ગતિ, નરક ગત્યાનુપૂર્વી, તિર્યંગ્ગત્યાનુપૂર્વી વિકલ ત્રય આયુસ્ત્રિક ૩, ઉદ્યોત આતાપ, એકેંદ્રિય સાધારણ સૂક્ષ્મ અને સ્થાવર મળીને ૬૩ પ્રકૃતિઓનો ક્ષય થવાથી લોકાલોક પ્રકાશક કેવળ જ્ઞાન તથા મનોયોગ, વચનયોગ અને કાય યોગના ધારક અરહંત ભટ્ટારકને સયોગ કેવલી નામનુ તેરમું ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. (જૈ. સિ પ્ર. પ્રશ્ન ૫૫૦નો ઉત્તર)

આ ગુણસ્થાનમાં જીવ સમાસ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત છે. આ જીવ સંજ્ઞી નથી રહ્યા આ જીવ સંજ્ઞી તથા અસંજ્ઞી પણાથી રહિત છે તો પણ પાંચેય દ્રવ્ય ઇન્દ્રિઓ હોવાથી તથા પર્યાપ્ત હોવાથી આને જીવ સમાસ કહેવામા આવ્યો પર્યાપ્તિઓ ૬; પ્રાણ વચનબલ કાયબલ આયુ તથા ઉચ્છ્વાસ એ ચાર બાદર યોગનો નિરોધ થતાં કાય બલ તથા આયુ એ બે પ્રાણ થાય છે.

સયોગ કેવલી જીનેદ્રને અપગત સંજ્ઞત્વ મનુષ્ય ગતિ

પંચેન્દ્રિય જાતિ, ત્રસકાય, યોગ ૪-૩-૨ પૈકી એક વખતે એક અપગત વેદત્વ, અકષાયત્વ, જ્ઞાનમાં કેવળજ્ઞાન, યથાખ્યાત ચારિત્ર કેવલ દર્શન, ઉપચારથી શુકલ લેશ્યા ભવ્યત્વ, ક્ષાયિક સમ્યકત્વ સંજ્ઞિત્વ, આહારક, યુગપત્ (એક સાથે બે ઉપયોગ, અંતમાં સુક્ષ્મક્રિયા પ્રતિપાત શુકલધ્યાન, ઈર્યાપથ આશ્રવ ૧ તથા ભાવ ૧૪ હોય છે

સયોગ કેવલીનો નિવાસ અઢી દ્વિપની અંદર છે. ક્ષેત્ર તથા સ્પર્શન લોકનો અસંખ્યાતમો ભાગ તથા લોકનો અસંખ્યાત બહુભાગ તથા સર્વલોક છે આટલું મોટું તેમનુ ક્ષેત્ર હોવાનું કારણ સમુદ્ઘાત છે જેનુ વર્ણન આગળ કરીશું

સયોગકેવલી ગુણસ્થાનનો કાલ જીવ સમૂહની અપેક્ષાએ સર્વકાલ છે. આમ આનો અન્તરકાલ પણ નથી અર્થાત્ એવો સમય થયો ન કે થવાનો નથી કે જ્યારે સયોગ કેવલી કોઈ ન હોય અર્થાત્ સયોગ કેવલી હમેશાં સદા થાય છે એક જીવની અપેક્ષાએ પણ સયોગ કેવલીનુ અન્તર નથી કારણ કે તે નિર્વાણજ પામશે સયોગ કેવલી ફરી બનવું અસંભવિત છે. એક જીવની અપેક્ષાએ કાલ જઘન્ય તો અંતર્મુહુર્ત છે. અને ઉત્કૃષ્ટ કાલ એક કરોડ પુર્વ વર્ષમાં ગર્ભદિન, ૮ વર્ષ અને ૮ અંતર્મુહુંત ઓછાનું પ્રમાણે છે.

ઈન્દ્ર અનેક શોભાઓ સહિત અન્ય શોભાઓ ઉપરાંત ૮ પ્રાતિહાર્યોને સ્વયં નક્કી કરીને પોતાને ધન્ય સમજે છે. તે આઠ પ્રાતિહાર્યો આ પ્રમાણે છે-૧ અશોકવૃક્ષ ૨ સિંહાસન ૩ ત્રણછત્ર ૪ ભામંડલ, ૫ દિવ્યધ્વનીનું પ્રસારણ ૬ પુષ્પવૃષ્ટિ ૭ ૬૪ યક્ષો દ્વારા ૬૪ ચમરોનુ ઢાળવું ૮ દુંદુભિનાદ

જ્યાં પ્રભુ હોય છે. ત્યાં ચારે તરફ ૧૦૦-૧૦૦ યોજન સુધી દુર્ભિક્ષ (દુષ્કાળ) રોગ નથી રહેતો તથા કલ્યાણુની વૃદ્ધિ થઈ જાય છે પ્રભૂનું ગમન (જવું) ઉપર આકાશમાંજ થાય છે તેમ નામાં રાગ તથા દ્વેષનો અત્યંત અભાવ છે તેમના ઉપર કોઈ ઉપસર્ગ કરી શકતો નથી તેમને કવલાહાર (કોળીઓ આહાર) નથી શરીરનાં ઉતમ પરમાણું શરીરમાં આવતાં રહે છે આથી નો કર્મ આહારજ છે. સમસ્ત વિદ્યાઓના ઇશ્વિર આ પ્રભુ છે. તેમના નખ તથા કેશ (વાળ) વધતા નથી-તેમની આંખની ઝાંપણુ (પલક) બંધ થતી નથી પરંતુ સૌમ્યદ્રષ્ટિના માટે પાંપણો સ્થિર રહે છે આંખોનુ ઉઘડવું તથા બંધ થવુ તે ક્રિયા થતી નથી અર્થાત્ આંખોના પલકારા થતા નથી રહે છે)

તેમના ઉપદેશ દર્શન તથા વિહારથી અનેક ભવ્ય જીવોને આત્મલાભ થાય છે તેમને મોક્ષ માર્ગના નેતા કહેવામાં આવે છે. આયુષ્યના કંઈકદિન બાકી રહી જાય ત્યારે તેમનો વિહાર તથા ઉપદેશ બંધ થઈ જાય છે સયોગ કેવલીનું આયુષ્ય જયારે અંતર્મુહુર્ત બાકી રહી જાય છે ત્યારે જે જે સ્થિતિઓ થાય છે તેનુ વર્ણન ક્રમવાર કરીએ છીએ—

૧, સયોગ કેવલી ૮ સમયમાં કેવલિ સમુદ્ધાત કરે છે આયુષ્ય કર્મની સ્થિતિ તો ઓછી હોય અને બાકીના ત્રણ અઘાતીયા કર્મો (નામ-ગોત્ર-વેદની) ની સ્થિતિ વધારે હોય ત્યારે અઘાતિયા કર્મની સ્થિતિ આયુ કર્મની સ્થિતિ બરાબર કરવા માટે આ કેવલી સમુદ્ધાત થાય છે મુળ શરીરને છોડ્યા શિવાય આત્મ પ્રદેશોના શરીરથી બહાર ફેલાઈ જવાને સમૂદ્ધાત કહે છે.

અને કેવલીના સમુદ્ઘાતને કેવલી સમુદ્ઘાત કહે છે. પહેલા સમયમાં દંડ સમુદ્ઘાત કરે છે આમાં સયોગ કેવલીના આત્મ પ્રદેશ ૧૪ રાજુમાં કંઈક ઓછા નીચેથી ઉપર દંડ આકાર ફેલાઈ જાય છે જો કેવલી ભગવાન પુર્વાભિમુખ (પૂર્વદિશાતરફના મુખવાળા) અથવા ઉત્તરાભિમૂખ કાર્યોત્સર્ગ આસનથી હોય તો શરીરનો ઘેરાળો લઇને આત્મ પ્રદેશ ૧૪ રાજુમાં કંઈક ઓછા નીચેથી ઉપર ફેલાઈ જાય છે અને જો ભગવાન પૂર્વાભિમુખ અથવા ઉત્તરાભિમુખ પદ્માસનથી હોય તો શરીરના પ્રમાણથી ત્રણ ગણો ઘેરાળો લઇને ૧૪ રાજુમાં કંઈક ઓછા પ્રમાણમાં આત્મપ્રદેશો ફેલાઈ જશે આ બધુ એક સમયમાંજ થઈ જાય છે.

આ સમયમાં આયુ કર્મને છોડીને બાકીનાં ત્રણ અઘાતિયાં કર્મોની સ્થિતિનો અસંખ્યાત બહુભાગ નાશ પામે છે. અને બાકી રહેલી અપ્રશસ્ત પ્રકૃતિઓનો અનન્ત બહુભાગ નાશ પામે છે

કપાટ સમુદ્ઘાતમાં આત્મ પ્રદેશ લંબાઈમાં તો સમુદ્ઘાતની જેમજ રહશે પરંતુ પહોળાઈમાં જો કેવલી પુર્વાભિમૂખ છે તો દક્ષિણ ઉત્તર દિશામાં તેટલી મોટાઈ લઇને બધી બાજુ સાત સાત રાજુ વાતવલયને છોડીને ફેલાઈ જાય છે. જો કેવલી ઉત્તરાભિમુખ હોય દંડ સમુદ્ઘાતની મોટાઈ લઈને પૂર્વ પશ્ચિમમાં વાત વલયને [પવનના પડ ગેરાવો] છોડીને જ્યાં જેટલો વ્યાસ છે તેટલા પ્રમાણમાં ફેલાઈ જાય છે આમાં પણ એક સમય લાગે છે આ કપાટ સમૂદ્ઘાતમાં ઔદારિક મિશ્રનો યોગ થાય છે આ સમયમાં ત્રણ અઘાતિઆ કર્મોની અવશિષ્ટ [બાકી

રહેલી] સ્થિતિના અસંખ્યાત બહુભાગ નષ્ટ થઈ જાય છે. આ પ્રશસ્ત પ્રકૃતિઓનો બાકી રહેલો અનુભાગ બંધનો અનન્ત બહુ ભાગ નષ્ટ થઈ જાય છે.

આની પછી પ્રત્તર સમૂદ્ધાત થાય છે. આમાં આત્મ પ્રદેશ વાતવલયને છોડીને લોકમાં સર્વત્ર ફેલાઈ જાય છે. આનું બીજુ નામ મંથ સમૂદ્ધાત છે. ફેલાવાની મૂખ્યતાને લીધે પ્રત્તર નામ છે તથા અઘાતિયા કર્મોની મંથનની મુખ્યતા લીધે મંથ નામ પડ્યું છે આમાં પણ એક સમય લાગે છે. આ સમયમાં ત્રણ અઘાતિયાં કર્મોની પણ અવશિષ્ટ સ્થિતિનો અસંખ્યાત બહુભાગ નષ્ટ થઇ જાય છે અને અપ્રશસ્તપ્રકૃતિઓના અવશિષ્ટ અનુભાગનો અનન્ત બહુભાગ નષ્ટ થઇ જાય છે. આમાં કાર્મણ કાયયોગ થાય છે.

આની પછી લોક પુરણ સમુદ્ધાત થાય છે આમાં યોગની એક વર્ગણા થઈ જાય છે. અર્થાત લોકાકાશના એક એક પ્રદેશ ઉપર એક એક આત્મ પ્રદેશ થઈ જાય છે આ સમુદ્ધાતમાં આ પ્રદેશ વાતવલયોયાં પહોચે છે આમાં એક સમય લાગે છે આ સમયમાં ત્રણ અઘાતિ કર્મોની અવશિષ્ટ સ્થિતિનો અસંખ્યાત બહુભાગ નષ્ટ થઇ જાય છે. અહિં પણ કાર્માણનો યોગ રહે છે આ વખતે ત્રણે અઘાતિયા કર્મોની સ્થિતિ આયુષ્યના માત્ર અસંખ્યાત ગણા અંતર્મુહુર્ત પ્રમાણ રહી જાય છે આની પછી આત્મ પ્રદેશોનો ક્રમ પ્રમાણે પ્રત્તર સમૂદ્ધાત દંડ સમૂદ્ધાત તથા મૂલ શરીર પ્રવેશ થાય છે. ઉતરતા સમયના સમુદ્ધાતોમાં ત્રણ અઘાતિયા કર્મોની અવશિષ્ટ સ્થિતિના સંખ્યાત બહુભાગ નષ્ટ થઈ જાય છે તથા બાકીના અનુભાગ બંધનો અનંત બહુભાગ નષ્ટ થઈ જાય છે.

આ નીચે જણાવ્યા પ્રમાણે કેવલી સમુદ્ધાતમાં આઠ સમય લાગી જાય છે ૧ દણ્ડ સમુદ્ધાતમાં, ૨, કપાટ સમૂદ્ધાતમાં ૩ પ્રત્તર સમૂદ્ધાતમાં, ૪ લોકપુરણ સમુદ્ધાતમાં, ૫ પ્રત્તર સમુદ્ધાતમાં ૬ કપાટ સમુદ્ધાતમાં, ૭ દણ્ડસમુદ્ધાતમાં ૮, મુલ શરીર પ્રવેશમાં આ કેવલી સમુદ્ધાતદ્વારા ત્રણ અઘાતિયાં કર્મોની સ્થિતિ પ્રાયઃ (ઘણું કરીને મોટા ભાગે) સમાન થઇ જાય છે થોડું જ અંતર (તફાવટ–છેટું) રહી જાય છે.

૨ આની પછી અંતરમુહુર્ત ગયા બાદ બાદર કાયયોગ દ્વારા બાદરમનોયોગનો નિરોધ થઇ જાય છે. જે કેવલીઓને સમુદ્ધાત નથી થતાં તેમને પણ આટલો જ વખત સયોગ ગુણસ્થાનના શેષ ભાગ રહેતાં યોગનિરોધની આ ક્રિયાનો પ્રારંભ થઇ જાય છે. ૩ અંતમુહુર્ત પછી બાદર કાયયોગ દ્વારા બાદર વચન યોગનો નિરોધ થઈ જાય છે. (નિરોધ અટકી જવુ તે)

૪, અંતર્મુહુર્ત પછી બાદર કાયયોગ દ્વારા બાદર શ્વસોશ્વાસનો નિરોધ થઇ જાય છે. ૫ અંતમુહુર્ત પછી બાદર કાય યોગથી બાદર કાયયોગનો નિરોધ થઇ જાય છે. જેમકે લાકડૂ ચીરનાર તે જ લાકડા ઉપર ઉભો રહી લાકડુ ચીરે છે અથવા સુક્ષ્મ કાયયોગ દ્વારા બાદર કાયયોગનો નિરોધ કર છે.

૬, અંતર્મુહુર્ત પછી સુક્ષ્મ કાયયોગથી સુક્ષ્મ મનોયોગનો નિરોધ કરે છે ૭, અંતર્મુહૂર્ત સુક્ષ્મ કાયયોગથી સૂક્ષ્મ વચન યાગનો નિરોધ કરે છે ૮ અંતર્મુહુર્ત પછી સૂક્ષ્મ કાયયોગથી સુક્ષ્મ શ્વાસોશ્વસાનો નિરોધ કરે છે. ૯ અંતર્મુહુર્ત પછી સુક્ષ્મ કાયયોગનો નિરોધ કરે છે.

આ અંતર્મુહૂર્ત અપકર્ષણ કર્મોની જે સ્થિતિ પડી ચુકેલી હોય તથા જે અનુભાગ પડી ચુકેલા હોય તેમા ઓછું થતું જવું. તે પુર્વ સ્પર્દ્ધકથી અપુર્વસ્પદ્ધક, ફરી અસંખ્યાતાગણી શ્રેણીથી કૃષ્ટિઓને કરે છે કૃષ્ટિ કરણ (કર્મોને કચરી નાખવાં તે) સમાપ્ત થઈ જતાં પુર્વસ્પર્દ્ધક તથા અપૂર્વસ્પર્દ્ધક નષ્ટ થઈ જાય છે પછીથી કૃષ્ટિગતયોગવાલા (જેના યોગ કચડાઈ ગયા છે એટલે જેનો ચુરો થઈ ગયો છે) થાય છે કૃષ્ટિગતયોગના વખતે સયોગ કેવલી ભગવાનને સુક્ષ્મ ક્રિયાપ્રતિપાતી શુક્લ ધ્યાન થાય છે જેથી કૃષ્ટિઓનો અસંખ્યાત બહુભાગ નષ્ટ થાય છે અને અંતમાં યોગનો નિરોધ (અટકાવ) થઈ જાય છે આ વખતે નામકર્મ ગોત્રકર્મ તથા વેદનીય આ ત્રણે અઘાતિયાં કર્મો આયુના સમાન (બરાબર) થઈ જાય છે, આ વખતે સયોગકેવલીનો અંતિમ સમય છે અંતિમ સમયમાં યોગનો પુર્ણ સર્વથા નિરોધ, સુક્ષ્મ ક્રિયપ્રતિપાતી શુક્લ ધ્યાનનો વ્યુચ્છેદ (અભાવ) તથા ત્રણ અઘાતિઆં કર્મોનુ આયુકર્મની પુરેપુરા બરાબર થઈ જવું આ ત્રણય વાતો એક સાથે થાય છે.

આ ગુણસ્થાન સમસ્ત મોહનો ક્ષય થઈ ગયા પછી બાકીનાં ત્રણ ઘાતિયા કર્મોનાં થવાવાળા ક્ષયથી પ્રગટ થાય છે આથી આમાં ભાવ ક્ષાયિક ભાવ છે, પરંતુ નામ પડયામાં નિમિત્ત યોગ છે અર્થાત્ અહિં વીતરાગ સર્વજ્ઞ થવા છતાં પણ જયાં સૂધી યોગનો સદ્‌ભાવ (રહેવાપણું) રહે છે. ત્યાં સુધી સયોગ કેવલી કહેવાય છે.

આ પ્રકારે સયોગ કેવલીનું નિરૂપણ કરીને હવે અયોગ કેવલી ગુણસ્થાન સબંધી કહીએ છીએ—

## તીર્થંકરોના ૩૪ અતિશ

૧ જન્મના ૧૦-મલમૂત્ર રહિત શરીર, ૨ પરસેવો ન થવો ૩ શ્વેતરૂધીર (સફેદ લોહી) ૪ વજ્રવૃષભ નારાચ સંહનન, ૫ સમચતુરસ્ર સંસ્થાન, ૬ અદભૂ રૂપ ૭ અતિસુંગન્ધ ૮૧૦૦૮ લક્ષણ, ૯ અતુલ બલ ૧૦ પ્રિય વચન ૨ કેવલ જ્ઞાન વખતના ૧૦ અતિશયઃ ૧ ઉન્મેષ રહિત [પલકારાવગરનાં] નેત્ર, ૨ નખ તથા કેશ [વાળ] ન વધવા, ૩ ભેજનનો અભાવ [નહિ કવલાહાર] ૪ વૃદ્ધ ન થવું ૫ છાયા રહિત શરીરી, ૬ ચૌમુખ-ચારે બાજુ મુખનું દેખાવુ ૭ સોયોજન સૂધી સુકાળ, ૮ ઉપસર્ગ દુખ ન થવું ૯ આકાશ ગમન, ૧૦ સમસ્ત વિદ્યાઓમાં નિપુણતા ૩ દેવરચિત ૧૪ અતિશય-૧ ભગવાનની અર્ધમાગધ ભાષાનીફળતી યાને અર્ધમાગધી ભાષાનું ખરવું, ૨ જીવોમા પરસ્પરમિત્રતા, ૩ સર્વ ઋતુઓનાં ફળ ફુલનુ ફાળવુ, ૪ પૃથ્વી દર્પણ જેવી દેખાય ૫ આહલાદક પવનનુ સંચરણ ૬ સુખદ વિહાર થવો ૭ કંકર—પત્થર રહિત પુથ્વીનું થવું ૮ સુવર્ણ કમલની રચના ૯ પૃથ્વી ધાન્ય પુર્ણથવી ૧૦ આકાશનિર્મળ, ૧૧ દિશાઓ નિર્મળ ૧૨ જયઘોષ થવો, ૧૩ ધર્મ ચક્રનુ આગળ આગળ ચાલવુ ૧૪ સુગંધિત જલની વર્ષા આ પ્રમાણે ૩૪ અતિશય [વિશેષવાતો-ચમત્કારિક બનાવો બને છે.]

### અહિ ધ્યાનના ભેદ પણ આપવા જરૂરી જણાય છે

ધ્યાન ૪ પ્રકારનાં છે ૧ આર્ત, ૨ રૌદ્ર, ૩ ધર્મ, ૪ શુકલ પહેલાં બે ધ્યાન ખરાબ છે અને બીજા બે છેલ્લા મોક્ષનાં સાધક છે.

આર્ત-દુખિત પરિણામ કરવા, રૌદ્ર-દુષ્ટ ભાવ કરવા ધર્મધ્યાનના ૪ પ્રકાર ૧ આજ્ઞા વિચય, ૨ અપાયવિચય, ૩ વિપાક વિચય અને ૪ સંસ્થાન વિચય શુકલ ધ્યાનના૪પ્રકાર-૧પૃથકત્વ વિતર્ક વિચાર, ૨ એકત્વવિતર્ક અવિચાર ૩ સુક્ષ્મક્રિયાપતિ ૪ વ્યુપરત ક્રિયા નિવૃતિ પહેલાં ઉપર પૃથક્ત્વ વિતર્ક વિચારનો અર્થ આપ્યો છે બ કીના ત્રણ આ પ્રમાણે છે. એકત્વ વિતર્ક અવિચાર બરમા ગુણસ્થાન વર્તિ સાધુ કોઈ એક યોગ દ્વારા કોઇએક શ્રુત [શાસ્ત્ર]ના આલંબનથી કોઈ એક દ્રવ્ય અથવા પર્યાયમ પલટાયાં વગર એકધારા ધ્યાનમાં સ્થિત રહે સૂક્ષ્નક્રિયાપ્રાતપાતિ આ ધ્યાન તેરમા ગુણસ્થાનના અંતમાં અંતમુહુર્ત થય છે કે જયારે કાયયોગનું પરિણમન બહુજ સુક્ષ્મ થઈ જાય છે અને જો આયુ મની સ્થિતિ અંતમુહુર્ત હાય અને નામ-ગોત્ર અને વેદની આ ત્રણ અઘાતીયા કર્મોની સ્થિતિ વધુ હોય ત્યારે ઉપર બતાવ્યા પ્રમાણે કેવલી સમુ-ઘાત ૪-દંડ કપાટ પ્રત્તર તથા લોક પૂર્ણ ૪ સમયમાં થઈ જાય છે. અને ફરી તેજ પ્રમાણેના ક્રમથી સંકોચાઈને આઠમા સમ-યમાં સંકોચાઈને શરીર પ્રમાણ થાય થાય છે. જયારે આ ચારેય અઘાતીઆ કર્મોની સ્થિતિ બરાબર થાય છે ત્યારે આ પ્રકારનુ ધ્યાન થાય છે વ્યુપરત ક્રિયા નિવર્તી આ ચોથું શુકલ ધ્યાન જયારે સર્વમન વચન અને કાય ની ક્રિયા તથા યોગોનું પરિણામન બંધ થઈ જાય છે ત્યારે નિશ્ચલ આત્મા આત્મામાં જ સ્થિર રહે છે આ પ્રકારનું ધ્યાન ૧૪ મા ગુણસ્થાનમાં અયોગ કેવલિન થાય છે આને વખત પાંચ લઘુ અક્ષર અ-ઈ-ઉ-ઋ-લૃ ઉચ્ચારતાં લાગે તેટલો છે.

## ૧૪ અયોગકેવલી ગુણસ્થાન

યોગનો નાશ થતાં જ આ કેવલજ્ઞાની સકલ પરમાત્મા અયોગકેવલી કહેવાય છે, શરીરના ક્ષેત્રમાં રહેવા છતાં પણ તેમના પ્રદેશો (આત્મિક) તો શરીરથી તે સબંધ નથી રહેતો કારણ કે -યોગ કેવલી ગુણસ્થાનના અંતમાં આગોપાગ કર્મના ઉદયનો નાશ થઈ જાય છે. સમસ્ત ઘાતિયાં કર્મોનો ક્ષય થઈ જવાથી તથા અંતે શીઘ્ર વખતમાંજ અઘાતિઆ કર્મોનો નાશ કરવાવાળા હોવાથી તેમને ક્ષાયિક ભાવ થાય છે પરંતુ આ ગુણસ્થાનનુ નામ કહેવામાં યોગ નિમિત્ત છે અર્થાત યોગનો અભાવ છે.

અયોગ કેવલી ગુણસ્થાનમાં ઈર્યાપથ આશ્રવ પણ થતો નથી ૧૨ પ્રકૃતિઓનો ઉદય છે-૧ અવશિષ્ટ [બાકી રહેલી] એક વેદનીયની, ૨; મનુષ્યગતિ, ૩ પંચેન્દ્રિય જાતિ; ૪ સુભગ, ૫ ત્રસ, ૬ બાદર, ૭ પ્રત્યેક, ૮ આદેય ૯ યશકીર્તિ ૧૦ તીર્થંકર પ્રકૃતિ. ૧૧ મનુષ્ય આયુ, ૧૨ ઉચ્ચગોત્ર જેમને તીર્થંકર પ્રકૃતિનો બંધ ન હતો તેમને ૧૧ પ્રકૃતિઓનોજ ઉદય રહે છે

આ ગુણસ્થાનમાં ૮૫ પ્રકૃતિઓની જ સત્તા છે. તથા જેમણે તીર્થકર પ્રકૃતિનો બંધ કર્યો ન હતો તેમને ૮૪ પ્રકૃતિઓની જ સત્તા છે તે પ્રમાણે જેમણે બે આહારક તથા તીર્થંકર પ્રકૃતિ આ ત્રણનો જેણે બંધ કર્યો ન હતો તેમને ૮૨ પ્રકૃતિઓની જ સત્તા રહે છે પરંતું અંતિમ સમયમાં તીર્થંકર પ્રકૃતિ બંધવાવાને ૧૩ તથા બાકીનાને ૧૨ પ્રકૃતિઓની સત્તા રહે છે. જેનો વ્યુચ્છેદ [અભાવ-નાશ] થયા પછી તે સિદ્ધ

પરમેષ્ઠી થઈ જાય છે ઉપર જણાવેલી ૮૫ પ્રકૃતિઓમાંની ૭૨ પ્રકૃતિઓનો સયોગકેવલી ગુણસ્થાનના અંત પહેલાંના [ઉપાન્ત્ય-દ્વિ-ચરમ સમય] ઉપાન્ત્ય સમયમાં નાશ થાય છે. અને બાકી ૧૩ પ્રકૃતિઓનો સયોગકેવલીના અન્ત સમયમાં ક્ષય થાય છે તે પ્રકૃતિઓ આ પ્રકારે છે—

### ઉપાન્ત્ય સમય વ્યુચ્છિન્ન ૭૨ પ્રકૃતિઓ—

શરીર ૫, બંધન ૫, સંસ્થાન ૬, સંહનન ૬ અંગોપાંગ ૩, સ્પર્શ ૮, રસ ૫, ગંધ ૨, વર્ણ ૪, સ્થિર ૧, શુભ ૧, સુસ્વર ૧, દેવગતિ ૧, વિહાયોગતિ ૨, અસ્થિર ૧, અશુભ ૧, દુઃસ્વર ૧, દેવગત્યાનુપૂર્વી ૧, દુર્ભગ ૧ નિર્માણ ૧, અપયશ કીર્તિ ૧ અનાદેય ૧ પ્રત્યેક અપર્યાપ્ત ૧, અગુરૂલઘુ ૧ ઉપઘાત ૧, પરઘાત ૧, ઉચ્છ્વાસ ૧ વેદનીયનું અને ઉદયરૂપ ૧, નીચગોત્ર ૧-

સયોગકેવલીના અંતિમ સમયમાં સત્વવ્યુચ્છિન્ન [સત્તાનો અભાવ નાશ થએલી ૧૩ પ્રકૃતિઓ વેદનીયની ૧, મનુષ્ય ગતિ ૧ પંચેન્દ્રિયજાતિ ૧, સુભગ ૧ ત્રસ ૧ બાદર ૧, પ્રત્યેક ૧, આદેય ૧, યશ કીર્તિ ૧, તીર્થંકર પ્રકૃતિ ૧, મનુષ્ય આયુ ૧ ઉચ્ચ ગોત્ર ૧ અને મનુષ્ય ગત્યાનુપુર્વી

સયોગ કેવલી ભગવાનનું દેહ પ્રમાણ ૩॥ હાથથી પરપ ધનુષ સુધીનું હોઈ શકે છે. આ ગુણસ્થાનમાં જીવ સમાસ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત થાય છે. આમાં વસ્તુત સંજ્ઞીતા છે નહિ, પંચેન્દ્રિય દ્રવ્યની અપેક્ષાથી છે. તથા પર્યાપ્ત તો પહેલાં જ થઈ ગએલા હતા તો પર્યાપ્ત દેહ જ્યાં સુધી રહે છે ત્યાં

સૂધી પર્યાપ્તિ કહેવાય છે.) પર્યાપ્ત ૩, પ્રાણ ૧, આયુ, અપગત સંજ્ઞત્વ, મનુષ્ય ગતિ, પંચેન્દ્રિય, ત્રસકાય અયોગ અપગત વેદત્વ, અકષાય, કેવલજ્ઞાન યથાખ્યાત ચારિત્ર કેવલ દર્શન અલેશ્યા ભવ્યત્વ તથા ક્ષાયિકસમ્યકત્વ થાય છે.

સયોગ કેવલી ન તો સંજ્ઞી છે કે ન તો અસંજ્ઞી છે આહારક છે યુગપત બંને ઉપયોગવાલા છે, સયોગ કેવલી ગુણસ્થાનમાં ધ્યાન પ્રથમ સમયથી અંતસમય સુધી વ્યુપરત ક્રિયા નિવૃતિ શુંકલ ધ્યાન છે આ ધ્યાનનું બીજુ નામ સમુચ્છિન્ન ક્રિયા નિવતિ પણ છે. સમસ્ત મન વચન કાયયોગ શ્વાસોચ્છવાસ નષ્ટ થઈ જવાથી પ્રદેશ પરિસ્પન્દ ક્રિયા સમુચ્છિન્ન અર્થાત વ્યુપરત યાને નિવૃત્ત થઈ જાય છે. આથી આ ધ્યાનનું નામ સમુચ્છિન્ન ક્રિયા નિવર્તિ છે આ ધ્યાનમાં એકાગ્રચિન્તા નિરોધ થતો નથી આ પ્રમાણે ૧૩ મા ગુણસ્થાનમાં થવાવાળા સુક્ષ્મ ક્રિયા પ્રતિપાતિ ધ્યાનમાં પણ એકાગ્રચિન્તા નિરોધ ધ્યાન નથી પરંતુ ધ્યાનનુ કાર્ય નિરોધ થઈ જવાથી ધ્યાન સંજ્ઞા છે તે ઉપચારથી છે.

આ ગુણસ્થાનમાં કોઈ આશ્રવ નથી. ૧૩ ભાવ થાય છે. અયોગ કેવલી ભગવાન અઢી દ્વિપની અંદર જ થાય છે. તેમનુ ક્ષેત્ર સ્પર્શન લોકનો અસંખ્યાતમો ભાગ છે. આ ગુણસ્થાનનો કાલ અંતર્મુહુર્ત છે અથવા હ્રસ્વસ્વરોને ઉતાવળે બોલી જતાં જેટલો સમય લાગે તેટલે કાલ ૫.ને સમય છે.

અયોગ કેવલી એક જીવનો અન્તરકાલ નથી [એટલે સંસારમાં એવો કોઈ વખત નથી કે જ્યારે એક પણ જીવ અયોગ કેવલી ન હોય] જીવ સમૂહની અપેક્ષાએ અન્તર અર્થાત એવો

વખત કે જ્યારે કોઈપણ જીવ અયોગ કેવલી ગુણસ્થાનમાં ન હોય-આ કાલ જઘન્ય (ઓછામાં ઓછો વખત) એક સમય છે અને ઉત્કૃષ્ટ વધુ માં વધુ છ માસ થાય છે.

સયોગ કેવલી ગુણસ્થાનનો કાલ સમાપ્ત થતાં જ અર્થાત વ્યુપરત ક્રિયા નિવર્તિ શુકલ ધ્યાનનો અંત અથવા અવશિષ્ટ સર્વકર્મ ક્ષય થતાં જ પછીથી ગુણસ્થાનાતીત (ગુણસ્થાનને પાર કરી ગયેલા) સિદ્ધ થઈ જાય છે. ૧૪ મા ગુણસ્થાનવાળો જીવ અપ્રમત એક સ્વરૂપ વીતરાગ, કેવલજ્ઞાની અયોગ ક્ષાયિક સમ્યગ્ દ્રષ્ટિ થાય છે આ પ્રમાણે ૧૪મા ગુણસ્થાનનું વર્ણન કરીને હવે પરમ આરાધ્ય, પરમ સાધ્ય સર્વથા નિર્લેપ અવસ્થાને પ્રાપ્ત કરનાર ગુણસ્થાનાતીત સિદ્ધ ભગવાનનું નિરૂપણ કરીએ છીએ

## અતીત ગુણસ્થાન

જેમનાં ગુણસ્થાન પારપમાઈ ગયાં છે તેમને અતીત ગુણસ્થાન કહીએ છીએ સિદ્ધપરમેષ્ઠી ગુણસ્થાનને પાર પામી ગયા છે તેથી તે અતીત ગુણસ્થાન કહેવાય છે તેઓ દ્રવ્યકર્મ, ભાવ કર્મ, નોકર્મથી રહિત અનંત ચતુષ્ટય (અનંત દર્શન, અનંત જ્ઞાન અનંતસુખ અને અનંતવીર્ય) સંપન્ન સૂક્ષ્મ બાધા રહિત અપ્રતિઘાતી હોય છે તેમને દેહ તો છે નહિ પરંતુ જે દેહથી તેઓ મુકત થયા તે દેહનો કંઈક ઓછા પ્રમાણમાં આત્માના પ્રદેશ છે.

અવશિષ્ટ કર્મોથી મુકત થતાં જ આ પરમાત્મા અનંતર (અંતર [illegible] વાય ના થોડા સમયમાં એટલે તરતજ) સમયમાં લોકના અંત ભાગમાં પહોંચી જાય છે વચમાં એક સમયનો વખત પણ લાગતો નથી જે સ્થાને તેઓ મુકત થયા છે તે

તે સ્થાનની સીધમાં ઉપર લોક શિખર ઉપર બિરાજમાન રહે છે તે અત્યંત નિષ્પ્રકંપ (કંપાયમાન થયાવગર) સર્વજ્ઞ, સર્વદર્શી અનંતસુખી અને અનંત શકિતમય થાય છે આ લોકની ઉપર ૩ વાત વલય પવનનાં પડ યાને વાતાવરણ છે

૧ ઘનોદધિવાતવલય, ૨ ઘનવાતવલય ૩ તનુ વાત વલય ઘનોદધિવાત વલય-૨ કોશ ગાઉ મોટો છે ઘનવાતવલય એક કોશ (૧ ગાઉ) મોટો છે તનુવાતવલય ૧૫૭૫ ધનુષપ્રમાણ મોટો છે આ તનુવાત વલય ઉપર જણાવેલાં બંને વલયોની ઉપર છે આ મોટાઈ પ્રમાણ ગુણની અપેક્ષાએ છે વ્યવહાર ગણની અપેક્ષા ૧૫૭૫ ×૫૦૦=૭૮૭૫૦૦ ધનુષ પ્રમાણ મોટાઈ છે આવડા મોટા તનુવાતવલયમાં બિલકુલ ઉપર ૩॥ હાથ ઉંચાઈમાં જઘન્ય અવગાહના વાળા (નાના માનના) પ્રમાણ વાળા સિદ્ધ છે અને ૫૨૫ ધનુષ્ય ઉંચાઈમાં ઉત્કૃષ્ટ અવગાહના વાળા છે

જે અયોગકેવલી જે આસનમાં કર્મોથી મુક્ત થયા છે તેજ આસનમાં આકારમાં સિદ્ધ લોકમાં બિરાજમાન થઈ જાય છે અતીત ગુણસ્થાનમાં પરમાત્મા અતીત જીવ સમાસ અતીત પર્યાપ્તિ અતીતપ્રાણ અપગતસંજ્ઞા ગતિરહિત અનીતેન્દ્રિય અકાય, અયોગ, અપગત વેદ, અકષાય, કેવલજ્ઞાની, સંયમ, અસંયમ, સંયમાસંયમ આ ત્રણથી રહિત, કેવલદર્શની અલેશ્યા ભવ્યત્વ, અભવ્યત્વ આ બંનેથી રહિત, ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ, સંજ્ઞી તથા અસંજ્ઞી આ બંનેથી રહિત, અનાહારક, યુગપત (એકસાથે બં પ્રકારના ઉપયોગ વાળા અતીતધ્યાન તથા નિરાસ્રવ થાય છે)

અતીત ગુણસ્થાનમાં ભાવ ક્ષાયક ૯ તથા જીવત્વ આ થાય છે પરંતુ અભેદ વિવક્ષામાં ક્ષાયિકવીર્યમાં બાકી ૪ લબ્ધિઓ

તથા ક્ષાયિક સમ્યકત્વમાં ચારિત્રનો અંતર્ભાવ છે આથી પાંચ ભાવ પ્રસિદ્ધ છે સિદ્ધક્ષેત્ર મનુષ્યલોક પ્રમાણ ૪૫ લાખ યોજન પ્રમાણ મનુષ્ય લોકની સીધમાં લોકના અંતભાગમાં છે કારણ કે આત્મા મનુષ્ય લોકથી જ અતીત ગુણસ્થાન થાય છે લવણસમૂદ્રથી સિદ્ધ થવાવાળા જીવોની સંખ્યાસૌથી ઓછી છે તો પણ તે સંખ્યા અનંત છે, તેનાથી સંખ્યાત ગણી સંખ્યા માં સિદ્ધ કાલોદધિ સમુદ્રથી થયા તેનાથી સંખ્યાતગણી સંખ્યા માં સિદ્ધ જંબુદ્વિપમાંથી થયા તેનાથી સંખ્યાતગણા સિદ્ધ ઘાતકી ખંડમાંથી થયા તેનાથી સંખ્યાતગણા સિદ્ધ પુષ્કરાર્દ્ધા દ્વિપમાંથી થયા છે તિર્યંચગતિ પછી મનુષ્ય થઇને મુક્ત થવાવાળા આથી ઓછા છે તો પણ તે અનંત છે તેનાથી સંખ્યાત ગણા સિદ્ધ મનુષ્યગતિ પછી મનુષ્ય થઇને થયા છે તેનાથી સંખ્યાત ગણા સિદ્ધ નરકગતિ પછી મનુષ્ય થઇને થયા છે તેનાથી સંખ્યાત ગણા દેવગતિ પછી મનુષ્ય થઇને મુકત થયા છે.

મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાન બંને જ્ઞાન ધારણ કરનાર સાધુ કેવલી થઈને મોક્ષ ગયા છે, તે સૌથી ઓછા છે, તો પણ અનંત છે તેનાથી સંખ્યાત ગણા મતિ શ્રુત, અવધિ મનઃપર્યય આ ચાર જ્ઞાન ધારણ કરીને કેવલી થઇને મોક્ષ ગયા તેનાથી સંખ્યાત ગણા મતિ, શ્રુત અવધિ આ ત્રણ જ્ઞાન ધારી સાધુ કેવલી થઈને મોક્ષ ગયા છે

આ સિદ્ધ અવસ્થા સર્વથા અત્યંત નિર્મલ પૂર્ણ સુખની પવિત્ર અવસ્થા છે, જ્ઞાની આત્માઓની અંતિમ પુર્ણવિશ્રામની અવસ્થા આ જ છે આની પ્રાપ્તિ આત્મ સ્થિરતાથી થાય છે આત્મ સ્થિરતા સમ્યગ્દર્શનના અનુભવથી થાય છે સમ્યગ્દર્શન આત્મ સ્વભાવના પરિચય પ્રગટ થાય છે. આત્મસ્વભાવ આત્માની

પર્યાયોમાં સમાયેલો છે જેના પરિણામો અનંત થતા બદલ્યા જાય છે તો પણ તેમાં સ્વભાવ એક છે જે પરિણમતો ચાલ્યો જાય છે આ આત્મસ્વભાવનો પરિચય તત્વોને ભૂતાર્થ નયથી જાણવાથી થાય છે, આ પુસ્તકમાં પર્યાયોનું પરિજ્ઞાન કરવામાં આવ્યું છે જે ગુણની તે પર્યાય છે તે ગુણને મુખ્ય કરીને પર્યાયોને ગુણમાં લીન કરવાં તથા ગુણોને ગુણોના અભિન્ન આધારરૂપ અભેદ આત્મ દ્રવ્યને લક્ષ્ય કરીને તેમાં વીલીન કરવા તેજ પુરૂષાર્થ છે આ ઉપાય પછી આ અંતર્-આત્મા નિર્વિકલ્પ થઈને આત્મસ્વભાવને કારણરૂપે ઉપાદાન કરીને સ્વયં પરિણમતા કેવલજ્ઞાનમય ઉપયોગથી પરિણમન કરીને અનંત સુખી થશે

આ જીવનમાં સમ્યગ્જ્ઞાન [પ્રાપ્ત કરવાનો] પ્રયત્ન કરવો તે સૌથી વ્યવસાય છે સર્વ જ્ઞાતા (જ્ઞાની) આત્મા એ એ સંસાર દેહભોગથી વિરક્ત થઈને આત્મામાં સ્થિતથવા માટે જ્ઞાતા તથા દ્રષ્ટા બની રહેવાં માટે પુરૂષાર્થ કરવો જોઈએ

અધ્યાત્મ યોગી ન્યાયતીર્થ પુજ્ય શ્રી મનોહરજીવર્ણી

'સહજાનંદ' મહરાજ

દ્વારા પ્રણીત

"ગુણસ્થાન દર્પણ સમાપ્ત"

## ગુણસ્થાન દર્પણના રચયિતા અધ્યાત્મયોગી ન્યાય તીર્થ પૂજ્ય મનોહરજી વર્ણી 'શ્રીમત્સહજાનંદ' મહારાજની

## સ્વઆત્માની વાતચિત

હે આ આત્મા, તું કોણ છું, વિચાર? જ્ઞાન મય પદાર્થ તારો, આ દૃશ્ય [પદાર્થો] ની સાથે કોઇ યથાર્થ સબંધ છે? નહિ, નહિ કોઇપણ સબંધ નથી. કેમ નથી? કારણ કોઈ કોઈનું કંઇ પણ પરિણમન કરી શકતું નથી હું જ્ઞાનમય આત્મા છું સ્વયં છું તેથી અનાદિથી છું હું કોઇ દિવસ ઉત્પન્ન થયાં હોઉં અને પહેલાં ન હતો એ વત નથાં ન હતો તો પછી હોઈ પણ શકતો નથી.

હવે ધ્યાન આપ આ નર જન્મ પહેલાં તું હતો જ. શું હતો? અનંત કાલ તો નિગોદિયા એકેન્દ્રિય જીવમાં ત્યાં તને શું વીત્યું? એક સેકન્ડમાં ૨૩ વખત પેદા થયો અને મર્યો જીભ, નાક, આંખ, કાન, મન તો હતું જ નહિ ફકત શરીર હતું જ્ઞાનની દૃષ્ટિથી જુઓ તો તુ જડ રહયો, મહાસંકલેશ તારી તેવી બુરી દશા જેવી બીજી કોઇ બુરી દશા નહિ સુયોગ પ્રાપ્ત થયો ત્યારે તુ તે દુર્દશામાંથી બહાર નિકળ્યો

પૃથ્વી થયો તો તેને ખોદવામાં આવી તેમાં તું ખોદાઇ ગયો કુટાઇ ગયો માર્યો ગયો અને સુરંગથી ફોડાઇ ગયો જળકણ તું થયો ત્યારે ઉકાળવામાં આવ્યો ઢોળી દેવામાં આવ્યો ગરમ આગ ઉપર નાખવામાં આવ્યો અગ્નિ થયો ત્યારે પાણીથી. રાખથી, ધુળથી બુઝાવી દેવામાં આવ્યો દાટી દેવામાં આવ્યો. વાયુ થયો ત્યારે પંખાથી વિજળીઓથી માર્યો ગયો રબર આદિમાં પુરવામાં આવ્યો.

જ્યારે તું ઝાડ, ફળ, પાન થયો ત્યારે તને કાપવામાં આવ્યો

છેદવામા આવ્યો શેકવામાં આવ્યો શુકવવામાં આવ્યો તું કીડા પણ બન્યો અને માખ, વિંછી વિગેરે પણ બન્યો બતાવ કોણ ત્યારે તારૂ રક્ષણ કરી શક્યું ? રક્ષણ તો દૂર રહ્યું પણ દવાઓ નાખી-નાખી [છાં‍ી-છાંટીને] મારી નાખવામાં આવ્યો પત્થરોથી, જોડાઓથી ખરી ઓથી દબાઇ ગયો અને માર્યો ગયો શુકર [ડુકકર] ને ફરતાં-ફરતાં છરી ખોસાંને મારી નાખવામાં આવે છે. અને કંઇકને તો જીવતાંજ આગમાં શેકે છે

આ બીજા કોઇની કથા નથી તારી છે આ દશા કેમ થઇ ! મોહ વધાર્યો, કષાયો કર્યા ખાવા પીવાના વિષયોની ધુન રહી જાત જાતનાં કર્મ બાંધ્યાં, મિથ્યાત્વ અન્યાય, અભક્ષ્મ સેવન કર્યા ઘણી કઠણાઇથી મહ મુશ્કેલીથી આ મનુષ્ય જન્મ મળ્યો ત્યારે અહિં મોહરાગ દ્વેષ, વિષય કષાયની વાત રહી [એટલે આ વિષયોમાં તું ફસાઈ રહ્યો] એટલે તું મનુષ્ય જન્મ્યો ન જન્મ્યા બરાબર થયું.

કદી એવું પણ બન્યું કે તે દેવ ચક્રને અથવા રાજા સમ્રાટ, ધન પતિ બનીને સંપદા પ્રાપ્ત કરી પરંતુ તો આ બધી સંપદાઓતો અ સાર હતી અને ક્લેશ ઉત્પન્ન કરનાર કારણ હતી એટલું હોવા છતાં પણ તેને છોડીને મરવું પડયું તો હવે તે શુ મેળવ્યું ? કંઈ નહિ જેમાં કંઇ નથી તેમાં વ્યર્થ લાલસા રાખીને તું કમ તારી પોતાની બધી હાનિ કરી રહ્યો છું ? હે આત્મ, તુ સ્વભાવથી જ્ઞાનમય છું પ્રભુ છું સ્વતંત્ર છું શુધ્ધ પરમાત્માની જાતનો છું શું કરી રહયે છું ઊઠ, ચાલ, તારા સ્વરૂપમાં રમણ કર તુ એકલો છું તું એકલોજ પુણ્ય પાપ કરૂં છું અને એકલોજ પુણ્ય અને પાપને ભોગવું છું તુ એકલો જ શુધ્ધ સ્વરૂપની ભાવના કરૂં તું એકલો જ મૂકત થઇ જઇશ

દેખ, ચેત, પર તો પરજ છે પર [દ્રવ્ય] માં નિજ બુદ્ધિ[હું છું મારૂં છે] કરવી તેજ દુઃખ છે પોતાના આત્મ સ્વરૂપમાં આત્મબુદ્ધિ કરવી તે સુખ છે પરમ અમૃત છે. તે [આત્મા] તો તું પોતે જ છે પારકી આશ છોડી દે નિજ સ્વરૂપમાં મગ્ન રહેવાની ધુન રાખ વિચાર તો ખરો આનો વિચાર કર પરમાત્મસ્વરૂપ તેની ભક્તિમાં રહે જો તું લોકનો વિચાર કર તો તેમ નું જે રીતે હિત થાય તે રીતે વિચાર કરજે

બોલ-આ બોલ શુદ્ધ આત્માના ગુણગાન આની સ્તુતિમાં રહે એટલે આ ગુણગાનની સ્તુતિ કર્યા કર જો તું લોકોની સાથે બોલે તો હિત મિત અને પ્રિય વચન બોલજે જો કંઇ [કાર્ય] કરૂ તો એવું [કાર્ય] કરજે કે જેમાં કોઈપણ પ્રાણીનું અહિત ન થાય કે તેનો ઘાત ન થાય તારી પોતાની ચર્યા [દૈનિકવર્તન] ધાર્મિક બનાવ

તું શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છું સહજભાવનો અનુભવ કર ૐ શુદ્ધ ચિદસ્મિ નો જાપ વારંવાર જપ્યા જા

॥ शिवमस्तु ॥

'સહજાનંદ' સાહિત્ય મેરઠથી અગર મુઝફ્ફરનગર થી મંગાવો વાંચી-વિચારી આત્મલાભ મેળવો.

તેજ કરવા જેવું છે. મોડું કર્યું તેટલી ખોટ ઉઠો, જાગો

# આત્મ કીર્તન
## ( પૂ. મનોહરલાલ જીવર્ણી વિરચિત )

હું સ્વતંત્ર નિશ્ચલ નિષ્કામ, જ્ઞાતા દ્રષ્ટા આતમરામ
મૈં વહ હું જો હૈ ભગવાન જો મૈં હુ વહ હૈ ભગવાન
અંતર યહી ઉપરી જાન, વે વિરાગ યહ રાગ વિતાન
મમ સ્વરૂપ હૈ સિધ્ધસમાન અમિત શક્તિ સુખ જ્ઞાન નિધાન
કિન્તુ આશાવશ ખોયાજ્ઞાન બના ભિખારી નિપટ અજાન
સુખઃદુખ દાતા કોઇ ન આન મોહરાગ સબ દૂખ કી ખાન
નિજકો નિજ પરકો પરજાન ફિર દુઃખકા નહિ લેશ નિદાન
જિન શિવ ઇશ્વર બ્રહ્મારામ વિષ્ણુ બુધ્ધ હરિ જિસકે નામ
રાગ ત્યાગ પહુંચું નિજધામ આકુલ તાંકા ફિર કયા કામ
હોતા સ્વયં જગત પરિણામ મૈં જગકા કરતા કયા કામ
દુર હટો પરકૃત પરિણામ "સહજાનંદ" રહું અભિરામ

---

આ પદ્ય શાસ્ત્રસભાની શરૂમાં કે અંતમાં ગાવું. જાપ, સામાયિક કે પ્રતિક્રમણ વખતે ગાઇ શકાય પાઠશાળા કે વિદ્યાલયમાં શિક્ષણકાર્યે શરૂ કરતાં ગવાય. કોઇ વિપતિમાં, શાંતિમાટે, સમૂહ પ્રાર્થના તરીકે ગાઈ શકાય.

—: પ્રકાશક :—
મંત્રી અને કમિટિના સભ્યો
ગુજરાત પ્રાંતિય સહજાનંદ સાહિત્ય મંદિર
રાજેન્દ્ર ભવન, દેસાઈની પોળ. ખાડિયા અમદાવાદ

મુદ્રક :- એમ. એ.
મુદ્રણ સ્થાન - ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ,
જુના બજાર. હિંમતનગર.